રાષ્ટ્રિય ધર્મમાં જૈનોનો ફાળો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૨૮ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ સુદી ૧૨. તા૦ ૭-૭-૩૦ | છુટક નકલ: ૦ાા આનો. |

## મહાત્માજી "સંત શિરોમણી" કહી શકાય ખરા કે ?

### વીરશાસન અંતરના ઉભરા ઠાલવી રાષ્ટ્ર-યજ્ઞમાં પોતાનો ફાળો [?] આપે છે.

પૃથ્વીની સપાટી પર એવા અનેક મનુષ્યો વસતા હશે કે જેઓને કોઇ પણ મહાન વ્યક્તિને ઉતારી પાડવાનું અને કોઇ પણ આદર્શ કાર્ય સામે ગંદુ પાણી ઉડાડવાની સ્વભાવિક રીતેજ બુરી આદત પડી હોય. પરંતુ તેમના એ ગંદા પ્રચાર કાર્યથી દુનિયાના દૈવાંશી પુરૂષોને કે તેમના કાર્યને કંઇજ નુકશાન નથી પહોંચતું. ઊલટું એથી તો પોતેજ સારીએ દુનિયાની દ્રષ્ટિએ હાંસીને પાત્ર બની બેસે છે.

જૈન સમાજમાં પણ આવા મુડીભર (?) મહાશયો પોતાની હયાતી ભોગવી રહ્યા છે. અને કોઇ પણ ઉચ્ચ ગણાતી વ્યક્તિને નીચે કેમ પાડવી એજ તેમના જીવનભરનો અચળ સિદ્ધાંત હોય છે. વાંચક અમદાવાદથી પ્રસિદ્ધ થતું "વીરશાસન" પત્રનો તા. ૨૧મી જુનનો અંક જુવે ! અને લખનારની તુચ્છ મનોદશા માપે !

પૂજ્ય ગાંધીજીબાપુ કે જેમના દુબળા શરીરને નિરખવા દેશના એક છેડાથી બીજા છેડા લગી તેમના પગલે પગલે અસંખ્ય માનવ મેદની ઉભરાય છે, જેમના દૈવાંશી પ્રભાવને લઇને આજે એજ મહાત્માના નામપર પરદેશમાં પણ અભિમાન લેવાય છે, તેત્રીસ કોટી દીનબંધુઓની દાઝ જેમના શરીરની નસેનસમાં વહી રહી છે, જેમણે પોતાનું આખુંએ જીવન રાષ્ટ્રને ચરણે ધર્યું છે અને સાથે સાથે દેશભરના યુવાનોમાં જાગૃતીના પુર આણી દેશદાઝ હૈડે વસાવી છે, સત્ય અને અહિંસા જેમણે પરમ ધર્મ તરીકે સ્વીકાર્યો છે." મારવાનો નહિ પરંતુ મરવાનો જેમણે દેશને અણમુલો પાઠ પઢાવ્યો છે. અને ભારતની આઝાદીની ખાતર જેમણે બળવાન સરકાર સામે પણ અહિંસાત્મક રીતે સામનો કરવા પ્રજાને મયદાને જંગમાં ઉતારી છે, તેવા નરમણી, ભારત રત્ન, સર્વ શ્રેષ્ઠ, વંદનીય પુરૂષ મહાત્માજીને જૈન સમાજના અગ્રગણ્ય લેખક મોતીચંદ સોલીસીટર "સંત શિરોમણી" લખે તે અમારા જૈન સમાજના જાણીતા પત્ર વીરશાસનને આંખમાં કણાની માફક ખુંચી રહ્યું છે. વાંચક જોઇ લે અમારા આ વીરશાસનના લેખકની હલકી મનોદશા–અને તુચ્છ વૈવલાપણું, અને આ તેમનો રાષ્ટ્રયજ્ઞમાં ફાળો. દેશદ્રોહીનો આથી બીજો કયો પુરાવો હોઇ શકે ?

લેખક મહાશય, એમ તો માની લેવાની ભૂલ નજ કરે કે "સંત શિરોમણી" શબ્દ પરમાત્માના ઘેરથી કોઇ પણ વ્યકતીએ રીઝર્વ કરાવ્યો હોય. મનુષ્ય જેમ જેમ ઉચ્ચ શ્રેણીએ ચડતો જાય, હૃદય શુધ્ધ અને પવિત્ર બને, નિસ્વાર્થ પ્રેમ આવી વસે, એકની નહિં પરંતુ અનેકની દાઝ જેના દિલમાં ડંખે ત્યારે તેની એ ઉચ્ચ ભાવના અંધકારમાં નજ રહે ! જગતના મહાન પુરૂષોને દુનીયા પિછાની શકે છે–જનતા તેના ઉચ્ચ કાર્યો નિહાળી શકે છે. જગતના મહાન પુરૂષોને માન–પાન આપોઆપ મળી આવે છે. પુજ્ય ગાંધીજીને પણ પોતાની માન–પ્રતિષ્ઠા વધારવા માટે પોતાના અંધ ભકતોને ઉશ્કેરવા નથી પડતા. અને એવા અંધ ભકતોને સ્થાન પણ નથીજ ! એ દાંભીકતાનો ડોળ કે મુર્ખતા ત્યાં ન નભે.

જ્યારે સારાએ દેશની સમક્ષ–દેશના યુવાનોની સમક્ષ ભારતની આઝાદીનો પ્રશ્ન આવી ઉભો છે. દેશભરના યુવાનોએ સળગતા પ્રશ્નોનો ઉકેલ લાવવા ગાંધીજીની સરદારી નીચે એકત્ર થાય છે, હજારો બલ્કે લાખો દેશબંધુઓ જેલમાં ભોગવવા પડતા અસહ્ય દુઃખોને સુખ માની જેલ મહેલની મજા લુંટી રહ્યા છે, ફુલ શય્યામાં પોઢતા લક્ષ્મીપુત્રો જ્યારે બંદુકની ગોળી અને લાઠીપ્રહારને ફુલ માની વધાવી ભારતની આઝાદીના ઇતિહાસમાં પોતાના નામ સુવર્ણાક્ષરે લખાવી રહ્યા છે, ત્યારે ભારતમાતાનો એવો કયો કપુત સંતાન હશે કે જે ભારતનાં ઉજ્વળ ઇતિહાસમાં પોતાનું નામ કુળાંગાર તરીકે કાળી શાહીથી લખાવશે ?

હિંસાત્મક પ્રવૃત્તિ સામે મંડાએલ અહિંસાત્મક યુધ્ધને ધર્મયુધ્ધ કહેવામાં આવે તે પણ વીરશાસનના પક્ષપાતી વલણમાં ખેંચાયેલા લેખક મહાશયને ઠીક નથી લાગ્યું.

જ્યારે આખાએ દેશના યુવાનો ગુલામીરાજ્યતંત્રને નીચે ચુંદાતી–રીબાતી ગરીબ હિન્દી પ્રજાના છુટકારાની ખાતર પોતાનો યત્કીંચીત ફાળો સમર્પણ કરી રહ્યા છે ત્યારે આવાં નિર્જીવ પ્રશ્નો ચર્ચવા તે કેટલું શોભાસ્પદ કે બહાદુરીભર્યું છે તે તો લખનાર પોતેજ સમજી લે.

વર્તમાન પરિસ્થીતીમાં પોતાની ભાગીદારી નોંધાવી શકવા જેટલી ઉદારતા ન હોય તો ભલે એ (!) કૃપણતા તેમને મુબારક હો ! પરંતુ આવા બીનઉપયોગી પ્રશ્નો માટે કોલમો ભરી ઉહાપોહ કરી મુર્ખાઇનું પ્રદર્શન ગોઠવવું તેના કરતાં તો ઘેર બેઠે મુંગા બેસવું તેજ વધુ શ્રેયસ્કર છે.

રાષ્ટ્ર પ્રેમી જૈન યુવક.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# રાષ્ટ્રિય ધર્મમાં જૈનોનો ફાળો.

રાષ્ટ્રિય મહાસભાએ આજના યુગાવતાર પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીની સરસુખત્યારી નીચે શરૂ કરેલ ધર્મયુદ્ધને લગભગ આજે ચાર માસ થાય છે પ્રજાએ અને સરકારે પણ નહિં કલ્પેલું હોય તેટલી હદે દેશની કુચ આગળ વધી છે. આજે સામાજીક આર્થિક રાજકિય અને ધાર્મિક ઝઘડાઓ લગભગ શમી ગયા છે. આબાલ, વૃદ્ધ, સ્ત્રી, બાળકો સહુ જ્યાં જુઓ ત્યાં આઝાદીના માર્ગે આગળ ધપે છે. ભગવાન્ શ્રી મહાવીર દેવ અને બુદ્ધના મહાભિનિષ્ક્રમણ પછી પચ્ચીસો વર્ષ વિત્યા બાદ ફરી કર્તવ્યનો, આત્મશુદ્ધિનો, ત્યાગ, સંયમ, શાન્તિ, અહિંસા અને તપનો યુગ ફરી એકવાર બેઠો છે. સાચેજ આ યુગમાં જન્મ લેનાર મનુષ્ય ભાગ્યશાળી માણસ છે. શાસ્ત્રોમાં અને ધર્મગ્રંથોમાં જે આદર્શો સાંભળ્યા હતાં, જોયા હતાં, જે મનોરથો રચ્યાં હતાં. જે સ્વપ્નાઓ કલ્પ્યાં હતાં તેને સિદ્ધ કરવાનો સુરમ્ય અને સુંદર સમય આવી લાગ્યો છે. અહિંસા અને શાન્તિના અધિદેવ. સત્ય અને નિતીના યુગદ્રષ્ટા મહાત્મા ગાંધીજીએ આજે દિશાઓ ખુલ્લી કરી છે. આંખ ઉઘાડી છે. આવા વિકાસના અનુપમ યુગમાં જૈનો પાછળ રહી જાય તો દયા, શાન્તિ, સત્ય અને જૈનત્વ લાજે. અમને આશા અને શ્રદ્ધા છે કે આઝાદીના આ ધર્મયુદ્ધમાં જૈનો હિન્દુસ્થાનની સર્વ પ્રજાઓની આડોઆડ ઉભા રહી પોતાનો ફાળો નોંધાવશે. આજે સેંકડો સેવાભાવી જૈન નવયુવાનો જેલના સળીયાઓ પાછળ પુરાયા છે. જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ) એ પણ વિદેશી વસ્ત્ર બહિષ્કાર અને સ્વદેશી પ્રચારનું સ્તુત્ય કામ ઉપાડી લીધું છે. એણે મુંબઈ મુકામે યોજેલી ગઈ તા૦ ૨૬-૬-૩૦ અને ૪-૭-૩૦ ની સભાઓમાં અને તા૦ ૪-૭-૩૦ ની સ્ત્રીઓની સભામાં જે સુંદર જવાબ મળ્યો છે; જે હજારોની હાજરી જોવાઈ છે તે જોયા પછી કોઈ પણ જૈન મગરૂર થયા વિના નહિં રહે. જૈન શ્વેતાંબર મહાસભાની અખીલ ભારતવર્ષમાં તમામ શ્વેતાંબર જૈનો પર જે લાગવગ, પ્રભાવ, કાબુ અને અસર છે તેનું પરિણામ સ્વદેશી પ્રચારમાં સુંદર આવશે એમાં શક નથી. કલકત્તાના બાબુશ્રી પદ્મરાજ જૈનીના સોળ વર્ષની કન્યા કુમારી ઇંદુમતિ જેલના સળીયા પાછળ પુરાયા પછી જૈનત્વ ઓર ઉજ્જવળ બન્યું છે. સૌ. સુલભાબ્હેન મકનજી મહેતા, સૌ. મોંઘીબ્હેન સૌ. મીઠીબ્હેન જીવરાજ મેતા, કુમારી મૃદુલાબ્હેન અંબાલાલ વિગેરે મુંબઈ, અમદાવાદ અને બીજા સ્થળોની સન્નારીઓનો પણ રાષ્ટ્ર સેવામાં જે સુંદર ફાળો નોંધાયો છે તે જૈનત્વને દીપાવનાર છે; પણ જૈનત્વનો ભૂતકાળ તો એથીએ અનુપમ અને ઉજ્જવળ છે એમાંથી એને પ્રાણ અને પ્રેરણા મળે છે. જૈનોનો સામાજીક, રાજકીય અને ધાર્મિક પ્રભાવ અભિન્ન છે. પરસ્પરે અવિરોધક છે; અને તેથીજ જૈનોનો ઝળકાટ ઇતિહાસમાં અતોપે છે. શસ્ત્રો સજતો જૈન યુદ્ધમાં હુંકારતો ગાજતો અને ગર્વથી ઉછળતો જૈન બીજી ઘડીએ સામાયિક અને પૌષધમાં પરમ સમતા અને શાન્તિનો સાધક જોવાય છે; અને એજ જૈન ત્રીજી ઘડીએ વ્યાયામ અને મલ્લોના અખાડામાં, ધરણી ધ્રુજાવતો જોવાય છે અને એમ જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં કાર્યોમાં પ્રવૃત્તિઓમાં મોખરે ઉભો જોવાય છે એ જૈનોના પૂર્વજોનો પ્રભાવક અને પ્રોત્સાહક ઇતિહાસ છે. એ અભૂતપૂર્વ ઇતિહાસનો વારસદાર આજનો જૈન જગતે ન અનુભવેલ, ન જોયેલ, ન કલ્પેલ ધર્મયુદ્ધમાં પળનોએ વિલંબ કર્યા વિના ઝુકાવી દે એમાં અચરજ શું છે? પણ આજે તો ભૂતકાળના ગૌરવ, ખ્યાતિ અને નામનાને બેવડાવવાનો સમય આવી પહોંચ્યો છે. જૈનો જીવનના દરેક ક્ષેત્રમાં પહેલાંની જેમ આજે પણ આગેવાન છે, ધર્મયુદ્ધને દબાવી દેવા આઝાદીના અભીલાષને કચડી નાંખવા હિંદની નોકરશાહીએ શરૂ કરેલ દમનનિતીના વિરોધમાં આજનો જૈન પોતાનો સર્વ સરકારી સહકાર ખેંચી લેવા સ્વતંત્ર છે. આજે એ તંત્રને મદદ કરતી એકે એક પાઈ પળનો પણ વિલંબ કર્યા વિના અટકાવવાની અધિનતા ધરાવે છે. વ્યાપારી જૈન ખાદીનો ને સ્વદેશીનો વ્યાપાર કરે બેન્કો, વિમા, વહાણવટા અને એમ દરેક વ્યાપારી ક્ષેત્રમાં સરકારને મળતી સહાય અટકાવે. ખિતાબધારી જૈન ખિતાબને પાપ માની છોડે, ખેડુત જૈન, પાકેર માલ પણ ઇંગ્લંડ ન મોકલાવે, ન એનો ખરીદે. કોલેજીયન જૈન કમતાકાતના એ કારખાનાનો ત્યાગ કરે અને દરેકે દરેક જૈન પુરૂષ સ્ત્રી કે બાળક પરદેશી વસ્ત્રને પાપ માને. હરામ સમજે અને ઝેરી સાપ સમજી છોડે. બ્રિટિશ માલને સડેલો કોહવાયેલો મેલ માની ત્યજે આટલું જે ન કરે તે જૈન તો નથીજ પણ આર્ય હિંદી પણ નથી. અમારી ઉમેદ અને વિશ્વાસ છે કે કુમારી ઇંદુમતિ અને સેંકડો જૈન નવયુવાનોનો સાચો ત્યાગ જોયા પછી એની કુરબાની નિરખ્યા પછી કોઈપણ જૈન આજે દેશની આઝાદીને અપનાવ્યા વિના નહિં રહે. મહાત્માજીના પ્રકાશથી અંજાતા, અકળાતા, મુંઝાતા અને ભાન ભુલતા કોઈ "શાસ્ત્રધુરંધરો ધર્મધુરંધરો" અને કહેવાતા શાસનના સડેલા થાંભલાઓના વાણીજાળ ભ્રામક ખ્યાલ અને એના પ્રપંચોને નવ ગજના નમસ્કાર કરે અને એના પાપનું પરીણામ ભોગવવા માટે એને છુટા છોડે ઇતિહાસના નિર્ણય પર વિશ્વાસ મુકે અને જંગે આઝાદીમાં ઝુકાવે.

## શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ ઉપર આવેલ પત્ર.

### જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના ચાલુ લડતના અંગે ઉદ્ગારો.

"જે જે ભાગ્યવાનો પોતાનો ધર્મ સમજીને અહિંસામય શ્રી મહાવીર દેવના ધર્મની જાહોજલાલી કરવા ચાલુ લડતમાં ગયા છે. અને પ્રેમથી, શાન્તિથી, ધીરજથી કષ્ટો સહન કરી મારની પ્રસાદી ચાખી દેશની આઝાદીને વાસ્તે જેલમાં ગયા છે તેઓએ આ અસાર સંસારમાં પોતાનું નામ અમર કરી દીધું છે. જેલમાં ગએલ ભાગ્યવાનોને, વીર યુવકોને અને દેશના ઉન્નતીમાં જોડાનાર પુણ્યવાનોને ભુરીભુરી ધન્યવાદ સાથે ધર્મ લાભાશીર્વાદ છે.

જૈન સ્વયંસેવક મંડળ મુંબઈ, આ લડતમાં જે ફાળો આપી રહ્યું છે. દેશ અને ધર્મની જે સેવા બજાવી રહ્યું છે એ જોઈને કહેવું પડે છે કે મંડળે સમય ધર્મ બરાબર ઓળખ્યો છે એટલુંજ નહિ પરંતુ જીવનની નસેનસમાં ઉતાર્યો છે.

મગજનો કાબુ ન ગુમાવતાં. સંયમ ન છોડતાં નીડરપણું પરમાત્માનું પવિત્ર નામ સ્મરણ કરતાં દેશની સેવામાં પ્રત્યેક સમયે તૈયાર રહેજો. પતિત થયા તો દુનીયામાં ઉભા રહેવાનું સ્થાન નહિ મળે.

પુના. વલ્લભવિજય.

## બહેનોને.

બહેનો,

ભારતવર્ષની આઝાદી માટે હજારો યુવકો જેલમાં છે, હજારો નિઃશસ્ત્ર યુવકો અને યુવતીઓ ઉપર લાઠીઓથી હુમલા કરવામાં આવ્યા છે, અનેક દેવીઓના ચોટલા પકડી પછાડવામાં આવી છે, ગર્ભવતી બહેનોને લાઠીઓથી અને લાતોથી મારવામાં આવે છે, બાળકોને લાઠીથી અને છુરાથી મારી નાખવામાં આવ્યા છે, એટલે નોકરશાહી કાયદાના નામે ઘાતકી કેર વર્તાવી રહી છે છતાં આજે સમગ્ર દેશ આઝાદીના ધર્મયુદ્ધમાં ઉતરી ચુક્યો છે. આ કટોકટીના વખતે બહેનો ! તમે જોયા કરશો ? કે પેલાં રંગી બેરંગી પરદેશી કપડાં પહેરશો ? ભલે કદાચ નબળાઈથી સેવીકાસંઘમાં ન જોડાઈ શકો, પણ પરદેશી કપડાં પહેરવાં તો જરૂર છોડી શકો છો.

તમે જે પરદેશી કપડાં પહેરો છો તે પહેરવાથી દેશને, ધર્મને, તમારી જાતને કેટલું નુકશાન છે અને શુદ્ધ ખાદી પહેરવાથી કેટલો લાભ છે તેનો તમે શાન્તિપૂર્વક વિચાર કરશો તો તમને સહેજે સમજી શકાશે.

પરદેશી કાપડ ખરીદ કરવાથી દેશમાંથી સાઠ કરોડ રૂપીઆ પરદેશ ઘસડાઈ જાય છે. જે દેશની માથા દીઠ એક આનો ને સાત પાઈની આવક હોય તે દેશમાંથી ફક્ત કાપડ પાછળજ સાઠ કરોડ પરદેશ ઘસડાઈ જવાથી સોનાની ટેકરી સમો આપણો દેશ કંગાળ બન્યો છે. અને એ કંગાલીયત દશાએ તો એટલી હદ વાળી છે કે કરોડો ભાઈ બ્હેનોને પેટનો ખાડો પુરવા એક ટાણું પણ ખાવા મળતું નથી, શરીર ઢાંકવા લુગડા મળતાં નથી, આવી દયાભણી સ્થિતિમાં કોઈ કલંકિત ધંધે વળગે છે, કોઈ આપઘાત કરે છે, કોઈ વસ્ત્રના અભાવે વર્ષમાં એક વાર નાહી પણ શકતા નથી, હવે ધાર્મિક દ્રષ્ટિએ વિચાર કરશું તો જૈનોનો મુખ્ય સિદ્ધાન્ત અહિંસા છે તેનાથી તો પરદેશી કાપડ વાપરીજ શકાય નહિ. કારણ ? જે કાપડ પરદેશથી આવે છે. તેના પર મુલાયમ એટલે સુવાળાસ લાવવા ભેંસ, પાડા, બળદ, સુવર ઇત્યાદિ લાખો પશુઓને ઇડાંની ચરબીને ઘઉના આટાની કાંજી સાથે મીલાવી કાંજી તરીકે વાપરવામાં આવે છે. અને તે કાંજીથી તૈયાર થઈને આવેલ કાપડ તમે ખરીદ કરો છો, અને પહેરો છો. આથી જે કોમ અહિંસાની સુરત હીમાયતી કરનારી છે. અરે ! કીડી મંકોડીજ નહિ પણ એકેન્દ્રીય જીવની રક્ષા કરવાનો દાવો કરનારી છે તેજ કોમની બહેનો ચરબીની કાંજીવાળાં કપડાં પહેરે એ કેટલું પાપ કરે છે તે સહેજે સમજી શકશે.

હવે શુદ્ધ કપડાં પહેરવાથી કેટલો લાભ છે તે વિચારશું.

ખાદી પહેરવાથી પરદેશ ઘસડાઈ જતા કરોડો રૂપીઆ દેશમાં રહે છે ને પ્રાચીન હુન્નર ઉદ્યોગની ખીલવણી થાય છે, એટલે વણનાર, કાંતનાર ને પીંજનારને રોજી મળે છે. જેથી કરોડો ભાઈ બ્હેનોને રોટલો મળે છે. ભારતની ગરીબાઈમાં સુધારો થાય છે. લોક ઉદ્યોગી બને છે.

ધાર્મિક દ્રષ્ટિએ હિંસાખોરીમાંથી બચી શકાય છે, આત્માની શુદ્ધિ થાય છે, રહેણી કરણી સુધરે છે, સાદાઈ આવે છે અને સંયમી બનાય છે.

આટલી ટુંકી દલીલોથી સમજી શકશો કે પરદેશી વસ્ત્ર પહેરવામાં ખાનદાની નથી પરંતુ આપભોગમાં અને સાદાઈમાંજ ખાનદાની છે, જ્યારે સાદાઈ માટે ખાદી પ્રથમ પગથીયું છે. તેથી ઓ ! દયાની દેવીઓ ! દેશમાં કરોડો ભાઈ બ્હેનો ઉદ્યોગ વિના ભૂખે મરે છે તેથી તમારા દીલમાં દયા ઉભરાતી હોય, દેશની ગુલામી જંજીરો તોડી દેશની આઝાદી માટે જ્યોત પ્રગટી હોય, દયાના સિદ્ધાન્ત પર પગ મુકી પાપીની ગણનામાં નજ ગણાવવું હોય તો પરદેશી વસ્ત્રોને પ્લેગ સમજી ફગાવી દઈ શુદ્ધ ખાદી પહેરો.

દેશની આઝાદિનો જેટલો આધાર પુરૂષ વર્ગ ઉપર છે તેટલોજ બલ્કે તેથી વધારે તમારા ઉપર છે. તેમ દરેક જણ કબુલ કરે છે કે બાળક ઉપર પીતા કે ગુરૂના બોધની જે અસર નથી થતી તેનાથી અનેક ગણી અસર માતાના થોડાજ શબ્દોની થાય છે. જ્યારે શબ્દોની આટલી અસર થાય ત્યારે અમલી કામથી તે તેના બાળકો ઉપર કેટલી ઉત્તમ છાપ બેસાડી શકે ? એ તમેજ વિચારી જોશો. અને ખાદી ધારણ કરશો. ખાદી પહેરવાથી તમારા આખા કુટુંબ ઉપર ઉંડી છાપ પડે છે. બાળકો, સાદાં, સ્વાવલંબી અને નીડર બને છે.

આછાં મુલાયમ અને નિર્લજ કપડાં પહેરનાર બહેનો દલીલ કરે કે ખાદી જાડી પડે છે, એટલે ઉપડતી નથી, પહેરતાં ફાવતી નથી. આવી ખોટી દલીલ કરનારને જગતના સર્વોત્તમ પુરૂષ પૂજ્ય મહાત્માજીએ કહ્યું છે કે જે માતા બાળકનો નવ મહિના ભાર ઉપાડે છે તે માતા સ્વદેશ ને સ્વધર્મને માટે આટલું એ નહિ સહન કરી શકે ? આ ઉપરથી એમ કહેવું પડશે કે, તમારી આ દલીલ પોકળ છે. જે વખતે દેશની અંદર આઝાદીના રણશીંગાં વાગી રહ્યાં હોય હજારો જુવાનનીઆઓ તેનાં માથાં દેવા તૈયાર થયા હોય. દ્રૌપદી પેઠે ભારતની દેવીઓના દુઃશાસન ચીર ખેંચી રહ્યો હોય, ચોટલા ખેંચી ઘસડી રહ્યો હોય, ધોકા ફટકારી રહ્યો હોય, બાળકને પછાડી રહ્યો હોય તે વખતે બ્હેનો ! જો તમે પરદેશી કાપડ છોડવામાં પણ વિચાર જ કર્યા કરશો તો માતા ભારતીની પુત્રીઓ કહેવડાવવાનો કે દયાની દેવીઓ કહેવડાવવાનો અધિકાર ગુમાવી બેસશો. તેથી તમારા હીતની ખાતર, તમારા બાળબચ્ચાંના હીતની ખાતર પરદેશી કાપડ છોડી શુદ્ધ ખાદી ધારણ કરો.

## ક્ષાત્ર વીર.

જૈન યુવક વાણીઆ નથી પણ ક્ષાત્ર વીર છે એ સિદ્ધ કરવાનો અવસર આ અહિંસક યુધ્ધમાં આપણને મળે છે.

આજ સુધી જૈન એટલે દયાળુ અને જીવદયાના હિમાયતી મનાતા અને તેથી ઇચ્છાએ કે અનિચ્છાએ પ્રતિષ્ઠાને ખાતર જૈનો કીડી, મંકોડી, અને જીવ જાનવર બચાવી સંકુચિત ક્ષેત્રમાં વસતા અને કેટલીયે વેળા આપણી પામરતા જગતને બતાવતા અને જૈન-દર્શનને ખીજ વગોવે છે એ સાંભળી લીધું મ્હોં કરતા, પણ આજ હાલ જે અહિંસક ક્રાંતિ થઈ રહી છે અને તે કેવળ રાજ્યદ્વારી ક્ષેત્રમાંજ નહિ સામાજીક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રમાં પણ જે ક્રાંતિ ફેલાઈ રહી છે તે જૈન-જીવનની શીલસુરી અને ઓજસ્વિતા નથી તો બીજું શું છે ? અને તેથી આજે અનેક જૈન યુવાનો અને યુવતિઓ ઘરબાર અને વૈભવ ત્યાગી દેશ યુધ્ધાંના બળીદાન દેવા આગળ આવે છે, અને પાવન થાય છે.

જૈન સાધુ જેઓ પોતાનો પરિવાર વધારવા ઇચ્છે છે અને જેને સમાજ સાથે લેવા દેવા નથી એવા સ્થીતિચુસ્ત તેમજ આપખુદ આચાર્યોને શાનું ગમે? જો કે તેઓ સમાજના અંધશ્રધ્ધા અને અજ્ઞાનના જોરેજ નભે છે, અને નભી રહેવા માગે છે. પણ હાલની લડત સર્વોદયની છે એટલે અમારા પોપાચાર્યો ગમે તેટલા ધમપછાડા મારે તો પણ સુર્યોદય થવાનો છે અને અજ્ઞાન તિમીર નાશ પામવાના છે.

આ તો અહિંસક યુદ્ધ છે, પણ ધર્મની રક્ષા કાજે આચાર્યશ્રી કાલીકાચાર્યે એક સાધ્વીની રક્ષા કાજે સમય ધર્મનું પાલન નહોતું કર્યું? જેના પાસે ૯૬ રાજાએ લડનાર હતા છતાં ધર્મની રક્ષા કાજે પાંચમને બદલે ભાદ્ર સુદી ચોથનું સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યું, સિંધુ ઉતરી સૌરાષ્ટ્ર આવ્યા અને હાથમાં ધનુષ્ય બાણ લઇ ૧૦૮ માણસોને વિંધી નાખ્યા. સાધ્વી સરસ્વતીને પુન: દીક્ષા આપી સર્વ રાજાઓને રાજ્ય વહેંચી દીધું અને પોતે સાચા સાધુ બન્યા.

આવા બીજા અનેક દાખલાઓ પણ છે. જૈનોના ચોવીસે તિર્થંકરો ક્ષત્રીય હતા એટલે તેઓ સાચા ક્ષાત્ર વીર હતા, તેઓમાં લડાયક વૃત્તિ હતી અને તેને અંગેજ તેઓ તિર્થંકર થયા. આજ એ વૃત્તિ પેદા કરવા અહિંસક ક્રાંતિ ચાલી રહી છે. સામાજિક, ધાર્મિક અને આર્થિક દરેક ક્ષેત્રમાં પ્રસરાવવાની લડાયક વૃત્તિ પેદા કરવી એ જૈન યુવકની ફરજ છે. પોતાની યોગ્યતા, મુજબ પોતાનું સ્થાન લઇ અહિંસક યુદ્ધ આદરવું ઘટે કે જેથી રાષ્ટ્રને અને સાચી ક્ષાત્રવટને પૂરો ટેકો મળે. સમાજ આળસ અને અજ્ઞાનથી મુક્ત થાય અને સારોએ દેશ સ્વાશ્રયી અને આઝાદ થાય.

ક્ષમા એ વીરનું ભૂષણ છે. તેમ અહિંસા એ વીરનો ધર્મ છે. વીરતા વિનાની અહિંસા પ્રાણ વિનાના દેહ જેવી છે. તેથી દરેક આજુવાન જૈને તો ક્રાંતિકાર બનવું જોઇએ.

લાલચંદ જયચંદ વોરા.

## સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિ તરફથી ગયા અઠવાડીયામાં થયેલા કામ-કાજની ટુંક નોંધ.

કમિટીના મેમ્બરો હમેશા રાતના ૮॥ થી ૧૦॥ વાગ્યા સુધી કોન્ફરન્સ ઓફીસમાં નિયમીત મળે છે ટુંક અરસામાં તેઓએ જૈન ભાઇઓના જુદા જુદા સંઘના આગેવાનોને મળીને તથા જૈન મહિલા સમાજ અને જૈન સ્વયંસેવક મંડળોને બોલાવી તેમની સાથે વાતચીત કરી નીચે મુજબ કામકાજની શુભ શરૂઆત કરી છે.

જૈન સ્વયંસેવક મંડળો તથા કચ્છી જૈન સ્વયંસેવક મંડળો મારફતે લગભગ દશ હજાર સ્વદેશી પ્રચારને લગતા હેન્ડબીલો તથા મોટા પોસ્ટરો જાહેરમાં વહેંચાયા છે તેમજ તેના મોટાં પોસ્ટરો દરેક દેરાસર અને અપાસરામાં મુકાયા છે તેમજ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ લેવાનું શરૂ કર્યું છે.

જૈન મહીલા સમાજ માટે ત્રણ મેમ્બરોને કમિટીમાં કોઓપ્ટ કરી તેમના સહકારથી પાયધુની, કોટ અને માંડવી ઉપર જુદી જુદી જૈન બેનોની સભા બોલાવવાની ગોઠવણ કરી છે. તેમાં શુક્રવાર તા૦ ૪-૭-૩૦ ના રોજ ૨॥ વાગે મુંબઇ માંગરોળ જૈન સભાનો હોલ ચીકાર ભરાઇ ગયો હતો. બધી બેનો જમીન ઉપર બેસવાની ગોઠવણ કરી હતી છતાં લગભગ સો દોઢસો બેનો ગેલેરીમાં ઉભી રહી ભાષણો સાંભળવામાં અજબ ઉત્સાહ હતો. પ્રમુખસ્થાને બેન મંગળાબેન બીરાજ્યાં હતા. મુખ્ય વક્તા શ્રી. મોતીચંદ કાપડીઆ તથા પંડીત આણંદજી તથા શ્રીયુત ચીનુભાઇ સોલીસીટર, ભાઇ કેશવલાલ નગીનદાસ તથા અ. સૌ. ગુલાબબેન તથા બેડા નિવાસી ભાઇ ગીરધરલાલે ભાષણો કર્યા હતા. કામકાજ શરૂ શરૂ થતાં પહેલા સભામાં હાજર થયેલી ઉત્સાહી બેનોએ પ્રતીજ્ઞા પત્રક ઉપર સહીઓ લેવાની શરૂઆત કરી દીધી હતી. શ્રી. મોતીચંદભાઇ તથા પંડીત આણંદજીના ઉત્સાહપ્રેરક, જુસ્સાદાર ભાષણથી બાકીની ઘણી બેનોએ પાછળથી સહીઓ કરી આપી હતી. એમ સભાનું કામકાજ ઘણા ઉત્સાહથી શાન્તીપુર્વક પુરૂં થયું હતું.

દેરાસરના ટ્રસ્ટીઓને કમિટિ તરફથી વિનંતી કરવામાં આવી હતી તેમાંથી કેટલાકના જવાબો સમિતિને મળ્યા છે કે અમો દેરાસર આગળ પોસ્ટરો રાખીશું, સમિતિના હેન્ડબીલો વહેંચવાની ગોઠવણ કરીશું, તેમજ દેરાસરમાં બ્રિટીશ કાપડ વપરાતું નથી છતાં ખાસ સંભાળ દેશી કાપડ વાપરવાને લેવા કબુલ્યું હતું. મારવાડી સાથવાળાની મીટીંગ ઘણું કરી રવી, સોમવારે બોલાવાશે. ઝાલાવાડી સાથના સભ્યોએ પોતાની સાથની સહીઓ લેવા કબુલી કામની શરૂઆત કરી દીધી છે.

જૈન શ્વેતાંબર મહાસભાની વીદેશી બહિષ્કાર અને સ્વદેશી પ્રચાર સમિતિને કોટના જૈન દેરાસરના ટ્રસ્ટીઓના આમંત્રણથી એક સભા તા૦ ૪-૭-૩૦ ના રોજ મળી હતી હાજરી સુંદર હતી પ્રમુખસ્થાનેથી શ્રી. મોતીચંદભાઇ સોલીસીટરે રાષ્ટ્રિય ધર્મયુધ્ધની મહત્તા આધ્યાત્મીક દ્રષ્ટિએ લંબાણથી સમજાવતાં અંતમાં જણાવ્યું કે છેલ્લી બે ત્રણ સદીઓથી નિર્બળ સાધકોને લીધે યોગ માર્ગ લુપ્તપ્રાય: થયેલ છે. મહાત્માજીનો ચરખો અને તકલી, એ પણ એક સાધનાની ભૂમિકા છે વીગેરે. પંડીત આણંદજીએ જોરદાર શૈલીમાં દમનનીતિ એના કારણો અને સરકારી ધરાદાને સ્પષ્ટ કરી સાચાં જૈનને જંગે આઝાદીમાં ઝુકાવવા લાગણી અને દર્દભરી અપીલ કરી. શેઠશ્રી છોટાલાલભાઇ પ્રેમજીએ ખાદી અને સ્વદેશીમાં સાદાઇ, મર્યાદા, સ્વચ્છતા અને પવિત્રતા વસે છે એ દાખલા દલીલોથી સમજાવી પ્રતિજ્ઞા પત્રોપર સહીઓ કરવા અપીલ કરતાં હાજર રહેલા ભાઇ, બહેનોએ ખુશીથી પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ કરી હતી. આ પછી મોડી રાતે જયનાદો વચ્ચે સભા વિસર્જન થઇ.

તા૦ ૬૦-૧૦૦૦ પ્રતિજ્ઞા પત્રક ઉપર સહીઓ થઇ છે. સ્વયંસેવકો, કમિટીએ પોતે નોંધવા જોઇએ. કમિટીના સભ્યોએ સાથે રહી વોલન્ટીયરો મારફતે કામ ચાલુ કરવું જોઇએ: ને હંમેશના કામના કલાકો નક્કી કરવા જોઇએ. વિદ્યાલયના વિદ્યાર્થીઓ શું કરે છે? તેઓ દેશસેવામાં ભાગ લેશે કે નહિ? સારી સંખ્યામાં સ્વયંસેવકો નોંધાયા વગર કમિટી સંપૂર્ણ વિસ્તારમાં કામ કરી શકશે નહિ. સાથવાળાઓની મારફતનું કામ ઢીલું થાય છે, તે અંધારી આગાહી સાચી પડી છે. પ્રતિજ્ઞાપત્રમાં સહી લીધી તેટલેથી કામ પુરૂં થવાનું નથી. ઠરાવનો વ્યવહાર અમલ થવો જોઇએ ને તે ઉપરાંત બહિષ્કારની બીજી બાજુ માટે પ્રયાસ કરવા સ્વયંસેવકોની જરૂર પડશે—તંત્રી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાલા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

આગળ વધતી લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૨૯ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ વદી ૩. તા૦ ૧૪-૭-૩૦ | છુટક નકલ: ૦।। આનો. |

## બહિષ્કાર સમિતિનું કામકાજ.

કોટમાં શાંતીનાથના દેરાસરમાં સૌ. બેન રમાબેન કામદારના પ્રમુખપણા નીચે એક સભા જૈન બેનોની મળી હતી. લગભગ બસો અઢીસો બેનોની હાજરી હતી. મુખ્ય વક્તા બાઈશ્રી વીરચંદ પાનાચંદે આપણા અસલના હાથ હુન્નરે કાપડનો હુન્નરની વીગતો સમજાવી તે કેમ નાશ પામ્યો એ સમજાવ્યું. અને નાશ કરવા માટે સરકારે કરેલી કુટીલ નીતીનું બ્યાન કર્યું. સૌ. રમાબેન ધાર્મિક અભ્યાસના પવીત્ર સ્થાનોનો ઉપયોગ આવા કટોકટીના પ્રસંગે દેશની આઝાદીના પવીત્ર કાર્ય કરવામાં થશે તોજ દેશનો ઉદય જલદી થશે પિકેટીંગ માટે બેનોએ બીજી બેનોનું અનુકરણ કરવા જણાવ્યું. રેંટીયા, તકલી મારફતે દેશને જરૂરનું સુતર તૈયાર કરવામાં બેનો જો ધારે તો સુંદર ફાળો આપી શકે. મોગલ રાજ્યમાં અંગ્રેજ વેપારીઓ ઇગ્લાંડથી આવતા માલ ઉપર જગાત માફ કરાવી, દેશમાં ઘંઅંડને વગભર કરવાની શરૂઆત કરી. અને ધીમે ધીમે પ્રપંચી કુટ નિતી ધારણ કરી પોતાનો પાયો મજબુત કરી હાલ સૌથી ઉંચી કોટીની સ્થીતિ પ્રાપ્ત કરી છે. આપણને પુર્ણ ગુલામીમાં નાખી દીધા છે. આપણા ભાઇઓ પ્રત્યેની સહાનુભુતી કેમ દેખાડવી અને તેને પરમાત્માની શાક્ષીએ અમલમાં મુકવા પ્રયત્ન કરવા આગ્રહપુર્વક વિનંતી કરી. પંડીત લાલને જૈન દ્રષ્ટીએ આ લડાઇને કેમ પહોંચી શકીએ તેનું વર્ણન કર્યું. સત્યાગ્રહીઓ તદન સત્ય અને જાહેર રીતે કરેલા વ્રતનું પાલન કરે છે ત્યારે સરકાર પ્રપંચથી દમનનીતિથી આ સત્યાગ્રહીઓને દબાવે છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ એટલે દ્રવ્યથી ખાદી, ક્ષેત્ર એટલે હીન્દુસ્થાન કાળ એટલે સ્વરાજ મળે ભાવ એટલે અહીંસા આ પ્રમાણે ચાર ક્ષેત્રનો વીચાર કરવો. દેશની આઝાદી વખતે જૈન બેનોએ સૌથી મોખરે અહીંસાવાદી થઇને ઉભા રહેવું એ જરૂરી છે.

પંડીત આણંદજીભાઇએ—રાજકીય વ્યવહારીક તથા ધાર્મીક દ્રષ્ટી સાંભળ્યા પછી મને સાંભળવા માગો છો તેનું કારણ આપણે સાંભળવાનેજ મુદ્દામ ટેવાએલા છીએ, આ સાંભળવાની ટેવે આપણને ભાન ભુલા કર્યા છે. મહાવીર અને બુધ્ધે પચીસો વરસ પહેલા બ્રાહ્મણ અને બીજાઓએ રચેલી ભયંકર રૂઢીઓ નાશ કરી સત્ય રસ્તો બતાવ્યો અને મહાવીર, બુધ્ધના પછી પચીસો વરસે એવાજ ભયંકર દ્રષ્યોનો નાશ કરવા મહાત્મા ગાંધીજી તૈયાર થયા અને સમાજને તૈયાર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો. ઉપવાસ આંબેલ કરનાર લીલોતરી નહીં ખાનાર બેનો હજારો જાનવરોના નાશ કરી તેની ચરબીથી તૈયાર થતા કાપડનો ઉપયોગ કેમ કરી શકે ? જો આપણે એ હીંસા ચોગવી ન કરતા હોઇએ તો આજેજ તમારે તમામ બેનોએ પરદેશી કાપડનો ત્યાગ કરવો. વાહલી બેનો—મહાવીર પ્રભુના સિધ્ધાંતમાં તમને પુરી શ્રધ્ધા હોય તો હાલના મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહને પુરો ટેકો આપશો અને પરદેશી કાપડનો બહીષ્કાર કરશો.

## અસત્ય પ્રલાપ.

હમેશા ખોટાઓને સાચા ગણાવા બહુ પ્રયત્નો કરવા પડે છે. ઇન્ટરવ્યુ અને છાપાઓનો આશરો લેવો પડે છે, ને છાપાઓ પણ ભાડે રાખવા પડે છે ? પીત્તળને સુવર્ણમાં ખપાવવા દરેક ચાલાકીની જરૂર હોય છે. આ યુગમાં આજકાલ આવો વ્યવહાર થઇ પડયો છે.

રામવિજય મહાત્મા ગાંધીજીનો કેવો પરમ મિત્ર છે ? સ્વરાજ્ય શબ્દની કેવી મીઠી મશ્કરી કરે છે ? તેના વ્યાખ્યાનમાં કેટલીક વખત આવતી આવી બાબતોપર કેવો વાણી છળ કરે છે ? તે મુંબાઇની સમજુ જૈન પ્રજા સારી રીતે જાણે છે. ધર્મના નામે કેટલા પ્રપંચો કરાય છે ? શાસનપ્રેમીના સુંદર નામે કેટલાક પોતાના વ્યવહારનું સ્વાર્થી ગાડું કેવી રીતે ચલાવી રહ્યા છે ? તે પણ મુંબાઇની સમજુ જૈન જનતાથી અજાણ્યું નથી.

આમ હોવા છતાં કેટલાક બિચારા અંધશ્રદ્ધાળુ શાસ્ત્રના ટુંકા પરિચયથી ધર્મના નામે થતા ઉપદેશની અસરમાં પોતાનું જીવન વેચી રહ્યા છે. તેનો એક દાખલો અત્રે નોંધવામાં આવે છે.

મુંબઇ સમાચારમાં ઇન્ટરવ્યુ છપાવનાર શેઠ નેમચંદ નાથાભાઇ સને ૧૯૨૧ ની સાલમાં ગાંધીજીના ભક્ત થયા હતા. સુરતમાં સગરામપુરામાં સ્વદેશ સેવાની ભાવનામાં તેઓ એક પ્રતિષ્ઠિત આગેવાન હતા અને તેમના ઘરમાં તે વખતે મોટા ભાગે ખાદી અને દેશી કાપડ પહેરવાની પ્રતીજ્ઞાઓ લેવાઇ હતી એમ સાંભળ્યું છે. આવો દેશભક્ત માણસ થોડા વખત થયા રામવિજયનો ભક્ત બન્યો છે અને હાલ રામવિજયના ઉપદેશની અસરમાં તેમનું જીવન છે. ગાંધીભક્તો માટે રામવિજયનો ઉપદેશ મોટા ભાગે નીચે મુજબ હોય છે.

" ગાંધી એ મિથ્યાત્વી છે અને મિથ્યાત્વીનું કહેલું જો
" જૈન ગ્રહણ કરે તે સમકિત હોઇ શકે નહિ સમકીત હોય
" તે પણ ચાલ્યું જાય. તમો ગાંધીના ઉપદેશ પ્રમાણે ચાલો
" તો તમારૂ સમકીત મેલું થાય. મિથ્યાત્વીનો કોઇ ઉપદેશ
" કદાચ સારો હોય તો પણ તે શુધ્ધ સમકિત આચરે
નહિ" વિગેરે.

આવા ઉપદેશની અસર કેટલાક અંધશ્રધ્ધાળુના હૃદયમાં કેવી ઘર કરી જાય છે તેનું માપ કાઢવું અશક્ય છે. પણ શેઠ નેમચંદભાઇ ત્યાર પછી ઘણે ભાગે વિલાયતી વાપરતા થયા છે તે તેમની સાથે રહેનારાઓ સારી રીતે જાણી શકતા હશે ?

પ્રભુ ! આવાઓને સદ્બુધ્ધિ પ્રેરે.

લિ૦ શિવલાલ લવજી શાહ.

# આગળ વધતી લડત.

'બ્રીટીશ માલનો બહિષ્કાર કરો' ના પોકારોથી મુંબઇ શહેર ગાજી રહ્યું છે. કોન્ગ્રેસની બોયકોટ કમિટિનું બોયકોટ-વીક ગયા રવિવારે ખલાસ થયું. તે દરમ્યાન થયેલા પ્રચાર કાર્યને અંગે બહિષ્કાર કમિટિઓ જુદા જુદા વર્ગો તરફથી સ્થાપવામાં આવી છે. વ્યાપારી મહામંડળ તરફથી પણ એક બહિષ્કાર સમિતિ સ્થાપવામાં આવી છે. વ્યાપારની દરેક લાઇનોમાંથી બ્રિટિશ વસ્તુઓ સમુળગી આવતી બંધ થાય તેના સચોટ પ્રયાસો ચાલુ છે. બધી બહિષ્કાર કમિટિનું કામ એક-બીજાને ઉપકારક તથા મદદ કરનારૂં નીવડે એટલે જુદી જુદી બહિષ્કાર કમિટિની ભેગી મીટીંગ કોન્ગ્રેસ બહિષ્કાર કમિટિ તરફથી આવતા બુધવારે બોલાવવાનું નક્કી થયું છે. આશા છે કે સંયુક્ત કાર્યક્રમ એવો ઘડી કાઢવામાં આવે કે જેથી કરીને ધારેલો હેતુ સફળ થાય. કોન્ફરન્સની બહિષ્કાર સમિતિ ધીમે ધીમે પણ સતત પ્રચાર કાર્ય કર્યા કરે છે. ગઇ કાલનો સરઘસનો બનાવ જૈન ઇતિહાસમાં અપૂર્વ ગણાશે. સરઘસનો કાર્યક્રમ સફળતાથી પાર ઉતર્યો તે માટે બહિષ્કાર સમિતિ તથા તેમના મુખ્ય મંત્રીઓ રા. રા. ચીનુભાઇ સોલીસીટર તથા ભાઇશ્રી મણીભાઇને અમે અભિનંદન આપીએ છીએ. સરઘસ નિષ્ફળ બનાવવાના મુનિ રામવિજયજીના કહેવાતા ટેકીઓનો નિષ્ફળ નીવડયા અને સમગ્ર જૈન સમુદાયે સરઘસમાં ભાગ લીધો હતો. શત્રુંજય સમાધાનના કહેવાતા આગેવાનો કદાચ હાજર નહિ હોય પણ મુનિ રામવિજયજીએ તથા વીરશાસને જાણી લેવાની જરૂર છે કે **આગેવાનો એટલે શ્રીસંઘ ગણાવાના દિવસો ચાલ્યા ગયા છે.** જૈન સમુદાય તેજ શ્રીસંઘ ગણાશે. અનુયાયી વગરના આગેવાનો કોડીની કિંમતના ગણાશે નહિં. સેવા-કોમની સેવા કરવાવાળા આપોઆપ કોમની આગેવાની મેળવશે. સરકાર દરબારમાં પણ જેમ લીગરશોની ગણત્રી છે તેવી ગણત્રી કહેવાતા આગેવાનોની થશે. અમોને આશા છે કે સરઘસમાં ભાગ લેનારા ભાઇઓ બ્રિટિશ વસ્તુઓની બહિષ્કારની પ્રતિજ્ઞા લેશે. વિદેશી વસ્ત્રો વાપરવાની બંધી તે હવે ઘણું ખરૂં સહેલી વાત થઇ પડી છે. પણ કાલના સરઘસમાં ભાગ લેનારાઓ બ્રિટિશોની સાથે ઘણી રીતે જોડાયેલા હશે. ઘણાઓ બ્રિટિશ વીમા કંપનીઓના એજંટો હશે તેમણે એજન્સીઓ છોડવી જોઇએ ને દેશી કંપનીઓની એજન્સી લેવી જોઇએ. ઘણાઓ હિન્દુસ્તાનના કિનારાના બંદરોથી માલ મોકલનારા તથા મંગાવનારા હશે. તેઓએ દેશી કંપનીના વહાણોમાં માલ મંગાવવા યા મોકલવાનું નક્કી કરવું જોઇએ. ને શાર્પસ મરચન્ટ એસોસીએશને જેમ ઠરાવ કર્યો છે તેવો ઠરાવ કરવો જોઇએ. વળી સરઘસમાં હાજર થયેલાઓમાંથી ઘણાઓ જુદા જુદા દેરાસરો અગર ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ હશે. ટ્રસ્ટીઓ તરીકે નાણાં બ્રિટિશ બેંકોમાં રોકતા હશે. તેઓએ બીજી બેંકોમાં–દેશી બેંકો બને તો તેમાં નહિ તો અમેરીકન કે જાપાનીઝ બેંકોમાં રોકવા જોઇએ. જ્યાં સુધી સદર જામીનગીરીમાં બીજી રીતે રોકી શકતા હોય તો તેમ રોકવા જોઇએ. બહિષ્કાર દેખાવનો રાખવાથી ફાયદો નહિ થાય, હરેક માણસે જાતે, પોત પોતાના કાર્ય-પ્રદેશમાં બ્રિટિશ બહિષ્કારનું જાતેજ પાલન કરવું જોઇએ મુંબઇના જૈનોએ આ બાબતમાં સમગ્ર જૈન પ્રજાને દ્રષ્ટાંતરૂપ થવું જોઇએ. વોલંટીયરો સંબંધી સમિતિની ગોઠવણ અમોને હજી બરોબર વ્યવસ્થીત લાગતી નથી. વોલંટીયર હરરોજ શું સેવા આપે છે તે તપાસવું જોઇએ. બહિષ્કારના પ્રતિજ્ઞા પત્રો ઉપર દર રોજ સહીઓ લેવાવી જોઇએ. દર રોજના કામની યાદી બીજા દિવસની પત્રીકામાં પ્રગટ થવી જોઇએ આ કામ કરવું જોઇએ તેવી સુચક પત્રીકાઓ ઘણી પ્રગટ થઇ ગઇ છે હવે તો આ સાથવાળાઓએ ઠરાવ કર્યો, આ લત્તાવાળા ભાઇ બ્હેનોમાંથી મોટા ભાગે ઘણાએ બ્રિટિશ બહિષ્કારની પ્રતિજ્ઞાઓ લીધી- તેવી ઉત્સાહ પ્રેરક વીગતોવાળી પત્રિકાઓ પ્રગટ કરવાની જરૂર છે. ફરીથી બહિષ્કાર સમિતિના મંત્રીઓ તથા મેમ્બરોના ઉત્સાહ તથા ખંત માટે આનંદ પ્રદર્શિત કરી આ લેખ પુરો કરીએ છીએ —

### લાલબાગનું પીકેટીંગ ને જૈન યુવકસંઘ

અશાડ સુદી ૧૪થી લાલબાગમાં સ્વયંસેવકો તરફથી કરવામાં આવેલાં પીકેટીંગને કેટલાકો તરફથી ખોટું રૂપ આપી દેવામાં આવ્યું છે. જુદા જુદાઓ ઉપર આક્ષેપ કર્યા પછી જૈન યુવકસંઘ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. તો તે વાત તદ્દન ખોટી છે. યુવક સંઘને પીકેટીંગ કરવું હશે ત્યારે ખુલ્લું જાહેર કરીને પછીજ શરૂ કરશે બાકી દેરાસર આવનારને સ્વદેશી વસ્ત્ર ધારણ કરીને આવવાનું વિવેકપૂર્વક કહેવામાં આવે તે સામે અમારો વિરોધ નથી ને અમો માનીએ છીએ ત્યાં સુધી સુદ ૧૪ ને રોજ સ્વયંસેવકોએ આ સિવાય વિશેષ કંઇ કર્યું જ નથી સંસારમાં રહ્યા છતાં જૈન તરીકે સંસાર શુદ્ધ ચલાવવાનો પ્રયાસ કરવાને બદલે લોકોની વાતોજ સાંભળનારાઓની ટોળીએ કામનો વાંધો કર્યો છે.

### લેખકને સુચના.

લેખકોએ લેખ મોકલતી વખતે પોતાનું નામ પ્રગટ ન કરવું હોય તો પણ અમારી જાણ માટે મોકલવું પડશે. નનામા લેખો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

### પુસ્તકની પહોંચ.

અમૃત સરિતા તરંગ ૧ લો પ્રસિદ્ધકર્તા રા. રા. મહાસુખભાઇ ચુનીલાલ કર્તા તરફથી આ ગ્રંથ ભેટ તરીકે મળ્યો છે તે સાભાર સાથે સ્વીકારીયે છીએ અવલોકન અવકાશે

---

[ અનુસંધાન પાના ૭ માનું ચાલુ. ]

જો દેશ સ્વતંત્ર ન હોય તો ધર્મ ક્યાં (પરતંત્ર) જો દેશ ન સ્વતંત્ર હોય તો આપણે ક્યાં? (ગુલામીમાં) માટે પ્રથમ દેશ, પછી ધર્મ અને પછી આપણે. તો જે કામ ઉપાડયું છે તેમાં શક્તિ અને સાધન હોય તે ખર્ચી નાખી મહાવીરના નામને ઉજ્વળ કરજો અને આગળ ધપજો.

### ત્રણે ફીરકાના એકયતાની મહોર.

ભાર બાદ પંડિત આણંદજીએ જણાવ્યું હતું કે આજે જૈન કોન્ફરન્સ અને સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિને માન આપીને મુંબઇની જૈન સમાજે એક અનેરી રેખા પાડી છે. કોન્ગ્રેસના પ્રમુખ પંડિત મોતીલાલજી તથા સરદાર વલ્લભભાઇએ ભારતવર્ષની આઝાદીમાં મુંબઇ મોખરે છે તેની મહોર આપી છે. તેમ આજના પ્રસંગે એકયતાથી હાથોહાથ મીલાવી કાર્ય થઇ શકે તેમ છે તેની મહોર મારી છે. તે મહોર અપાવનાર કોન્ફરન્સને હું ધન્યવાદ આપું છું.

આ પ્રસંગ જૈનોના ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાય તેવો છે. આ લડતમાં જૈન મુનિની સંપૂર્ણ સહાનુભૂતિ છે. સાંભળ્યું છે કે પુન્યપાદ આચાર્ય વિજયનેમીસુરિ વિદેશી કાપડ એક વર્ષ સુધી નહિ લે. વિજયવલ્લભસુરિજી. વિજયેન્દ્રસુરિજી મુનિશ્રી વિદ્યાવિજયજી વિગેરે મુનિવર્યોની સહાનુભૂતિની આપણને ખબર છે.

ડો૦ પુનશી હીરજી મહીશેરીએ સર્વે ભાઇઓ ભેદભાવ વિના વાડીમાં પધાર્યા તેને અતિ માન ગણી આભાર માન્યો હતો અને ખાદી અને સ્વદેશી પહેરવાનો આગ્રહ કર્યો હતો.

શ્રી. ચિનુભાઇ લાલભાઇએ સર્વનો આભાર માન્યો હતો અને સમિતિના કાર્યમાં પુરેપુરા સહકારની આશા રાખું છું એમ જણાવ્યું હતું.

છેવટે ભારતવર્ષ–જૈન સમાજ–કોન્ફરન્સ–સ્વતંત્ર ભારત–મહાત્મા ગાંધીજી–મહાવીર–શ્રીદાબાદના પોકારો થયા હતા.

ત્યારબાદ સરઘસને વિસર્જન કરવામાં આવ્યું હતું.

# કહેવાતા શાસનપક્ષનું બચાવનામું બહાર પડે છે.

## ઇન્ટરવ્યુનો અંધેર પછેડો ઉંચકાય છે.

### શેઠશ્રી નેમચંદભાઇની જાણીતી સોગઠી સપાટી પર સરી પડે છે.

### અંતરના ઉભરા ઠલવાય છે.

લખનાર: પંડિત આણંદજી દેવસિંહ શાહ.

જ્યારે ધર્મ, રાષ્ટ્ર, સમાજ કે દેશમાં પોતાનું કોઇ સાંભળવા તૈયાર હોતો નથી અને છતાંએ પરાણે સંભળાવવા યત્ન થાય છે તો દેશ અને સમાજ શરમ શરમના પોકારોથી વધાવે છે. પાછલા બારણેથી કાઢી મુકે છે. પોતાનું, ધર્મ, રાષ્ટ્ર, સમાજ કે દેશમાં જરાએ સ્થાન રહેતું નથી પોતે કોઇના પણ પ્રતિનીધી હોતા નથી એટલુંજ નહિં પણ પોતાના કુટુંબ, છોકરાં કે સ્ત્રીઓના પણ પોતે પ્રતિનીધી છે કે કેમ? એની જ્યારે એને શંકા થાય છે ત્યારે એ માણસ અકળાય છે, કચવાય છે, મુઝાય છે અને પરિણામે ભાન ભુલે છે, બુદ્ધિ, તર્ક, સમજ અને સાદી ડહાપણ પરનો એ કાબુ ગુમાવે છે પોતાને ઘણુંએ કહેવું છે, સમજાવવું છે, છતાં લોકોને શું થવા બેઠું છે કે પોતાનું કોઇ સાંભળતું નથી, સામે પણ જોતું નથી એના પગ નીચેની જમીન એને સરી પડતી લાગે છે. એના મગજમાં ક્રોધ, ગુસ્સો, ઇર્ષા અને આવેશનાં ચક્કર આવે છે પોતે કોણ? એક વખતનો નેતા માનીતો માણસ, પુજાતો પુરૂષ, પણ આજે શું થવા બેઠું છે કે પોતાને કોઇ ગણકારતું નથી જ્યાં જાય ત્યાં નથી સાંભળતું, બેસી જાવ, તમારૂં અમે જાણીએ છીએ એમ કહી અપમાન થાય છે અને મોં છુપાવી પાછલે દરવાજે જ્યાંય નાસી જવા પડે છે આ દશા, એ દયા પાત્ર માણસને અસહ્ય લાગે છે રાજકારણમાં લીબરલ ફેડરેશનના આગેવાનોની મુંબઇના યુવાનોએ આ દશા કરેલી; ચોપાટી પરના ઓપેરા હાઉસમાંની એમણેજ યોજેલી બે સભાઓ મુંબઇના યુવાનોએ કબજે કરી લીધી અને એ સાહેબોને પાછલે બારણે હાંકી કાઢયા. આવા સંયોગોમાં જનતાથી અળખામણાં બનેલા એ સાહેબો માટે છેલ્લામાં છેલ્લો એકજ માર્ગ રહે છે અને તે એ કે કોઇ છાપાવાળાના માણસની ખુશામત કરી ઘેર બોલાવી ઓરડામાં બેસી ઇન્ટરવ્યુ આપી દેવું. અને તેટલી શક્તિ ન હોય તો કોઇ ભાડુતી લેખક આગળ ઇન્ટરવ્યુના ઢબે લખાવી તે, છાપામાં પોતે ઇન્ટરવ્યુ આપે છે એ રીતે જાહેર કરાવવું. આજે મહાસભાના છત્ર નિચે આખું રાષ્ટ્ર જ્યારે સિંહ ગર્જના કરે છે ત્યારે બીજી બાજુ જેનું કોઇ સાંભળનાર નથી તેવાઓને માટે ઇન્ટરવ્યુનોજ માત્ર એક માર્ગ મોકળો હોવાની વાત જાણીતી છે. બાળકો, ધર્માંધ યુવાનો, અને જેની શક્તિ, અક્કલ અને લોહી ઠરી ગયું છે તેવા વૃધ્ધ ભાઇઓનું બનેલ યંગ મેન સોસાયટીના નામથી ઓળખાતા એક મંડળના પ્રમુખ સુરતવાળા શેઠશ્રી નેમચંદભાઇ નાથાભાઇના નામપર ચઢેલું એક ઇન્ટરવ્યુ સુરતથી નિકળતા તા૦ ૪-૭-૩૦ ના સમી સાંજમાં જોવાય છે અને શેઠશ્રીને આ મારો ઉપોદ્ઘાત આબાદ રીતે લાગુ પડે છે. સુરતમાં મળેલ યંગમેન સોસાયટી સમ્મેલનના પ્રમુખસ્થાનેથી શેઠશ્રી નેમચંદ નાથાભાઇના નામપર જે ભાષણ ગોઠવી દેવાની બાજીગરી રમાઇ હતી તે જોયા પછી એમના નામપર આવું કંઇ ચઢી આવે એમાં કોઇને આશ્ચર્ય, શંકા કે દુઃખનું કારણ નથી.

એમના પ્રમુખ તરીકેના એ ભાષણમાં જે ક્રોધ, ગુસ્સો, દ્વેષ, ત્રીચતા તેમજ અસભ્ય અને અશિષ્ટ ભાષાનો જે ઉપયોગ થયો છે તે જોયા પછી એમના નામથી આ અને આવા ઇન્ટરવ્યુ પ્રગટ થાય એ સમજાય તેવી વાત છે. પણ નવાઇ તો એ છે કે એ સોસાયટીના પ્રમુખસ્થાનેથી એમણે જે વાતો કરી છે યુવાનો અને સુધારકો તરફ જે તિરસ્કાર બતાવ્યો છે અને પાખંડી વેષધારીઓ તરફ જે ગુલામી પ્રગટ કરી છે તેનેતે હકીકત આ ઇન્ટરવ્યુમાં આટલા ટુંક સમયમાં ફરી એકવાર પ્રગટ થતી જોઇ નવાઇ થાય છે એનું કારણ કદાચ એ હોઇ શકે કે પ્રમુખસ્થાનના ભાષણથી એમણે ધારેલ અસર થવાને બદલે પરિણામ ઉલટુંજ આવેલું એટલે શેઠ સાહેબના નામે ફરી એકવાર તેજ ઉચ્છીષ્ટ અને અશિષ્ટ વાત કરવામાં આવી છે એમના નામપર પ્રમુખ તરીકે ચઢેલ એ ભાષણની જડતી તો શ્રી. જયંતીલાલ ગાંધી અને રતિલાલ મોદીએ આ પત્રિકામાં લીધી હતી પણ એની સામે ગાળાગાળી સીવાય એનો રદીયો આજ લગી અંધારામાં છે છતાં શેઠશ્રીના નામથી એ વાત બહાર લાવવાની ચેષ્ઠા ફરી એકવાર થઇ છે તો એની જરા તપાસ લઇએ ભાષણની માફક ઇન્ટરવ્યુમાં પણ જે અશિષ્ટ અસભ્ય અને એમના નામ સાથે ન શોભે તેવી ભાષા પ્રગટ થઇ છે તેને હું જતી કરૂં છું, માત્ર એની હકીકતોનીજ વિચારણા હાથ ધરૂં છું. શેઠશ્રીના નામે ચઢેલા ઇન્ટરવ્યુમાં પહેલી વાત એ છે કે અમારા પક્ષનો અને અમારા વર્ગના મુનિઓનો ખાદી તરફ અભાવ હોવાની વાત એક હડહડતું જુઠાણું છે. અમે તો હાથે કંતાએલ અને વણાએલ ખાદીમાંજ માનીએ છીએ વીગેરે. બાર વર્ષથી ખાદીની પ્રવૃત્તિ દેશમાં ચાલે છે, છતાં આ વર્ગને પોષનાર, પંપાળનાર અને કજીઆ તોફાનમાં હથીઆર તરીકે વાપરનાર એ વર્ગના કેટલા મદારી મુનિઓએ આજ લગી શુધ્ધ ખાદી વાપરી છે? કોણ વાપરે છે? તે કહેવાની શેઠશ્રીએ તકલીફ લીધી નથી એટલે શેઠ નેમચંદભાઇનો આ બચાવ પક્ષકારના વકીલ જેવો લાગે છે. શ્રી. સાગરજી મહારાજ અને શ્રી રામવિજયજી આદીનો વિરોધ નથી કરતા એમ નેમચંદભાઇના નામે ચઢે છે. પણ સુરતમાંજ તે સામે શ્રી સાગરજીએ કરેલ વિરોધ વર્તમાનપત્રોમાં ચઢયો છે તેનો ઇનકાર થયો નથી અને ગઇ તા૦ ૯-૭-૩૦ બરાબર **ચોમાસી ચૌદશના** દિવસે શ્રી રામવિજયજીએ તે સામે મજબુત વિરોધ કર્યાની હકીકત તેજ રોજના મુંબઇથી નીકળતા "હિન્દુસ્તાન" પત્રમાં પ્રકટ થઇ છે છતાં નેમચંદ શેઠના ઉંધે ચશ્મે સાચું ન જોવાય તો દોષ કોનો? દેશદ્રોહી અને ગાંધીજીના વિરોધી હોવાની શેઠશ્રી ના પાડે છે પણ જેના આગેવાનો અને શ્રી રામવિજયજી શુધ્ધાં તકલી અને ખાદી જેવા પુનિત માર્ગનો વિરોધ કરે તેને દેશદ્રોહી કહેવામાં હરકત શી છે; અને પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીને તો શ્રી સાગરજી મહારાજ અને શ્રી રામવિજય વિગેરે તરફથી જે ગાળો અપાઇ છે તે નેમચંદભાઇની ઇચ્છા હશે તો હું પ્રકટ કરીશ.

શેઠશ્રી પોતાની ઑલઇન્ડીયા જૈન સોસાયટીને રાજકારણ સાથે છુટા છેડા હોવાની વાત કરે છે પણ આયુંદ લગી રોકી જઇ અપાએલ ખાસ સાહેબને માનપત્રો અને મુંબઇમાં ભાંગરા નરેશના કરેલ સત્કારો જોયા પછી એના છુટા છેડા કેવા છે તે સમાજ સમજી ગયો છે પોતાનું જરા ફાવતું કરી લેવા ખાતર માનવતાના શોષક નરેશોને આ વર્ગનું ધર્મ કારણ પંપાળે છે અને રાજકારણથી છુટી જવા તરફડીયા મારે છે સાચી વાત તો એ છે આ છુટા છેડાની વાત ન કરે તો કંઇ કરવું પડે અને ધાંધલ સીવાય કંઇજ ન કરવું એ એનો નિર્ણય છે.

પોતાના પક્ષના ગણ્યાગાંઠ્યા પ્રતિનીધીઓની સંખ્યામાં શેઠશ્રી ફુલાતા જણાય છે. સુરત સમ્મેલનમાં હજારો માણસો મળવાની વાત થઇ હતી છતાં પ્રતિનીધી ગણ્યાગાંઠ્યાજ છે અને એમાં શિક્ષા ફંડો ઉપર જીવનારાઓ, અડદીયા, મોતીચુર અને શીરા માટે આવક સમ્મેલનોની સંખ્યા બાદબાકીમાં જાય તો બાકી કેટલા રહે તે વાત અંધારામાં છે. શ્રી રામવિજયજીને આધુનિક પદ્ધતિ કેળવણી ઝેર જેવી લાગે છે તેથી એ સામે વિરોધ છે એ આ ઇન્ટરવ્યુનો શરમીંદો સૂર છે પણ એને બદલે અમૃત સમાન રાષ્ટ્ર હિતકારી કેળવણીની કંઇ અને ક્યારે યોજના થઇ છે તે વાત ઇરાદાપૂર્વક છુપાવાય છે માત્ર અધિકાર કે લાયકાતના વિચાર વગર વેષધારીઓના વાડાઓ ભરી દેવા માટે ઉઠાવગીરી કરવી એજ જો રાષ્ટ્રિય કેળવણી હોય તો સમાજના એને નવ ગજના નમસ્કાર છે.

મુનિઓ માટે નિકળતા વરઘોડા ત્યાગ અને ત્યાગીઓની પુજા ખાતર નિકળે છે એવો આ ઇન્ટરવ્યુની તતુડીનો બોદો અવાજ છે પણ ભરૂચમાં આવનાર મુનિઓને સુરત કે ખંભાતીઓ સામૈયું કરે, ધોરાજી, મોરબી, રાજકોટ કે વઢવાણમાં પધારનાર સોસાયટીના "ઋષિ દેવો"ને જામનગરી સ્વાગત થાય એમાં સ્થાનિક સંઘ કહેવાતા ત્યાગ અને ટમારા ત્યાગીઓ તરફ કેટલો સદ્દભાવ ધરાવે છે તેની પ્રતિતિ મળી આવે છે.

સુધારકો, વિચારકો અને બુદ્ધિ પ્રધાન વર્ગ દેવદ્રવ્યને પચાવી પાડવા ધમપછાડા કરે છે એ. પણ ઇન્ટરવ્યુનો એક એક અળખામણો સુર છે. જુન્નેર કોન્ફરન્સ વખતે અમારીના પ્રભુજીના મુકટની ઉછળી બોલી સીવાય પ્રથમના ચઢાવાનું દ્રવ્ય કોન્ફરન્સને તોડી નાંખવામાં વાપરી નાંખવાના ઉપદેશની તાજીજ વાત શેઠશ્રીની નબળી સ્મરણ શક્તિમાંથી સરી ગઇ જણાય છે અને આ સોસાયટીના ધુરંધરોની દેખરેખ નિચે ચાલતા મંદીરો એની માલીકીનું દ્રવ્ય આજે જે વ્યવસ્થા ધરાવે છે તે સંબંધી વડવાણ વીગેરેથી બહાર પડેલ પોકાર જોયા પછી આ વર્ગ દેવદ્રવ્યનો કેવો સંરક્ષક છે તે વાત હવે પડદા પાછળ રહી નથી એટલે સમાજને છેતરવાનો સમય જતો રહ્યો છે. શેઠશ્રીએ ઇન્ટરવ્યુમાં એક વાત પ્રકટ કરી છે કે અમારો વર્ગ ધર્મ માટે પ્રાણ પટકવા તૈયાર છે. આ સાંભળી પેટ પકડી હસવું આવ્યા વગર રહેતું નથી જુન્નેરમાં કરેલ અને છીતાપુરના યુગપ્રધાનોએ જે કર્યું હાથ અને પગ મુખ્યાં બતાવ્યાં અને પછી મહિનાઓ લગી અસત્ય પ્રચારમાં જીભ અને કલમને ચલાવી અને જાન બચાવવા જુન્નેરથી મુંબઇ આવ્યા એવાં જીહુજીહુ ચલાવ્યાં. આ બહાદુરી પ્રાણ તો નહિંજ પટકે, બાકી ગુસ્સામાં માથાં પટકે તો "રામ જાણે." હકીકતમાં શેઠશ્રી નેમચંદભાઇ નાથાભાઇને નામે ચઢેલ આ ઇન્ટરવ્યુમાં ઇરાદાપૂર્વકનું અસત્ય છે, પ્રલાપ છે. માણસે પોતે જે માનવું તે કહેતાં ડરવું ન જોઇએ. યુવાનમતનો, સુધારાનો, સુધારકોનો, વિવેકી વિચારનો, સત શાસ્ત્રોનો, રાષ્ટ્રનો અને છેવટે ધર્મનો આ વર્ગ વિરોધી છે અને તે કબુલવામાંજ એમની શોભા છે. જુઠા બચાવનામામાં ધર્મ, શાસન, સત્ શાસ્ત્રો, પૂર્વાચાર્યો, રાષ્ટ્રિય પવિત્ર પ્રવૃતિ કે મહાત્માજીને હથિયાર તરીકે વાપરવામાં કે તે તરફ સદ્દભાવ છે તેવો ઢોંગ કરવામાં કશોયે સાર નથી ધૂર્તતા, પ્રપંચ અને ઢોંગને ન સમજવાના દિવસો ક્યારનાએ વહી ગયા છે. જો સાચેજ હૃદયપલટો કરવો હોય તો પ્રપંચ અને પાખંડ તજી અહિંસા, સત્ય, ન્યાય અને ધર્મના પવિત્ર પંથે પડવું. આમ થશે તો પ્રપંચોની, ગ્રીસહસ્તપત્રોની, પામ્ફલેટો ચલાવવાની અને ઇન્ટરવ્યુ આપવાની કે એવા ડફાણની જરાએ જરૂર નહિં પડે. મહાવીર દેવ સહુને સદ્દબુદ્ધિ આપો.

## પ્રખરવકતા મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી.

દેશને ગુલામીની સાંકળમાંથી છોડાવવા માટે જે ધર્મયુદ્ધ થઇ રહ્યું છે એમાં તમારી જાતનો ભોગ આપવાને તૈયાર થયા છે, એ બદલ અંતઃકરણથી તમને ધર્મ લાભ આશીર્વાદ છે.

જે માણસના પેટમાં અન્ન ભારતનું છે. શરીરમાં વહેતું લોહી ભારતનું છે હાથ, પગની શક્તિઓ ભારતની છે એ માણસ આ ધર્મયુદ્ધમાં ચુપચાપ બેસી રહે એના જેવો દેશદ્રોહી કે કર્તવ્યદ્રોહી બીજો કોઇ ન ગણાય

આજે દેશના માટે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થએલી છે કે પ્રત્યેક વ્યક્તિએ પોતાનો ફાળો આપવોજ રહ્યો. હું એ જાણીને એટલે દુર બેઠો પણ હર્ષિત થાઉં છું કે ખરેખર ગુજરાતે ભારતવર્ષમાં સૌથી અગ્ર સ્થાન આ યુદ્ધમાં પ્રાપ્ત કર્યું છે. તેમાં પણ એ જાણીને વધુ આનંદ થાય છે કે આપણા જૈન ભાઇઓ કે જેઓ હંમેશા રાષ્ટ્રીય પ્રવૃતિથી તેમજ રાજ પ્રકરણીય પ્રવૃતિથી દુર રહ્યા છે માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાંજ મશગુલતા બતાવી છે તેઓ પણ આ પ્રસંગે આગળ આવ્યા છે. આ પ્રવૃતિમાં જૈન સ્વયંસેવક મંડળે જે કાર્ય કર્યું છે તે જાણી બહુ આનંદ થાય છે. મ્હારા દેશના માટે જે ભોગ આપો છો તે બદલ અનેક ધન્યવાદ છે હું દરેક ભાઇઓને સ્વાર્થને કોરે મુકી યાહોમ કરીને આ અહિંસાત્મક પવિત્ર લડતમાં ઉતરી પડવાનો ભાર મુકીને અનુરોધ કરું છું.

શીવપુરી (ગ્વાલીયર) વિદ્યાવિજય.

---

## ઇતિહાસ તત્વ મહોદધિ જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરીશ્વરજી,

### સી. એમ. એ. આઇ. પી.

આજના દેશના કાર્યમાં જે સહાનુભૂતિ નહીં બતાવે તેણે સમજી લેવાનું છે કે તે દેશને કલંકરૂપ છે અને તેમનો જન્મ વ્યર્થ છે. મને જણાવતાં સંતોષ થાય છે કે મુંબઇના વેપારીઓએ ચાલુ લડતમાં રંગ રાખ્યો છે. સ્વયંસેવક મંડળ જે આત્મભોગ આપી રહ્યું છે તે ઘણી આનંદની વાત છે. બધા લોકો એક થઇ ઐક્ય સાધશે તો દેશની મુક્તિ જલ્દી થશે. કુદરતની દ્રષ્ટિ આપણા ઉપર છે. સેવા કરો. ફલ જરૂર મળશેજ.

બેંગલોર. ઇન્દ્રવિજય.

ॐ અર્હં નમ:

# વંદે શ્રી વીરમાનંદ.

પુના શહેર વેતાળ પેઠ નાં૦ ૧૫૫ દશાશ્રીમાળી જૈન ધર્મશાળાથી પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ ૧૦૦૮ શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર વર્તમાન આચાર્ય મહારાજ ૧૦૮ શ્રી શ્રીમદ્‌વિજયવલ્લભસૂરી મહારાજજીની આજ્ઞાનુસાર સકળસંઘ પંજાબ યોગ્ય ધર્મલાભ સાથે સુચના દેવામાં આવે છે કે:—

આજકાલ પ્રાયઃ કુલ હિન્દુસ્તાનમાં સ્વદેશીની લહેર ચાલી રહી છે તે આપનાથી અજાણી નથી. વર્તમાનપત્રો વિગેરેથી માલુમ થાય છે કે પંજાબ દેશમાં પણ આ લહેર જોરપૂર્વક ચાલી રહી છે તો આશા છે કે આપ શ્રીસંઘે અમારા પંજાબમાં આવવાના વખતમાં સં. ૧૯૭૮ માં જેવો ધર્મપ્રેમ જાહેર કર્યો હતો, તેમજ શુધ્ધ પવિત્ર વસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો; જેમાં ખાસ કરીને દેવદર્શન, પુજા, સામાયિક પ્રતિક્રમણ, ધર્મકથન-વ્યાખ્યાન આદિ ધાર્મિક પ્રસંગોમાં તો શુધ્ધ પવિત્ર વસ્ત્ર વગર બીજા વસ્ત્રોનો બીલકુલ ઉપયોગ નહિં કરવાનો સ્વીકાર કર્યો હતો. આ પ્રકારે બરાબર પ્રનાલિ ચાલતી હશેજ.

અથવા કોઇપણ કારણવશાત્ કોઇપ્રકારની શીથીલતા થઇ ગઇ હોય તો આ સમયે તો સાવધાન થઇ જવાની આવશ્યકતા છે. આપ પોતે વસ્તુસ્થિતિને સમજો છો તેટલા માટે અધીક ખુલાસાની જરૂર નથી. જે વસ્તુથી આપણા ધર્મની, દેશની અથવા સમાજની પાયમાલી હોય તે વસ્તુ ઉપર મોહ કરવો તે સંપૂર્ણ રીતે આપણી ભૂલ છે.

આપ શ્રીસંઘને ખુશ થવાનો અવસર છે આપ શ્રીસંઘ પંજાબ નિવાસી અમારા પંજાબના વિહાર વખતે આપણા ધર્મની રક્ષાની ખાતર આપે સ્વર્ગવાસી ગુરૂદેવના નામનું સ્મરણ કરીને અપવિત્ર અશુદ્ધ વસ્ત્ર તેમજ કેસર આદીનો બહિષ્કાર કર્યો હતો, તે વખતે આપ શ્રીસંઘ પંજાબની તેમજ અમારી કેટલાક સાધુ સાધવી શ્રા આવક આવીકા હાંસી કરતા હતા પરંતુ કુદરત આપ શ્રીસંઘ પંજાબને અનુકુળ થવાથી તે તે પ્રતિકુળ વ્યક્તિઓને આપને અનુકુળ હોવાનો સમય આવી ગયો, કેટલાએક જૈન સાધુ સાધ્વીઓએ વિલાયતી અપવિત્ર અશુદ્ધ વસ્ત્રનો ત્યાગ કરીને સ્વદેશી વસ્ત્રો ધારણ કરવાની શરૂઆત કરી દીધી છે. આશા છે કે ધીમે ધીમે બાકીનાઓ પણ કરવા માંડશે. કેમકે શ્રાવક શ્રાવિકાઓમાં આ લહેર ઘણીજ જોરથી ચારે તરફ ચાલી રહી છે, તેમજ શહેર અમદાવાદ જ્યાં આપણા જૈન ભાઇઓની વસ્તી લગભગ ૩૦ હજારની છે ત્યાં શ્રી જૈન સ્વદેશી પ્રચારક મંડળની સ્થાપના થઇ છે. તા૦ ૧૧ જુન ૧૯૩૦ ના મુંબઇ સમાચારમાં એક લેખ પ્રકટ થઇ ચુકેલ છે જે તા૦ ૫-૬-૩૦ અમદાવાદથી લખેલ છે તેમાં જાહેર કરેલું છે, કે :—

"તા૦ ૨૯-૫-૩૦ અમદાવાદના સમસ્ત જૈનોની એક જાહેર સભા શ્રી જૈન સ્વદેશી પ્રચારક મંડળની તરફથી વીસા શ્રીમાળીની વાડી (બોર્ડીંગમાં) જૈનોમાં સ્વદેશી વસ્ત્રોના પ્રચારના નિમીત્તે બોલાવાઇ હતી જેમાં આમંત્રણ પત્રિકાને માન દઇને મોટા મોટા શાહુકારો પ્રતિષ્ઠિત આગેવાનો મશહુર વેપારીઓ વિગેરે પાંચ હજાર જૈન ભાઇઓએ હાજરી આપી હતી. સભાના પ્રમુખ અખીલ હિંદુસ્તાનના જૈનોની શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થાના પ્રમુખ જૈન સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇના સુપુત્ર શેઠ કસ્તુરભાઇ લાલભાઇ હતા.

તેમણે પોતાના ભાષણમાં કહ્યું કે હવે ભાષણ કરવાનો સમય ચાલ્યો ગયો છે. હવે તો કામ કરીને દેખાડનારની હિમ્મત છે પરદેશી રાજ્યતંત્રના કારણથી હજુ સુધી પણ વિદેશી કાપડ તથા વસ્તુઓની આપણી મોહજાળ છુટતી નથી આજના જમાનામાં પણ આપણે સભા બોલાવવી પડે એ એક શરમની વાત છે. પશ્ચિમમાં કોઇ એવો દેશ નથી કે જેને સ્વદેશી વસ્તુ વાપરવાનો બોધ કરાવવો પડે આપણા એશીયા ખંડનો એક દેશનો દાખલો લઇએ તો પણ એ દેશથી આપણને ઘણું શીક્ષણ મળે તેમ છે. જાપાન કે જે આજથી પચાસ વર્ષ પહેલાં એક સામાન્ય દેશ હતો તે આજે સામ્રાજ્યની શક્તિનો એક મોટો દેશ થઇ ગયો છે જેનું ખાસ કારણ એ છે કે ત્યાંના રહેવાસીઓમાં સ્વદેશાભીમાન તથા સ્વદેશપ્રેમની એટલી મજબુત જડ જામી ગઇ છે કે એક નાનામાં નાની ચીજથી માંડીને હજારો ટનની આગબોટ પોતાના દેશમાં તૈયાર કરીને તેનો ઉપયોગ કરે છે ત્યાંના વેપારી પોતાનો માલ પોતાની આગબોટ મારફત મંગાવે છે તેમજ મોકલે છે પોતાના વિમા જાપાનીસ કંપનીઓનેજ આપે છે તેમજ જ્યાં સુધી જાપાનીસ ચીજ મળી શકે ત્યાં સુધી ત્યાંની પ્રજામાં કોઇ પણ એવો માણસ નથી કે વિદેશી વસ્તુ ખરીદ કરે આ સર્વ વાતો તેમને કોઇએ શીખવી નહોતી અથવા સભામાં બોલાવીને ભાષણો સંભળાવીને પ્રચાર કાર્ય કરવાની જરૂરીઆત થઇ નહોતી માત્ર સ્વદેશાભીમાન અથવા સ્વદેશપ્રેમ એ બન્ને વસ્તુએ આ સર્વ બનાવી આપ્યું છે. × × × વળી આપ કહો છો કે આપણા અહોભાગ્ય છે કે આજે આખા ભારતવર્ષમાં પુજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વદેશપ્રેમ અથવા ભાવનાનું એવું તો વાતાવરણ ફેલાવ્યું છે કે સ્વદેશીનો પ્રચાર સ્વાભાવિક રીતે થઇ ગયો છે. આવા વાતાવરણમાં આપ આપની ફરજ ભુલશો નહિં અથવા એક સાચા હિંદી તરીકે બીજું કંઇ ન બને તો સ્વદેશી વસ્ત્રનો તથા જેટલી સ્વદેશી વસ્તુઓ મળે તેટલી વાપરવાનો નિશ્ચય કરશો. જૈન સમાજે ભુતકાળમાં અનેક કાર્યો કરીને પોતાનું નામ સુવિખ્યાત કરેલું છે તો જે વખતે આખો દેશ પરદેશી તંત્રથી છુટકારો મેળવવાને માટે જબરજસ્ત જંગ મચાવી રહ્યો છે એવે વખતે જૈન કોમે ઉજ્જવળ ભાગ નથી લીધો એવું કહેવડાવવાનું ઉચિત નથી. જૈન કોમ એક વેપારી કોમ હોવાથી આ કામમાં મોટો ભાગ લઇ શકે તેમ છે, અથવા મને વિશ્વાસ છે કે ૭ બાર મહિનામાં જૈનનો એક બાળક પણ એવો ન હોય કે જેણે વિદેશી કાપડનો હમેશને માટે બહિષ્કાર ન કર્યો હોય. પુજ્ય મુનિ મહારાજાઓને સ્વદેશી વસ્ત્રો આપવા એ આપને ઉચિત છે તેમજ આપણા જૈન મંદીરોમાં પણ સ્વદેશી વસ્ત્ર વાપરવા ઉચિત છે. × × × × હિંદુસ્તાનમાં દર વર્ષે સીત્તેર કરોડનું વિદેશી કાપડ આવે છે તો દરેક હિન્દુસ્તાની ભાઇ સ્વદેશી વસ્ત્ર ધારણ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારી લે તો આ ૭૦ કરોડ રૂપીઆ દેશમાં રહે તેમજ હજારો ભુખે મરતાં ભાઇ બહેનોની રોજી ચાલુ રહે.

* * *

અમોને આશા છે કે શેઠ કસ્તુરભાઇ લાલભાઇ (M. L. C) ના ઉદાર વિચારોની સાથે આપ શ્રીસંઘ પંજાબ સહમત થઇને પોતાની ફરજનું અવશ્ય પાલન કરશો.

દઃ મુનિ ચરણવિજયના ધર્મલાભ પુજ્યપાદ આચાર્યશ્રીની આજ્ઞાનુસાર આ સુચના આપવામાં આવી છે.

વલ્લભવિજયજીના ધર્મલાભ ઉપરની સુચના બરાબર ધ્યાનમાં લેવા યોગ્ય છે.

સંવત્ ૧૯૮૬ ના અષાડ વદી ૫, તા૦ ૧૬-૬-૩૦.

# રૂપચંદ કેશવલાલનો ખુલાસો.

## તે ઉપર દિ. જૈન યુવક સંઘના સેક્રેટરીએ પાડેલો પ્રકાશ.

ભાઇ રૂપચંદ કેશવલાલ પોતે દિ. જૈન નૃસિંહપુરા જ્ઞાતિના છે અને પરતાપગઢના વતની છે. તેમના વડીલ બહેન શ્રીમતી ગેંદીબાઇ તરફથી હમારા મંડળપર એક પત્ર તા૦ ૨૬-૫-૩૦ અને બીજો તા૦ ૨૯-૫-૩૦ એ એમ બે પત્રો આવ્યા જેમાં લખ્યું હતું કે :-મારો ભાઇ રૂપચંદ મુંબઇમાં શ્વે. સાધુ પાસે દિક્ષા લેવાનો છે. એવા મને ચોક્કસ ખબર મળ્યા છે મને ફક્ત તેનોજ આધાર છે તેને તમો દિક્ષા લેતાં હાલતરત રોકો અને પરતાપગઢ આવે તેમ કરો.

આ પત્રો ઉપરથી હમોએ, આ બાબત શ્વેતાંબર સમાજને લગતી હોઇ જૈન શ્વે. કોન્ફરન્સ, જૈન યુવક સંઘ, અને શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શેઠ જીવતલાલ પ્રતાપસીંહ અંધેરીના શ્વે. જૈન સંઘ (જ્યાં ભાઇ રૂપચંદને તા૦ ૧૭-૫-૩૦ એ દિક્ષા આપનાર સંતજીને પત્રો લખ્યા કે આપ ભાઇ રૂપચંદને તેના વાલી અને દિ. જૈન સંઘની રીતસર સંમતી લીધા સિવાય કોઇ પણ શ્વે. જૈન સાધુ ભારતના કોઇ પણ ભાગમાં દિક્ષા ન આપે તેમ તુરત વ્યવસ્થા કરો અને એ રીતે દિ. જૈન સમાજને નાહક ઉશ્કેરણીથી બચાવો: હવે ભાઇ રૂપચંદ અંધેરીથી તા૦ ૩૦-૫-૩૦ એ કઇ રીતે આવ્યો તે જણાવીશ.

તા૦ ૩૦ મી મેની સાંજ સુધીમાં જૈન શ્વે. કોન્ફરન્સ સિવાય કોઇ તરફથી હમોને હમારા પત્રોનો જવાબ ન મળ્યો અને રાત્રે ૮ વાગે હમોને ખબર મળી કે કાલે (તા૦ ૩૦-૫-૩૦) સવારે બીજા દિક્ષા લેનાર ભાઇ સાથે ભાઇ રૂપચંદને પણ દિક્ષા આપવાની છે, આ સાંભળી મેં તુરતજ આ દિક્ષા અટકાવવા માટે મુંબઇના શ્વે. જૈન સંઘ જોગ એક અપીલ પ્રસિદ્ધ કરવા 'હિન્દુસ્તાન' પત્રપર મોકલી, (જે તા૦ ૩૧-૫-૩૦ ના સવારના 'હિન્દુસ્તાન અને પ્રજામિત્ર'માં પ્રસિદ્ધ થઇ છે) અને ભાઇ ઝવેરીલાલ ચુનીલાલજીને રૂપચંદને મળી ચોક્કસ ખબર મેળવવા અંધેરી મોકલ્યો ભાઇ ઝવેરીલાલ શેઠ નગીનદાસને બંગલે જઇ રૂપચંદને મળ્યો અને તેને દિક્ષા આપવાની છે તે સંબંધી ખુલાસો પુછ્યો તેણે બંગલામાં જઇ વાત કરવાની ના પાડી અને ઝવેરીલાલ સાથે બહાર ગયો અને વાતચીત કરતા કરતા સ્ટેશન નજદીક તેઓ આવી પહોંચ્યા જ્યાં ભાઇ જગમોહનદાસે પણ રૂપચંદને તેની દિક્ષા સંબંધી પૂછતાં તેણે જણાવ્યું કે મારી ઇચ્છા હતી પણ મારી તે માટે યોગ્યતા નહોતી એમ કહી ગઇ કાલે એ વાત મોકુફ રાખવામાં આવી હતી. પરંતુ આજે રાત્રે નગીનદાસ શેઠને બંગલે દિ. જૈન યુવક મંડળના શેઠપર આવેલા પત્રપર વિચાર કરવા ત્યાંના મુખ્ય માણસો ભેગા થયા હતા અને ચર્ચા દરમ્યાન એવા ઠરાવપર આવ્યા છે કે યુવક સંઘવાળા અને આ દિ. મંડળ બધા એકજ લાગે છે તેમના ના કહેવાપર દિ. જૈન સમાજના આ ભાઇને તો કાલે જરૂર દિક્ષા આપી દેવીજ જોઇએ.

"હું પ્રકારના સોગન ખાઇ કહું છું કે મારી દિક્ષા લેવાની હવે બીલકુલ ઇચ્છા નથી અને મને શેઠ મારી ઇચ્છા વિરૂદ્ધ દિક્ષા અપાવશે એમ લાગે છે માટે તમો મને અત્યારે જો મગન મામા પાસે મુંબઇ લઇ જાઓ તો સારૂં તેમની સલાહ લઇ ઠીક લાગશે તો પાછો અંધેરી આવીશ નહિં તો કંઇ નહિ." બાદ એ બન્ને જણા સ્ટેશનપર ગયા જ્યાં રૂપચંદે જણાવ્યું કે જતો આવતો શેઠનો કોઇ માણસ મને જોશે તો ઠીક નહિ થાય માટે મોટરમાં જઇએ તો ઠીક તે પરથી જવા આવવાની મોટર ભાડે કરી તે વખતે ૧૦ વાગ્યા હતા બરાબર ૧૦॥ વાગે મુંબઇ આવ્યા ઝવેરીલાલે મને ઉપરોક્ત હકિકતથી વાકેફ કર્યો અને હું પણ તેઓ સાથે મગન મામાને ત્યાં જવા નીકળ્યો બારાકુવા પાસે મોટર ઉભી રખાવી તેના મામા જ્યાં રહે છે તે ઠેકાણે ગયા તે તે વખતે તેઓ ત્યાં નહોતા, ત્યારે મેં રૂપચંદને કહ્યું કે રણછોડભાઇ તને મળવા ઇચ્છે છે માટે તારી ઇચ્છા હોય તો આજ ત્યાં જઇને પછી અહીં આવીએ તેણે હા પાડવાથી હમો પ્રીન્સેસ સ્ટ્રીટ રણછોડભાઇને ત્યાં ગયા મેં તેને તેની બ્હેનના પત્રની વાત કહી અને રણછોડભાઇએ પણ તેને કહ્યું કે તારી મોટી બ્હેન ગેંદીબાઇનો મારાપર રજીસ્ટર પત્ર આવ્યો છે અને તેમાં લખ્યું છે કે ભાઇ રૂપચંદને દિક્ષા લેતા રોકજો અને પરતાપગઢ મોકલજો માટે મારી તને સલાહ છે કે તારી દિક્ષા લેવાની ઇચ્છા નથી ત્યારે તું હવે અંધેરી ન જા અને તારી બ્હેન પરતાપગઢ બોલાવે છે માટે પરતાપગઢ જા. બાદ તે કામધંધો શું કરે છે એમ પૂછતાં તેણે કહ્યું કે પહેલાં કાપડની ફેરી કરતો હતો અને હાલ લગભગ એક માસથી નગીનદાસ શેઠને ત્યાં નોકર છું પગાર નક્કી કર્યો નથી ત્યાંજ જમું છું અને મોટે ભાગે રામવિજય મહારાજ પાસે મારે રહેવાનું થાય છે આટલી વાતચીત થવા બાદ હમો ત્યાંથી નીચે ઉતર્યા અને મોટરમાં બેસી બારાકુવા પાસે અટક્યા પછી રૂપચંદને મગન મામાને ત્યાં જવું હોય તો ત્યાં, અંધેરી જવું હોય તો અંધેરી જ્યાં ઠીક લાગે ત્યાં જવા કહ્યું તેણે કહ્યું કે હું મગન મામાને ત્યાં જઇશ અને ત્યાંજ સુઇ જઇશ એમ કહી સવારે અંધેરી જવું પડે તો જવા માટે ગાડી ભાડાના પૈસા ભાઇ ઝવેરીલાલ પાસેથી લઇ તે તેના મામાને ત્યાં ગયો હમો હમારે ઘેર ગયા આ વખતે ૧૧॥ વાગ્યા હતા.

આ ઉપરથી જોઇ શકાશે કે ભાઇ રૂપચંદની સહી કરાવી લઇ તા૦ ૧૦-૬-૩૦ ના 'મુંબઇ સમાચાર'માં જે જે હેવાલ બહાર પાડ્યો છે તેમાં જણાવેલ હકીકત તેને જબરજસ્તી કરવાની, લાલચ આપવાની વગેરે વાતો તદન બદઇરાદા ભરેલી છે.

જે શ્વે. સાધુ પોતાની ભુતકાળની કાર્યવાહીથી દિક્ષા માટે અયોગ્ય એવા બાળકને દિક્ષા આપી દેવાના કાર્ય માટે અને તેમના સમાજમાં કલેશ ફેલાવનાર તરીકે થોડા જાણીતા થયેલા છે, જેમની ત્યાગ અને વૈરાગ્યની વાતો પ્રત્યે હમોને સંપૂર્ણ માન છે, છતાં તેમને હમે હમારા એક વીરતિ શ્રાવકથી વધુ ઉંચા પદ ધારી નથી લેખતા તેમની પાસે એક અજ્ઞાન દિ. જૈન ભાઇ કે જેને મુનિધર્મ તો શું પણ શ્રાવક ધર્મનું પુરૂં જ્ઞાન નથી તેને હાલ દિક્ષા ન લેવાનું કહેવા માટે તેમજ એ શ્વે. સાધુને તેના વાલી અને દિગંબર જૈન સંઘની સમ્મતી લીધા સિવાય દિક્ષા ન આપે એમ સુચવવા માટે મંડળના એક મંત્રી તરીકે હું તદન વાજબી હતો એમ સૌ કોઇ કબુલ કરશે વળી ભાઇ રૂપચંદના ઉપરોક્ત નિવેદનથી. શેઠ જીવતલાલ તેની દિક્ષાની વાતથી તદન અજાણ હતા એવું તેમનું કહેવું પણ ભરમ ભરેલું લાગે છે.

છેવટે હું ભાઇ રૂપચંદને સલાહ આપું છું કે આ ખોટી ઇંદ્રજાળમાંથી ખસી જઇ વાસ્તવીક આત્મોન્નતિ અર્થે પૂર્વાપર વિરોધ રહિત આગમ ગ્રંથોનું અવલોકન અને મનન કરે અને તે પ્રમાણે આચરણ કરે અને જ્યારે સાચો વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે બ્રહ્મચારી, ક્ષુલ્લક, ઐલક એ પદ અનુક્રમે ધારણ કરી જેને હાલ પોતે અસત્ય માને છે તેવી દિગંબરી દિક્ષા ધારણ કરી આત્મ કલ્યાણ કરે.

# સમસ્ત જૈન પ્રજાનું ગંજાવર સરઘસ.

## દેશની સ્વતંત્રતાની લડતમાં કોન્ફરન્સે ફીરકાઓના ઐક્યતાની મારેલી મહોર.

### આઝાદીની લડતમાં જૈનો કોન્ગ્રેસની સાથે છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફની સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ તરફથી ત્રણે ફીરકાના સમસ્ત જૈન પ્રજાનું જાહેર સરઘસ રવીવાર તા૦ ૧૩-૭-૩૦ ના રોજ કોન્ફરન્સના મકાન પાસેથી જાહેર કર્યા મુજબ બરાબર ૨-૧૫ (સ્ટા. ટા.) નીકળ્યું હતું.

આઝાદીની લડતમાં જૈન પ્રજા કોંગ્રેસની સાથે છે અને તેમાં પોતાની કોમમાંથી બની શકે તેટલો વધુમાં ફાળો આપવાની ભાવનાથી ઉપરોક્ત સમિતિ સ્થપાઇ છે. અને દરેક જૈન ભાઇ ફિરકાના ભેદ ભુલી ઉત્સાહથી જોડાયા હતા.

તેમાં મહાવીર વિદ્યાલય, બાબુ પનાલાલ સ્કુલ, કાનજી કરમશી માસ્તરની સ્કુલ, કચ્છી દશા તથા વિશા ઓશવાળ બોર્ડીંગ તથા જૈન પાઠશાળા દશા શ્રીમાળી સંયુક્ત જૈન તથા બીજાં વિદ્યાર્થીગૃહોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, કચ્છી દશા તથા વિશા ઓશવાળનાં સર્વ સ્વયંસેવક મંડળો પોતાના બેન્ડ સહીત હાજર થઇ ગયા હતા. જૈન યુવક સંઘ, માંગરોળ જૈન સભા, કોટનો સંઘ, કચ્છી મંડળો, પાટણ તથા રાધનપુર મંડળના સભ્યો પણ હાજર હતા.

શ્રી જૈન મહીલા સમાજ તરફથી સ્ત્રી-વર્ગ પણ હાજર હતો. ત્રણે ફીરકાના સમસ્ત જૈન સમાજમાં ફક્ત શ્રી જૈન યંગમેન્સ સોસાયટીના વોલંટીયરો ગેરહાજર હતા. સાંભળવા પ્રમાણે રામવિજયની પાર્ટી તરફથી સરઘસમાં ન જોડાવા માટે ટેલીફોનદ્વારા પ્રયત્નો થયા હતા.

દેશની આઝાદીની લડતમાં ફાળો આપવાની સૂચના કરતાં ઘણાં ઘણાં સાઇનબોર્ડો નજરે પડતાં હતાં:— ખાદી એટલે અહિંસા. વિદેશી કાપડ સુતર વિગેરેમાંથી રૂ. એક અબજ. મોટર, સાયકલ રૂ. ૧૨ કરોડ. પરદેશી સાકર રૂ. ૧૯ કરોડ. પરદેશી દારૂ રૂ. ૫ કરોડ. સીગારેટ તથા તમાકુ રૂ. ૩ કરોડ. પરદેશી મીઠું રૂ ૨॥ કરોડ. દીવાસળી રૂ ૧॥ કરોડ. સાબુ રૂ. ૨.૯ કરોડ. બંગડી રૂ ૧ કરોડને પરદેશ જતાં બચાવો. બ્રીટીશ શીપીંગ, બેન્કીંગ અને વીમા કું૦નો બહિષ્કાર—સ્વદેશીમાં સ્વરાજ છે. વિદેશીમાં વિનાશ છે—તેવી ભાવનાના ઘણાં બોર્ડો હતાં. તેમાં પણ જૈન ભાવના માટે નીચેનાં બોર્ડ વધારે ધ્યાન ખેંચે તેમ હતાં:—

ખાદીના ઉપદેશમાં રાજદ્વારી ચર્ચા નથી પરંતુ દેશહિતનું કાર્ય છે. દેશી યા વિદેશી મીલ કાપડ ખાસ ત્યાજ્ય છે. કારણ કે તેમાં યંત્રકર્મનો મહા દોષ છે. શુધ્ધ ખાદીમાં યંત્રકર્મનો દોષ સર્વથી ઓછો છે. શુધ્ધ ખાદી વાપરવાનો ઉપદેશ લોકોને પાપમાંથી ઉગારે છે.ત્યાજ્ય વસ્તુ ભાવપૂર્વક ભેટ આપવામાં આવે તો પણ ન લેવાય. અને સર્વથી આકર્ષક સરઘસની વચ્ચે મોટરમાં મહાત્મા ગાંધીજીની છબી હતી.

સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિના સભ્યોના આશ્રય નીચે સરઘસ હોવાથી તેઓ આગળના ભાગમાં નજરે પડતા હતા. કોન્ફરન્સ ઓફીસના હોદ્દેદારો અને સભ્યો પણ તેમની સાથે હતા. પ્રમુખશ્રી સારાભાઇ નેમચંદ હાજી, મંત્રીઓ શ્રી. ચીનુભાઇ લાલભાઇ, શ્રી. મણીલાલ મોહકમચંદ, શ્રી. મકનજીભાઇ, શ્રી મોતીચંદભાઇ, શ્રી. રણછોડભાઇ રાયચંદ, શ્રી. છોટાલાલ પ્રેમજી, શ્રી. રતનચંદ ચુનીલાલ જરીવાલા, શેઠ વેલજી લખમશી, ડૉ. મુનશી હીરજી મલીશરી વિગેર ગૃહસ્થો મોખરે નજરે પડતા હતા.

ત્યારબાદ સ્ત્રીવર્ગ પણ બે હજાર ઉપરાંતની સંખ્યામાં હાજર હતી. અને પાછળ જૈન જનતા સાગરની જેમ ઉછળી પડી હતી. સરઘસ ઘણુંજ લાંબુ હતું અને જૈનો વ્યવસ્થા બરાબર જાણે છે તેનું ભાન કરાવતું હતું. સરઘસમાં જૈનોની સંખ્યા આશરે પચીસ હજારની હશે. અને ઝવેરી બજારમાં આવતાં પચાસ હજાર ઉપરાંતની સંખ્યા નજરે પડતી હતી.

સરઘસ ગુલાલવાડી, સી. પી. ટેંક રોડ, ભુલેશ્વર રોડ, કાલબાદેવી રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુમ્બાદેવી રોડ, મસ્જીદ બંદર રોડ થઇ શ્રી કચ્છી દશા ઓશવાળ મહાજનવાડી બરાબર ટાઇમે પહોંચી ગયું હતું.

મહાજનવાડીમાં આટલી મોટી મેદની એકત્ર થયેલ હોવાથી ટુંક વિવેચનો કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સમિતિના પ્રમુખ શ્રી સારાભાઇ નેમચંદ હાજીએ જે ભાઇઓ તથા બ્હેનો સરઘસમાં જોડાયાં હતાં. અને મંડળો તેમજ વિદ્યાર્થીગૃહો હાજર થયા હતાં—તેમનો સર્વનો આભાર માનતાં, આઝાદીની લડતમાં એકત્ર થયેલ જૈન જનતાને જોઇ હર્ષ પ્રદર્શીત કર્યો હતો.

શ્રી મોહનલાલ હેમચંદે સ્વતંત્રતાની લડતમાં વધારે અને વધારે ફાળો આપવા આગ્રહ કર્યો હતો.

#### જૈન ઇતિહાસનું પુનરાવર્તન.

મુનિ ત્રીલોકચંદજીએ મહાવીર પોતાના પુત્રપુત્રીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે આજે માનવસમુહ જોઇને મને ખાત્રી થાય છે કે આપણે જૈન નામને લાયક છીએ. જુદા જુદા ફીરકાઓમાં વહેંચાઇ જવાથી ધર્મનો નાશ રહેલો છે. તે સમજી શકાય તેમ છે.

અત્યારે દેશભરમાં અઢી હજાર વર્ષ પછી જૈન ધર્મની નવી જાગૃતિ નજરે પડે છે. બીન અપરાધી તો શું પરંતુ અપરાધીને પણ જતા કરવાનું તેનું પાલન અને તે માટે તન, મન, ધનનું અર્પણ આ સર્વ જોતાં જૈન ધર્મનું પુનરાવર્તન થતું હોય એમ મને લાગે છે. આવે વખતે જૈન સમાજ સેવા માટે ફકીરી લે જેટલો ભોગ આપે તેટલો ઓછો છે. તેમાં જેટલો ફાળો ઓછો તેટલું પરમાત્મા મહાવીરને ઠગવા જેવું છે.

#### એકત્રતાનો આ બનાવ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

ત્રણે ફિરકા, સ્થાનકવાસી, મૂર્તિપૂજક કે દીગમ્બર પોતાના ફિરકા ભુલી જાય અને સર્વ કહે કે હું જૈન છું. તે રીતે હાથોહાથ મીલાવી કાર્ય કરવામાં જીવનનું સાફલ્ય રહેલું છે. આજે એકત્ર થયેલ ત્રણે ફિરકાની જનતાનો બનાવ ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાશે.

(જુઓ પાનું ૨ જું.)

# અહિંસા અને મેંચેસ્ટરનું રંગીન કાપડ.

આજકાલ ખાદીપ્રચાર કેટલાક જૈન સાધુઓને ખૂબ ખુંચી રહ્યો છે અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે ગમે તેમ હોય પણ અહિંસા ધર્મ સાથે ખાદીને અતલગનો સંબંધ છે ત્યારે તેઓ આવી દલીલ કરનારાઓને હસી કાઢે છે અને આવા અહિંસા ધર્મના નામે ધાંધલ કરનારાઓને વખોડી કાઢે છે. તેમના મતે અહિંસા ધર્મનું પ્રતિપાલન કરનારે તો મેન્ચેસ્ટરનું રંગીન કાપડજ વાપરવું ઘટે છે. આવા વિચારો ધરાવનાર સાધુઓના શિરોમણિ એક સુપ્રસિદ્ધ જૈન આચાર્ય પોતાના અઠાણુ અનુયાયીઓને નીચે પ્રમાણે સમજાવે છે એમ મારા સાંભળવામાં આવ્યું છે.

## વાઉકાયની રક્ષા.

"પ્રથમ તો હાથે કાંતેલ અને હાથે વણેલ ખાદી અને મીલનું કાપડ–એ બન્નેની ઉત્પત્તિનો વિચાર કરીએ તો રેંટીયા મારફત સુતર ઉત્પન્ન કરવામાં રેંટીયાનું ચક્ર ખૂબ ફેરવવું પડે છે તેમજ સાળમાં કાપડ ધીમે તૈયાર થતું હોવાથી યંત્રકર્મ વધારે વખત આચરવું પડે છે જ્યારે મીલમાં તો એન્જીનનું એક મોટું ચક્ર ચાલે એની સાથે રૂમાંથી સુતર અને સુતરમાંથી કાપડ આંખના પલકારામાં ઉત્પન્ન થઇ શકે છે. માટે ખાદીમાં વાઉકાયની અપાર હિંસા સાથે સરખાવતાં મીલના કાપડની હિંસા ઉપેક્ષા કરવા યોગ્ય છે.

## અપકાયની રક્ષા.

બીજું આજકાલ ધોળાં કપડાં પહેરવાનો લોકોને જે ગેનીઓ લાગ્યો છે તે પણ મુર્ખાઇ ભરેલો અને ધર્મ વિરૂદ્ધ છે, કારણ કે ધોળાં કપડાં જલ્દિથી મેલાં થાય છે અને વારંવાર ધોવરાવવા પડે છે અને તેથી અપકાય જીવોની પારાવાર હિંસા થાય છે. આને બદલે રંગીન કાપડ પહેરવામાં આવે તો ધોબીને લગતો આરંભસમારંભ બહુ ઘટી જાય છે. આમ જ્યારે દલીલ રજુ કરવામાં આવે ત્યારે જૈન સાધુ શ્વેતાંબરી કેમ છે એ સહેજે કોઈ શંકાશીલ પ્રશ્ન આગળ ધરે એ શંકાનું નિવારણ એ રીતે કરવામાં આવે છે કે સાધુઓને પોતાનાં કપડાં અચિત પાણીથી ધોવાનાં હોય છે તેથી તેમને ધોળાં કપડાં પહેરવામાં બાધ આવતો નથી.

## ત્રસકાયનો વિચાર.

કેટલાક એવી દલીલ કરે છે કે મીલનાં કાપડમાં ચરબી બહુ વપરાય છે તેથી તે શ્રાવક માટે વર્જ્ય ગણાવું જોઇએ પણ આવી દલીલમાં કેટલીક અણસમજણોજ રહેલી છે. મીલના કાપડમાં ચરબી વપરાય છે એ બરોબર છે પણ ચરબી ખાતર જાનવરો મારવામાં આવતા નથી પણ માંસ ખાનારે ખાતર હણાતા જાનવરોની નકામી ચરબીનો આ ઉપયોગ કરવામાં આવે છે તેથી એવી ચરબીવાળા કાપડમાં હિંસાનો દોષ રહેલો છે એમ કહેવું એ વ્યાજબી નથી બીજું વસ્તુની ઉત્પત્તિના બહુ ઊંડાણમાં આપણાથી ઉતરી નજ શકાય. નહિ તો તો રેશમી કાપડ પણ વાપરી ન શકાય અને ગંદા ખાતરમાંથી જે ધાન્ય નીપજે છે તે પણ આપણાથી ખાઇ ન જ શકાય.

## મનુષ્યદયાનો વિચાર.

વળી જે જૈન સવાર સાંજ 'મિતિ મે સવ્વ ભુએસુ વેરં મજ્ઝં ન કેણઇ' એવો પાઠ કરે છે તેનાથી સ્વદેશી, પરદેશીનો ભેદ ન કરાય. સાધુ તો સ્વપ્ને પણ વિચારી ન શકે. તદુપરાંત વિલાયતના જીવનનો આધાર હિન્દુસ્થાન ઉપર છે. હિન્દુસ્થાન વિલાયતનું કાપડ આયાત કરવું બંધ કરે તો બેકાશાયરના મજુરો ભુખે મૂરે તેથી જ્યારે આજે ચો તરફથી વિદેશી વસ્ત્રના બહિષ્કારની ચળવળ ચાલી રહી છે ત્યારે સક્રિય અહિંસાવાદીની ફરજ છે કે તેણે મેન્ચેસ્ટરના કાપડને ટેકો આપી દયા ધર્મને શોભાવવો."

આ જાતની હાસ્યજનક દલીલોનો વિગતવાર ઉત્તર આપવાની જરૂર હોયજ નહિ. આપણા અમુક સામાન્ય સાધુઓની શું મનોદશા છે તેનો કાંઇક ખ્યાલ આપવાના હેતુથી ઉપરની વિગતો આપવી આવશ્યક ધારી છે. કેટલાકનું એમ માનવું છે કે સાધુઓને ખાદી પહેરવી કઠણ પડે એટલા માટે આવી દલીલો ઉપજાવી કાઢે છે. આ વિચારમાં અમુક અંશે સત્ય હશે પણ અમે તેને સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારી શકતા નથી. જે જૈન સાધુઓ બીજા અનેક કષ્ટો સહન કરે છે, પગે ચાલીને આખા દેશમાં વિહાર કરે છે, દિવસોના દિવસો સુધી ઉપવાસ કરે છે, ભિક્ષામાં જે મળ્યું તેથી સંતોષ પામીને ઉદરનિર્વાહ કરે છે તેમનામાં વસ્ત્રવિષયક આવી સુંવાળપણાનો આરોપ કરવો એ તેમનાં ચારિત્રનું અપમાન કરવા બરોબર છે. સાધુઓ ધારે તો અત્યારે વાપરે છે તેથી ઓછાં વસ્ત્રોથી જરૂર ચલાવી શકે. ઉપાશ્રયમાં ચાંપીજી પહેરે છે તેવા એકલા કચ્છથી સભ્યતાનો નિર્વાહ કરી શકે; અને બહાર જતી આવતી વખત એક કે બે બીજાં વસ્ત્રો હોય તો તેમની ચર્યામાં જરા પણ વાંધો ન આવે. પણ ખાદીવિરોધ ખરી રીતે તેમની રૂઢિપ્રિયતામાંથી જન્મે છે. જે પકડાયું તે હવે છુટતું નથી. કાળવશાત્ આપણામાં રેશમી વસ્ત્રો દાખલ થઇ ગયાં છે, આ ઘર ઘર પસરી ગઇ છે, મંદિરોમાં કેસર વપરાવા લાગ્યું તે બહુ જેમ આપણાથી છોડાતું નથી તેમજ સાધુઓમાં છેલ્લાં પચાસ વર્ષથી મીલનાં અને વિલાયતી વસ્ત્રો રૂઢ થઇ ગયા છે તેની ભડ છુટતી નથી; તે વિષેની ભૂલ તેઓ સ્વીકારવાની હીંમત ધરાવતા નથી પણ તેને બદલે તેનું વ્યાજબીપણું સિદ્ધ કરવા તેઓ મથે છે, અને રૂઢિનો આવો સામાન્ય સ્વભાવ છે. તેથી રૂઢિ રૂંધલાઓ તોડવાનો આજે ઠેર ઠેર ઉપદેશ થઇ રહ્યો છે. માણસની વિચારશક્તિને ઘણું રૂઢિઓ હંમેશા રૂંધીજ આવી છે. તેથી જેને પોતાનું જીવન સમ્યક્ વિચાર ઉપર ઘડવાનો મનોરથ હોય તેણે પહેલાં તો જે રૂઢિયો પોતે ધારણ કરી હોય તેની યોગ્યાયોગ્યતા ઉપર તટસ્થપણે વિચાર કરવાનું નિશ્ચયપૂર્વક શરૂ કરવું જોઇએ અને જે જે રૂઢિ પોતાના આત્મધર્મની બાધક દેખાતી હોય તે તે રૂઢિને તડાક તોડવા માંડવી જોઇએ. આમ કરવામાં આવે તોજ મનુષ્યમાં રહેલું આત્મતત્વ પ્રગટે અને કાળે કાળે નવજીવનનો જન્મ થાય છે. આ દ્રષ્ટિ જો આપણા જૈન સાધુઓને પ્રાપ્ત થાય તો પોતાના રૂઢ જીવન ઉપર ચઢેલો કાટ સહેલાઇથી તેઓ ઉખેડી શકે અને આજે સામાન્ય જનતા પાછળ અસહાય પ્રાણીઓ માફક તેઓ ઘસડાઇ રહેલ છે તેને બદલે માત્ર જૈન સમાજનેજ નહિ પણ આખી આર્ય જનતાને તેઓ સાચા માર્ગે દોરી શકે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, મામા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

શુક્રવારીયાનો બળાપો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૦ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ વદી ૧૦. તા૦ ૨૧-૭-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## વીરશાસનનું જર્નાલીઝમ.

રા. મોતીચંદભાઈએ તા૦ ૪-૭-૩૦ ના "વીરશાસન" પત્રમાં પ્રગટ થયેલા લેખને અંગે "વીરશાસન"ના તંત્રી ઉપર એક પત્ર લખ્યો હતો પણ વીરશાસન પત્રે તે પ્રગટ કરવાની તસ્દી લીધી નથી પણ તેમની હમેશની ટેવ મુજબ ભૂલ કબુલ કરવાં કરતાં પણ અંગત ટીકાઓ કરી છે. વાતનો જવાબ આપવો નહિ ને વાત કરનારની અંગત ટીકા કરવી તે વીરશાસનનું જર્નાલીઝમ છે. તે કાગળ નીચે મુજબ છે.

૭-૭-૩૦.

શ્રી વીરશાસન પત્રના અધિપતિ જોગ.

તમારા તા૦ ૪-૭-૧૯૩૦ ના સાપ્તાહિકના અંકમાં પૃ. ૬૨૦ ઉપર એક લેખ પ્રકટ થયો છે તે પર કોઈએ મારૂં ધ્યાન ખેંચ્યું છે. તેને અંગે જણાવવાનું કે તમો લખો છો તેવો કોઈ પત્ર મેં "ડભોઈ યુવક મંડળ" ઉપર લખ્યો નથી. હાલમાં કોન્ફરન્સના સભ્યોના નામો નોંધવામાં આવતાં નથી અને મારે એવો પત્ર સદર સંસ્થાને કે કોઈને લખવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી.

વધારે ખૂબિની વાત એ છે કે સદર ડભોઈ યુવક મંડળ મારા ઉપર તા૦ ૨૬-૬-૩૦ ને રોજનો કહેવાતો પત્ર તમારા પત્રમાં છપાવે છે તેવો કોઈ કાગળ પણ મને મળ્યો નથી.

આવા કૃત્રિમ પત્ર વ્યવહાર, ઉભા કરીને પર મનઃકલ્પિત ચર્ચા અને નોંધ લખવામાં કેવું માનસ વર્તતું હશે તે પર ટીકા કરવી પણ મારે માટે અસ્થાને છે. આપની આખી ટીકા અને તેની ભાષા ખરેખર તમને શોભા આપે તેવીજ છે.

પત્રકારિત્વનો કાંઈ અંશ બાકી રહ્યો હોય તો આ પત્રને આપના સાપ્તાહિકમાં યોગ્ય જાહેરાત આપશો. જો કે કહેવાતો પત્ર મારાથી લખાયો નથી, છતાં સભ્યો વધારવા માટે સેક્રેટરીઓ ઉપરાંત સંસ્થાના મેંબરો પ્રયત્ન કરે તો તેમાં હું કાંઈ અનુચિત જોતો નથી, પણ તમારે ત્યાં અત્યારે ન્યાય (લોજીક)જ જુદા પ્રકારનો વર્તે છે. એ મનોદશામાં મને ખેંચવાના પ્રયત્ન તમારા નિરર્થક છે. તસ્દી માફ કરશો.

લી૦ સ્નેહી,

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

(૨)

ધાર્મિક જમણવાર ઉપરના આટોપરના પીકેટીંગ માટે કાંઈ દલીલ બાકી રહી નહિ ત્યારે બ્હેનોને કોઈ વ્યક્તિએ ઉશ્કેરી હતી એમ જણાવી તે વ્યક્તિને ભારોભાર ગાળો તા૦ ૧૧ મી જુલાઈના અંકમાં આપી છે. તે વીરશાસનના જર્નાલીઝમનો બીજો નમુનો.

## બહિષ્કાર સમિતિનું કામકાજ.

**જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી નીમાયેલ સ્વદેશી પ્રચાર અને બહિષ્કાર સમિતિનું અઠવાડીક થયેલું કામ.**

સમિતિની કાર્યવાહક કમિટિ હમેશાં રાત્રીના ૮॥ થી ૧૦॥ સુધી કોન્ફરન્સ ઓફીસમાં મળે છે. જૈનોનું અપૂર્વ સરઘસ કાઢયા પછી સમિતિએ, કોન્ગ્રેસે બોલાવેલી બૉયકોટ કમિટિઓની સાથે વીચારોની આપ લે કરવા સારૂ ભાગ લઈ સમિતિએ કરેલા અને કરવા ધારેલા કામકાજની રૂપરેખા સમજાવી હતી. આજ સુધીમાં કુલ્લે બાર પત્રિકાઓ શાક હજારની સંખ્યામાં બહાર પાડી વ્હેંચવામાં આવી છે ભાવી કાર્યક્રમમાં સમિતિ તરફથી પખવાડીક ભાષણશ્રેણીનું રાખવામાં આવ્યું છે જુદા જુદા લત્તામાં ભાઈઓ અને બ્હેનોના ભાષણોની ગોઠવણ કરવામાં આવી છે. શનીવારે સાંજના કાર્યવાહક સમિતિના આઠેક સભાસદોએ કોટ મોદીખાને કાલજી ખેતસીની વાડીમાં રેંટીઆ પ્રચારક વર્ગની મુલાકાત લીધી છે. આવતા રવીવારે રેંટીઆ સંબંધી વધુ સમજ આપવા સારૂ ડૉ. ભાસ્કર પટેલને કોન્ફરન્સ ઓફીસમાં કાર્યવાહક સમિતિ આગળ બોલવા વિનંતી કરવામાં આવી છે શનીવારે રાતના શ્રીયુત્ નગીનદાસ ટી. માસ્તર સોલીસીટરના પ્રમુખપણા નીચે મુમ્બાદેવી કુવારા પાસે જૈનોની જાહેર સભા બોલાવી હતી. ઘરગથ્થુ અને તાત્કાલીક હંમેશની ઉપયોગી વસ્તુનું પ્રદર્શન કરવા સારૂ યોજના અને વીચારોની આપ લે થાય છે. પરદેશી કાપડ પહેરવાનું તદ્દન બંધ થાય એને માટે ઉપાયો કયા લેવા એ વિષે પણ ઉહાપોહ થયા કરે છે.

(૩)

તા૦ ૪-૭-૧૯૩૦ ચાલુ લડતને અંગે આ લેખ લખે છે તેમાં લડતના હેતુ સમજાવતાં જણાવે છે કે 'આપણે એટલે કે હિંદીઓ પરદેશી સત્તાઓને વ્યવસ્થિત લુટારૂ માનતા થયા છીએ અને આજ સુધી એણે ચલાવેલી લુંટનો બદલો લેવા ઇચ્છીએ છીએ. આ દ્રષ્ટિએ મુનિઓ તેમાં જોડાઈ ન શકે. ઇંગ્રેજી કહેવતમાં છે કે પહેલાં કુતરાને ખરાબ નામ આપો ને પછી તેને મારી નાંખો. તેમ લડતનો હેતુ ખોટો સમજાવી મુનિરાજ તેમાં ન જોડાઈ શકે તેવી દલીલ કરે તે વીરશાસનના જર્નાલીઝમનો ત્રીજો નમુનો છે. મહાત્માજી કે અન્ય કોઈ પણ દેશભક્તોએ આ લડત બદલો લેવાના હેતુથી ચલાવવામાં આવે છે એવું જણાવ્યુંજ નથી. ફક્ત ગરીબ દેશનો પૈસો બહાર ન ઘસડાઈ જાય ને દેશબંધુઓ વધારે દુઃખી ન થાય તેવી મનુષ્યદયાના હેતુથીજ આ લડત ચલાવવામાં આવી છે. પણ વીરશાસનને લડતનું સાચું સ્વરૂપ ક્યાંથી સમજાય?

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# શુક્રવારીયાનો બળાપો.

આજ કાલ શુક્રવારીયુ એના સ્વભાવ પ્રમાણે ગાળગલીચથી ધોળા કાગળોને કાળાં કરવામાંજ મહત્તા સમજે છે.

જ્યારે સમગ્ર દેશમાં ભારત મૈયાની આઝાદી માટે રણભેરીયે વાગી રહી છે, યુવકો, ને યુવતિઓમાં આઝાદી માટે અનેક પ્રકારના કષ્ટો સહન કરી જેલોમાં જઇ બેઠાં છે, હજારોના પર લાઠીના પ્રહાર થયા છે, ત્યારે આ શુક્રવારીયુ એના દુધપાકીયા બાબુબંધોની ખીર લઇને વકીલાત કરવા મેદાનમાં ઉતર્યું છે. એને બિચારાને ફાળ પડી છે કે પર્યુષણ જેવા ધાર્મિક દિવસોમાં એના દુધપાકીયા ટોળાને માલ મિષ્ટાન ખાતા બંધ કરવા કોન્ફરન્સ ઠીલચાલ કરવાની છે. એવી એને ગંધ આવી છે. આ ગંધથી ગાળાગલીચમાં આક્ષેપો કરવા માંડયા છે અરે! એણે તો જેલમાં ગયેલા શાહીદીપર પણ આક્ષેપ કરવામાં અવધી કરી છે. જેમ ભાન ભુલ્યો ધુત્રાથી બબડાં ભરે તેમ તેને તો આજથી સનેપાતનો ચાળો ઉપડયો છે. ભાઇ શુક્રવારીઆ! ધ્યાન રાખજે. જે વખતે દેશમાં ધર્મયુદ્ધ મંડાયું હોય તે વખતે તારા દુધપાકીયા ટોળાને ધર્મના નામે મીષ્ટાન ઉડાવવા મળે એ અમને તો અસંભવીત લાગે છે. ભાઇ આતો મુંબઇ છે. તારા માલીકને પુછી જો ? મુંબઇ કેવું છે, તેના જુવાનો કેવા છે. પછી તને ખાત્રી થશે.

પર્યુષણ જેવા પવિત્ર દિવસોમાં તપસ્યા વિ. કરીને ધર્મ ધ્યાન આરાધીનેજ આત્મનું કલ્યાણ સાધવાનું છે નહિ કે જે ખાંડમાં ભ્રષ્ટ ચીજો આવે છે, જે ખાંડ ખાવાથી ધર્મને ધોકો પહોંચે છે તે ખાંડના માલ મસાલા ખાવાનો ઉપદેશ કર્તા તારી કલમ કેમ ચાલે છે? શું? તું જેની ખીર લઇને આડા તડા લવરી કરી રહ્યો છે. તે તારા દુધપાકીયા અશીલો ધર્મના બાના નીચે અધર્મ કરે તેને પણ તું તો ધર્મજ ઠોકી બેસાડવા માગે છે. ભલે તારૂ દુધપાકીયું ટોળું માલ મીષ્ટાન ખાવામાંજ ધર્મ સમજતુ હોય તો ભલે એ બિચારૂ નાખુ જમી લે. અહિં એની કોને પડી છે, એ અને તું દયાને પાત્ર છો: પર્યુષણ પર્વ કેમ ઉજવવા તે આવતા અંકે.

# શ્રી રામવિજયજીનો દંભ પ્રગટ થાય છે.

## ઇન્ટરવ્યુના બહાને વાણીછળ રચાય છે.

## ગૃહસ્થો જે આપે તે લેવાની વાયડી વાતો થાય છે.

### આનું નામ તે સાધુતા?

લખનાર: પંડિત આણંદજી દેવસિંહ શાહ.

કેટલાંક દેશી સ્ટેટોમાં અમલદારોના ઓથે કોઇ તોફાની અને બદમાસ ટોળકી ઉભી થાય છે. નિર્દોષ પ્રજાજનો પર ખોટા કેસો કરે છે, મારપીટ કરે છે, અને એ બધું રૂશ્વતખોર નોકરશાહીની મીઠી નજરે નભે છે. તોફાની ટોળકીનો ભય, ત્રાસ, અને થરથરાટ જ્યારે વધી પડે છે ત્યારે પ્રજા અને એના મંડળો સ્ટેટના રક્ષણ ખાતાના ઉપરીને રિપોર્ટો, અરજીઓ અને તારો કરી આ ટોળકીના પરાક્રમથી વાકેફ કરે છે. પણ આ તોફાની ટોળી એવી તો પાવરધી હોય છે; કે તે પોકાર બનાવટી હોવાની બાજી ગોઠવે છે; તોફાની ટોળીના મુખ્ય માણસો કોઇ બહાનું લઇ રક્ષણ ખાતાના અમલદારની હાજરીમાં જાય છે અને બરાબર ત્યારેજ એજ ટોળકીનો કોઇ માણસ એ ટોળકીના કોઇ મુખીઓએ અમુક ગામમાં તોફાન કર્યું છે, માર માર્યો છે, ત્રાસ વર્તાવ્યો છે; વિગેરે બનાવટી સમાચારોનો લાંબો તાર કરે છે. તાર, રક્ષણખાતાના વડા સમક્ષ પહોંચે છે, ત્યારે પેલી તોફાની ટોળકીના સરદારો એ અમલદારને કહે છે કે જુઓ સાહેબ અમો તો આપ હજુર હાજર છીએ અને અમારા વિરૂદ્ધ આવા ખોટા તારો થાય છે, તેથી આપ સમજી શકશો કે આજ પહેલાં અમારા વિરૂદ્ધ થએલાં બધા પોકારો આ રીતે બનાવટીજ હતા. આ બાજીગરોની બાજીમાં ભોળો અમલદાર ભ્રમિત થાય છે અને એ લોકોને છુટા રહે છે. જૈન સમાજમાં પણ શાસન પક્ષ. શાસનપ્રેમી, ધર્મિવર્ગ વિગેરે નામોથી ઓળખાતી એક ટોળકીના પરાક્રમો આજ પ્રમાણે પ્રસિદ્ધ છે. તે સુધારાનો, સત્શાસ્ત્રોના વિચારકતાનો, વિકાસનો જૈન યુવાનોના કુચ કદમનો અને એવા સમાજની પ્રગતિના એકે એક પવિત્ર માર્ગનો ધર્મ અને શાસનસેવાના દંભી બહાના નિચે વિરોધ કરે છે, અને જેમ જેમ એ વર્ગનો વિરોધ વધે છે, તેમ તેમ તે વર્ગ તરફ જૈન અને જૈનેતર સમાજનો ખુલ્લો અને સ્પષ્ટ તિરસ્કાર પણ વધે છે. તેથી જૈનત્વ, ધર્મ, શાસન સેવા અને એવા બધાએ સદ્ગુણો સમાજમાં નિંદાય છે. આ વર્ગના બેફામ પ્રચાર, રીત અને વર્તણુંથી ઇતર સમાજોમાં જૈન ભાવની ઉચ્ચતા, શ્રેષ્ઠતા અને સુરક્ષીતતા અમુક અંશે ઘટી છે. શાસન પક્ષ વિગેરે ઉપનામોથી પ્રસિદ્ધ થએલ મુઠીભર શ્રદ્ધાંધ અને ધર્માંધ આ વર્ગના મુખ્ય પોષક, પ્રેરક, સંચાલક અને ઉત્પાદક શ્રી રામવિજયજીને ગણી શકાય અને તેમાં થોડા બીજા મુનિઓનો પણ સાથ અને સહકાર હોવાનું માની શકાય. શ્રી રામવિજયજીના સંબંધમાં ગઇ અશાડ શુદી ૧૪ ના રોજે જે વર્તમાન, જાહેર પત્રોમાં પ્રકટ થયા છે તે બનાવટી હોવાનું પાછળથી જાહેર થયું છે જો એ સમાચાર બનાવટીજ હોય તો તે પ્રકટ

કરનારે મહાસભા કે કોન્ફરન્સ નથી એ પણ જાહેર થયું છે; ત્યારે એ શાસનપક્ષ વિરૂદ્ધ ખોટી ઈરાદાપૂર્વક ચળવળ થાય છે એમ બતાવવા માટે એજ પક્ષની આ રમત હોય તો આપણે આશ્ચર્ય નહિં પામીએ. આ બનાવ બની ગયા પછી તા૦ ૧૨-૭-૩૦ ના 'મુંબઈ સમાચાર'માં શ્રી રામવિજયજીનો ઇન્ટરવ્યુ અને તેના ત્રીજાજ દિવસે શ્રી રામવિજયજીનો સુધારો પ્રકટ થાય છે. આજ પાછા પ્રકટ થતાં ઇન્ટરવ્યુની રચના, યોજના અને પ્રથમથી થયેલ ગોઠવણીથી તો સમાજ પરિચીતજ છે, આ ઇન્ટરવ્યુમાં પણ જે જાતની શબ્દરચના અને ભાષા જોવાય છે તે કોઇ તટસ્થ પત્રકારની ભાષા હોવા કરતાં તે ઉપાશ્રયમાંજ લખાઇ ઇન્ટરવ્યુના નામે પ્રકટ કરવામાં આવી હોય એવી એમાં ભાષા છે શ્રી રામવિજયજીનો હું જાણું છું ત્યાં લગી નિર્ભય, સાફ, સ્પષ્ટ અને ખુલ્લું કહી દેવાનો દાવો છે. પણ જાણીને નવાઇ પામું છું કે આ ઇન્ટરવ્યુમાં એ બધા તત્વોનો સદંતર અભાવ છે એમાં તો ભારોભાર પ્રપંચ, પાખંડ દંભ અને સત્યનો અપલાપ તરવરે છે એના બીજા સવાલમાં તે કહે છે કે:—

"સવાલ:—ખાદીના સંબંધમાં આપ શું ધારો છો? આપ એ વસ્ત્રને (ખાદીને) ત્યાજ્ય ગણો છો કે ગ્રાહ્ય ગણો છો."

જવાબ:—રાજકારણની કે એવી બીજી ચર્ચાઓ કરવાનું કામ મારૂં નથી" એમ કહી આખા જવાબમાં પંચકર્મની ભાંજગડમાં શબ્દછળ રચે છે. સવાલ કરનારે રાજકારણ કે બીજી રીતે ચર્ચામાં ઉતરવાને આમંત્રણ આપ્યું ન હતું છતાં તે રાજકારણની ચર્ચા ન કરી શકે, બીજી કોઇ ચર્ચામાં ન ઉતરી શકે એવો શબ્દછળ રચી પંચકર્મ સંબંધમાં જૈન શાસ્ત્રની માન્યતાનો લાંબોલચ હવાલો આપી ખાદી એ ગ્રાહ્ય છે કે કેમ? એનો જવાબજ ઉડાવી દે છે. સાચી વાત એ છે કે ખાદી પહેરવી એ પોતાને પ્રિય નથી. પસંદ નથી; મહાત્માજીની સુચવેલ છે તેથી પણ એનો એ તરફ વિરોધ છે. આ વાત છુપાવવા માટે આટલી બધી વાકૂજાળ ગોઠવવી પડી છે. એ પછીના સવાલ જવાબ શ્રી રામવિજયજીની મનોદશા પર અજવાળો પ્રકાશ પાડે છે તેથી તે જેમના તેમ ઉતારૂં છું.

સવાલ:—"આપે પહેરેલું વસ્ત્ર કેવું છે? સ્વદેશી કે વીદેશી?"

જવાબ:—અમારા સબંધમા તો એવું છે કે જે વસ્ત્રો ગ્રહસ્થો પોતાને માટે લાવેલા હોય છે એ વસ્ત્રોમાંથી તેઓ અમને જે કંઇ ભક્તિપૂર્વક આપે છે તેજ અમારે તો પહેરવાનું હોય છે. અમારા વસ્ત્રોની પસંદગી અમારે ઓછીજ કરવાની હોય છે". આ આખાએ જવાબમાં શ્રી રામવિજયજીએ જે દંભ, પ્રપંચ અને પાખંડ આચર્યું છે તે સામાન્ય અક્કલથી પણ છુપું રહી શકે તેમ નથી. પ્રશ્નકારે તમારા શરીરપરનું વસ્ત્ર કેવું છે એમ પુછ્યું તેનો જવાબજ અધ્ધર ઉડાવી દેવામાં આવ્યો છે અને પોતાને ગ્રહસ્થો જેવા વસ્ત્રો ભાવપૂર્વક આપે, જેવાં એ લોકો પહેરે તેવાંજ વસ્ત્રો વાપરવાનો શ્રી રામવિજયજીનો ધર્મ છે એમાં એ સાહેબને પસંદગી કરવા જેવું કંઇ છેજ નહિં. પરિભાર્ય કે અપરિધારી, ગ્રાહ્ય કે અગ્રાહ્ય કલ્પ્ય કે અકલ્પ્ય, નિર્દોષ કે સદોષ એની તપાસ ગવેષણા કે અવલોકન કરવાની જવાબદારીથી શ્રી રામવિજયજી સફાળા છુટી જવાનો જોરદાર યત્ન કરે છે પણ તેમ કરીને મુનિઓ પ્રત્યે જે મહાન શાસ્ત્રીય જવાબદારી રહી છે તેનું ગુન્હાપાત્ર અને ભયંકર અપમાન કર્યું છે મુનિઓ આહાર, વસ્ત્ર, પાત્ર અને એમ એમના ઉપયોગમાં આવતી એકે એક ચીજની નિર્દોષતાની પ્રાથમીક નજરે પૂરી ખાત્રી કરે અને ત્યાર પછીજ તે લે. આહારમાં આ શ્રી રામવિજયજીનો જંગલી જવાબ ઘટાવીએ તો મહાન અનર્થજ ઉભો થાય કોઇ ગ્રહસ્થ અભક્ષ ખાતો હોય. અપેય પીતો હોય અને તે આ સાહેબને ભાવપૂર્વક લઇ લેવાનું આમંત્રણ કરે તો હું પુછું છું કે તે લઇ લેવા શ્રી રામવિજયજી તૈયાર છે? શ્રી રામવિજયજીએ ગત ચાતુર-

માસમાં એક ભયંકર જુઠાણું પ્રકટ કરેલ કે "જૈનોના ઘરમાં પણ દારૂ અને ઇંડા ચટણીની જેમ ખવાય છે." આ શ્રી રામવિજયજીની કુળદેવ ભેજાંની કાયર અને અસત્ય કલ્પના હતી પણ ઘડીભરની દલીલની ખાતર માનીએ કે કોઇ અધર્મી ગ્રહસ્થ તેમ કરે છે અને તે લેવા શ્રી રામવિજયજીને ભાવપૂર્વક એ ગ્રહસ્થ આમંત્રણ કરે તો એમાં શ્રી રામવિજયજીને પસંદગી કરવાની રહે છે કે કેમ? સાચેજ શ્રી રામવિજયજીએ ખાદી ન પહેરવાની કંગાલ કાયરતા છુપાવવા જતાં જે નિર્બળ, કાયર અને ઉડાઉ જવાબ આપ્યો એ જવાબમાં મુનિઓ પર રહેલી આહાર, વસ્ત્ર, પાત્ર નિરિક્ષાની જોખમદારી અને જવાબદારીનો ઇનકાર કર્યો છે અને તેમ કરી જૈન સિદ્ધાંતે નક્કી કરેલ સાધુ સમાજ માટે ધોરી માર્ગનું એણે ઉલ્લંઘન કર્યું છે. આથી એક વાત સાફ, ચોખ્ખી અને સુસ્પષ્ટ થાય છે કે કહેવાતો શાસનપક્ષ સુધારક, વિચારક કે પ્રગતીકારક તો નથીજ પણ એ પક્ષ સ્થિતિચુસ્ત પણ નથી. સ્થિતિચુસ્ત પક્ષમાં ચાલતી પ્રણાલિકા, રૂઢી અને પ્રથાઓ પર અટલ શ્રદ્ધા હોય છે. આમાં તે પણ નથી. પોતાના પક્ષને હવે રામપક્ષ કે એવુંજ કોઇ નામ આપી દેવું જોઇએ કે જેથી શાસનનું થતું ઘોર અપમાન બંધ પડે શ્રી રામવિજયજીએ દશ વર્ષ પર કોઇ મુસ્લીમ મૌલવીના સહકારથી મહાત્માજીના નામ અને લાગવગનો ઉપયોગ કરી અમદાવાદની કોઇ દેવી પર ચડતા બકરાને બળાત્કારે અટકાવેલ ત્યારે મહાત્માજીએ એ કાર્યમુનિવેષને ન શોભે તેવું હોવાનું જણાવી વેષ છોડવા ભલામણ કરેલ ત્યારથી શ્રી રામવિજયજી મહાત્મા ગાંધીજીના આ જન્મ વિરોધી બન્યા છે. એના વીરશાસન પત્રમાં, એણે યોજેલ દેશ સમ્મેલનોના ઘડી આપેલ શ્રી પોપટલાલભાઇ વિગેરેના ભાષણોમાં, હસ્તપત્રોમાં અને પોતાના વ્યાખ્યાનોમાં પુરજોર મહાત્માજીને શ્રી રામવિજયજીએ પેટ ભરી ગાળો આપી છે અને આજ લગી એના વાજીંત્રમાં એ ગટર મુસાફરી જેમની તેમ શરૂ છે એ ખુલ્લી વાત છે કે શ્રી રામવિજયજી મહાત્મા ગાંધીજીનાં રાષ્ટ્રહિતના અને એકે એક રાષ્ટ્રિય પુનિત પ્રવૃત્તિઓના વિરોધી છે. લોકમત તીવ્ર જાણી એ ખરૂં કહેવાનાં અખાડા કરે છે પણ તે છુપાતું નથી, સમાજ આ સમજી યોગ્ય કરે એજ અભ્યર્થના.

## અમૃત–સરિતા.

## વીરશાસન પત્રના બખાળા.

### 'જમાનાવાદી રોટલાના પુજારી બનાવટી આચાર્ય.'

### પગ તળે રેલો અને પારકી વાત કરવાની પત્રકારની લેખન પધ્ધતિ.

(લેખક:—રા. મહાસુખભાઈ ચુનીલાલ.)

મુંબઈના લાલબાગની પાટ ઉપરથી મુનિશ્રી રામવિજયજીએ મને દેઇલી ચેલેન્જનો જવાબ મેં સાંજ વર્તમાન અને જૈન પત્રમાં આપેલો કે "આવી ચેલેન્જ મને ફેંકવા કરતાં આપના પક્ષની સુરત મુકામે ગયા ચૈત્ર વદ ૧ ના રોજ મળેલી ઓલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન સોસાઇટીની પહેલી પરીષદના પ્રમુખે પોતાના ભાષણમાં મુક્ત કંઠે શાસનપ્રેમી ધર્મી પુરૂષો આગળ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે 'પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે. એકલ વીહારી સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય છે. કેટલાક પતિત સાધુઓ ધર્મના નામે અધર્મ ઉપદેશી રહ્યા છે.' આ પ્રમાણે આપના પક્ષના પ્રમુખ કહે છે તો કૃપા કરી તેમને પુછો કે તેવા પતિત સાધુઓ કયા છે. તેમનો ખુલાસો મળેથી મને પુછવાની જરૂર નહીં રહે."

ઉપર પ્રમાણે આપેલા મારા જવાબને ઉડાઉ જવાબ ગણી વીરશાસનના લેખક તા૦ ૧૧-૭-૩૦ ના વીરશાસનમાં મુંબઇના વાતાવરણના મથાળાવાળા લેખમાં લખી જણાવે છે કે "આજે શ્વે. સાધુ સંસ્થામાં ચારસોની સંખ્યા સાધુઓની અને પંદરસો લગભગ સાધ્વીઓની ગણાય છે તેમાંથી પાંચ-પચીસ પતિત થયાના દાખલા લઇ આખી સાધુ સંસ્થાને ખરાબ ચીતરવી તે ઘોર પાપોદયનુંજ પરિણામ મનાય. પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે, કારણ કે જમાનાવાદી રોટલાના પુજારી આજે સમય ધર્મને નામે બનાવટી આચાર્ય પદોના ઓઠા નીચે વીતરાગ ભગવાનની આજ્ઞાઓનું ખંડન કરી રહ્યા છે. આમ વર્તનારાઓને આસ્તિક સાધુઓ ખુલ્લા પાડે એટલે એમના અનુયાયીઓ સારા સાધુઓની નીંદા કરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. સુધારકોની પુષ્ટિ મળે એટલે એકલ વિહાર અને રેલ વીહાર સેવાય અને સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય. જડવાદમાં ઝુકેલા સુધારકો આવા પતિતોને પુજ્ય માને છે એટલે એવાઓ ધર્મને બદલે અધર્મનો ઉપદેશ કરે તેમાં નવાઇ નથી. પણ સાચા જૈનોમાંના કેટલાક, તેમને સાધુ તરીકે માનતા નથી" આમ લખી બખાળા બહાર પાડી મોઘમ પોતાના હાથેજ લેખક મહાશય આચાર્યો અને સાધુઓની નિંદા કરી રહ્યા છે. શું આ ઘોર પાપોદયનું પરિણામ નહીં?

મારી અમૃત-સરિતા એક તદ્દન કલ્પિત નવલકથા છે, જેમાં ભૂતકાળનો, વર્તમાનકાળનો અને જો સુધારો નહીં થાય તો ભવિષ્યમાં કેવા બનાવો બનશે તેનો ખ્યાલ કરાવવા જુદા જુદા પાત્રો દ્વારાએ જુદા જુદા સ્વરૂપમાં ત્રણે કાળનાં દ્રશ્યો આપેલાં છે. વીરશાસનના લેખક તો સાધુ સંસ્થામાં ૫-૨૫ પતિત સાધુઓના દાખલા બતાવે છે. પણ મારી અમૃત-સરિતામાં માત્ર એકજ સાધુને પતિત તરીકે કલ્પી રહેજ તેના ચારિત્રનું દિગ્દર્શન કરાવી તેનું એક બાઇ સાથે પુનર્લગ્ન કરાવેલું છે. તે પાત્ર પોતાની આત્મકથા દુનિયા આગળ રજુ કરી આંખો ઉઘાડે છે. આ શીવાય બાકી કોઇ પણ સાધુને કે સાધ્વીને પતિત કલ્પી તેનાં દ્રશ્ય બતાવેલાં નથીજ. સાધ્વીઓ પ્રત્યે તો મેં ઘણીજ દયા બાધી છે અને તેમના પ્રત્યે માનની લાગણી બતાવેલી છે એટલુંજ નહીં પરંતુ પતિતતાનો જરા અંશ પણ કોઇ દ્રશ્યમાં બતાવ્યો નથી. જો મારી અમૃત-સરિતા બરાબર ધ્યાનપૂર્વક વાંચતા હશે તો બરાબર સમજી શકે તેમ છે. લેખક મહાશયના કહેવા પ્રમાણે જો પાંચ પચીસ પતિત સાધુઓ છે તેમના વર્તનની નવલકથા લખવા બેસું તો મોટી ગ્રંથાવળી બહાર પડે. તે માટે મેં ફક્ત એકજ પાત્ર એવું કલ્પી જૈન જનતામાં પતિતતા કેવી રીતે પગપેસારો કરે છે તેનો તે ખ્યાલ આપેલ છે. લેખકશ્રી મારી અમૃતસરિતા વાંચતા નથી અને કોઇ વાંચીને કહે છે તે ઉપરથી મોટો લેખ ચીતરી ખોટા આક્ષેપો કરે છે. લેખકે તો જાતે વાંચી બરાબર સમજી તપાસ કરી કલમ હાથમાં પકડવી જોઇએ. પણ જ્યાં દ્વેષથીજ લખવું ત્યાં પછી કલમ ઉપર અંકુશ શી રીતે રહે? વિચાર કર્યા વિના ખરું ખોટું લખી નાંખ્યું.

ડભોઇ યુવક મંડળ તરફથી કોઇ એફ. એન. શાહનો લખેલો કાગળ પ્રગટ કરી તે ઉપરથી રા. મોતીચંદ ગીરધર લાલ સોલીસીટર અને કોન્ફરન્સ ઉપર અઘટીત ટીકા કરવા વીરશાસનના તંત્રી ઉતરી પડયા. પણ જ્યારે તે મંડળનો અને રા. મોતીચંદનો પત્ર તંત્રી ઉપર ગયો ત્યારે પોકળ પ્રકટ થયું અને તંત્રીજીને કબુલ કરવું પડ્યું કે બહિષ્કારની વાત ખોટી છે, અને નોંધ પાછી ખેંચી લેવી પડી. નોંધ પાછી ખેંચી લેવામાં પણ કલમ અવળી ચલાવી તે પક્ષ ઉપર પણ પાછો આક્ષેપોનો ટોપલો નાખ્યો છે. જેને જોવું નહીં, વાંચવું નહીં અને અવળું લખેજ જવું તેને શું કહેવું?

લેખક મહાશયને મારી વીનંતી છે કે કોઇની પાસેથી સાંભળ્યા કરતાં જાતે આજ વર્તમાનની ફાઇલ હાથમાં લઇ દર મંગળવારે પ્રકટ થયેલાં અમૃત સરિતાનાં આજ દીન સુધીનાં ૫૧ પ્રકરણો વાંચો અને પછી ટીકા કરો. હજુ તો નવલકથા ચાલુજ છે. જો ફાઇલ હેંડી ન હોય તો અમૃત સરિતાનો પહેલો ભાગ છપાઇ બહાર પડી ચુક્યો છે તેમાં ૩૫ પ્રકરણોનો હેવાલ આવી ગયો છે તે શુદ્ધ હૃદયથી વાંચી જુઓ.

મેં મારી અમૃત સરિતામાં ઉચ્ચ કોટીના સાધુઓની પ્રશંસા કરી છે તેમનું સંમેલન મેળવ્યું છે અને તેનાં પણ જૈન ધર્મને દીપાવે એવા સુંદર અને બોધદાયક દ્રશ્યો બતાવ્યાં છે. જ્યારે નવલકથા પૂરી થશે ત્યારે ખ્યાલ આવશે કે આ નવલકથા સાધુસંસ્થાની ખરી પરિસ્થિતિનું ભાન કરાવનાર, સાધુસંસ્થાને અને સંઘને સત્કારનાર, અને સડો દુર કરવા સુધારાની શી શી યોજનાઓ કરવી તેના ઉપાય સુચવનાર માર્ગદર્શક સાધન છે. લેખક મહાશય! આપ પોતેજ પતિતતાના સડાને પોષી રહી નીભાવી રહ્યા છો તે તમને નથી સમજાતું? પોતાના પગ તળેજ રેલો વહ્યા કરે છે તે જરા જુઓ અને પછી બીજાને કહો. આપનો ઉપરનો ફકરો કયા સાધુઓને અને આચાર્યને સંબોધીને લખ્યો છે તે જરા સ્પષ્ટ રીતે જણાવો. જમાનાવાદી, રોટલાના પુજારી અને બનાવટી આચાર્ય વીગેરે શબ્દોનો ઉપયોગ કોને માટે કર્યો છે? આમ મોઘમ લખી આપ સાધુ સંસ્થાને નથી વગોવી રહ્યા? પોતાનું આવું વર્તન અને અમૃત સરિતા વાંચ્યા વગર ગમે તેવી અઘટીત ટીકા કરવી એ શું પત્રકારની નીતિ ગણાય? દેશકાળને માન આપી જૈન કોન્ફરન્સ રાષ્ટ્રીય ધ્યેય ચાલતાં જોડાઇ તે આપને ન પાલવ્યું. એટલે તેના નેતાઓ ઉપર ગમે તેમ ગાળોનો વરસાદ વરસાવી વીરશાસનમાં કોલમો ભરી રહ્યા છો તે શું આપને શોભે છે? હું તો તે લખાણોમાં તદ્દન દ્વેષ જોઇ રહ્યો છું. મહાવીર વિદ્યાલય પ્રત્યેનો રોષ શબ્દે શબ્દોમાં દ્રષ્ટિગોચર થાય છે જાણે આખો જૈન સમાજ તે જૈન નથી પણ અધર્મી અને નાસ્તિક છે અને પોતાનું મંડળ જૈન, ધર્મી અને આસ્તિક છે એવી પોતાના હાથે આત્મ શ્લાઘા કરવી એ શું ધર્મી પુરૂષનું લક્ષણ છે?

હવે લેખક મહાશયને નમ્ર વીનંતી છે કે અમૃત-સરિતાનો પહેલો ભાગ બહાર પડી ચુક્યો છે. ચારસો પાનાનું પાકા પુંઠાનું પુસ્તક છે, કીંમત દેઢ રૂપીઓ છે. તે જાતે વાંચી મારા પ્રત્યેના દ્વેષના ચશ્મા દુર કરી શુદ્ધભાવથી અવલોકન કરો. નવલકથા લખવાનો ઉદ્દેશ મેં પ્રસ્તાવનામાંજ જણાવેલો છે. અમૃત-સરિતામાં અયોગ્ય દીક્ષાના હીમાયતી સાધુઓનાં બતાવેલાં પાત્રો અને દ્રશ્યોનો ટોપલો આપ શા માટે માથે વ્હોરી લો છો? જો કોઇ એવા હશે-પછી તે આ પક્ષના કે બીજા પક્ષના હોય-તેમણે તેમાંથી બોધ લેવાનો છે. સાધુ સંસ્થાની જૈન સમાજની સુધારણા કરવી એજ મારી નવલકથાનો ઉદ્દેશ છે.

વીસનગર, ૧૫-૭-૩૦.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

**ચાલુ લડત.**

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ સુદી ૩. | છુટક નકલ: |
| અંક ૩૧ મો. | તા૦ ૨૮–૭–૩૦ | ૦॥ આનો. |

## હાલની રાજકીય લડત.

### મહુવાના સમાચાર.

પુજ્યશ્લોક મહાત્માજી અને બીજા દેશનેતાઓ જેલમાં હોય ત્યાં સુધી, નાતવરા નવકારશી વગેરે જમણવારોમાં ભાગ ન લેવો તેવી પ્રતિજ્ઞા ઉપર ૪૭ જણાની સહીઓ થતાં, જ્ઞાતિ તેમજ સંઘને હાલતુરત જમણવારો ન કરવા સંબંધમાં લેખીત અરજી શ્રીસંઘને કરવામાં આવી.

છતાં અશાડ વદી ૧ ના રોજ જમણવાર થતાં લગભગ ૧૫૦ થી ૨૦૦ સ્ત્રી પુરૂષોએ તેમાં ભાગ ન લીધો.

ત્યાર બાદ સહી કરનાર યુવાનોનો સહકાર મેળવી એક મિટિંગ તા૦ ૧૬–૭–૩૦ ના રોજ રાત્રીના આઠ વાગે વિશા શ્રીમાળી મહાજન વાડીમાં શેઠ ફુલચંદ ખુશાલદાસ શાહના પ્રમુખપણા નિચે મળી હતી. તે વખતે પ્રાસંગીક વિવેચનો થયા પછી નિચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ ૧ લો.**

સુચનાર–શા. કેશવલાલ ગીરધરલાલ.

ટેકો આપનાર–શા. હરગોવિંદ જીવન.

“સં. ૧૯૮૬ ના આસો વદ ૦)) સુધી જ્ઞાતિ, સંઘના મોટા જમણવારોમાં ભાગ ન લેવાની પ્રતિજ્ઞા કરનાર બંધુઓની, સંઘ, જ્ઞાતિને, ત્યાં સુધી તેવા જમણવારો બંધ કરવાની અરજ સંબંધે વિચાર કરી નિર્ણય આપવા જ્ઞાતિ સંઘ એકત્ર થએલ, તે વખતે પ્રતિજ્ઞાઓ લેનારને નહીં બોલાવવાની, નહીં પૂછવાની કે ખુલાસો વટીક નહીં લેવાની દાખવેલ આપખુદ વલણ માટે આ સભા પોતાનો ખેદ જાહેર કરે છે. તેમની આવી પ્રથા કોઈ વખત દુઃખદ પરિણામ ન લાવે તે માટે વિશેષ ધ્યાન ખેંચે છે.” ૨ વિરૂદ્ધ મતે પસાર.

**ઠરાવ ૨ જો.**

સુચનાર–દોશી ગીરધરલાલ દુર્લભદાસ.

ટેકો આપનાર–દોશી વનમાળી ગોપાળજી.

“આ સભા પ્રતિજ્ઞા ન લીધાં છતાં, આવા પ્રસંગોમાં ભાગ ન લેનાર દરેકને પોતાના અંતઃકરણપૂર્વકના અભિનંદન આપે છે.” સર્વાનુમતે પસાર.

**ઠરાવ ૩ જો.**

સુચનાર–દોશી અમૃતલાલ ગુલાબચંદ.

ટેકો આપનાર–શા. હરગોવિંદ જીવન તથા સૌભાગ્યચંદ જીવનલાલ.

“આજથી ૧૯૮૭ ના અશાડ વદ ૨ સુધી નવું વિદેશી કાપડ પોતાના અંગત ઉપયોગ માટે નહીં ખરીદવાનો આ સભા ઠરાવ કરે છે.” સર્વાનુમતે પસાર.

**ઠરાવ ૪ થો.**

સુચનાર–દુર્લભદાસ લક્ષ્મીચંદ વોરા.

ટેકો આપનાર–પન્નાલાલ લલ્લુભાઈ.

“આ સભા, આ ઠરાવો લાગતાવળગતાને અને પેપરોમાં પ્રસિદ્ધિ અર્થે મોકલી આપવા પ્રમુખને સત્તા આપે છે.” ૧ વિરૂદ્ધ મતે પસાર.

લી૦
શા. ફુલચંદ ખુશાલચંદ.
ઉપરોક્ત સભાના પ્રમુખ.

ત્યાર બાદ ઠરાવોના અમલ સંબંધમાં એક કામચલાઉ કમિટિ નિમવામાં આવી છે. તેમજ દશા શ્રીમાળી ભાઈઓએ પણ એજ પ્રતિજ્ઞા પત્ર ઉપર સહીઓ કરી છે, તથા કપોળ જ્ઞાતિના આગેવાન શેઠ હરીલાલભાઈ મોનદાસ અને બીજા આગેવાનો ચોરાશી નાત પાસે જમણવારો હાલતુરત બંધ કરવા માટે મહેનત કરે છે; અને કપોળની સોળવલ્લાની જ્ઞાતિએ તો નિચે મુજબ ઠરાવ પણ પસાર કરેલ છે.

૧ જમણવારો તથા પારણા સં. ૧૯૮૭ ના જેઠ સુદી ૨ સુધી બંધ રાખવા.

૨ પચીસ ટકા ઘર જમાડવાની છુટ (બહેનો, ભાણેજ, સગા પુરતું જ.)

૩ ખાંડ, સાકર તદ્દન બંધ (ગોળ વાપરવો.)

૪ પરદેશી કાપડ સં. ૧૯૮૭ ના જેઠ સુદી ૨ સુધી કોઈએ ન ખરીદ કરવું.

ઉપરોક્ત ઠરાવો કપોળ બાર વલ્લાની જ્ઞાતિ પાસે પસાર કરાવવા પ્રયાસો ચાલુ છે.

---

## કોન્ફરન્સ બહિષ્કાર સંબંધીના વીરશાસનના પોકારની પોકળતા.

તા. ૨૧-૭-૩૦ ના મુંબઈ સમાચારમાં વારા પરનો પોતાનો પત્ર પ્રકટ કરાવી ડભોઈના સાગર પક્ષના આગેવાન જેચંદભાઈ લલ્લુભાઈએ કોન્ફરન્સના બહિષ્કારનો નિષ્ફળ પ્રયાસ સેવ્યો છે. ડભોઈમાં જૈનોના લગભગ ૨૫૦ આદીસો ઉપરાંત ઘરો છે તેમાં કેટલાક વખતથી બે પક્ષ વિજય અને સાગરના પડેલા છે. વિજયમાં લગભગ સવાબસો ઘર છે. જ્યારે સાગરમાં ત્રીસથી પાંત્રીસ ઘરો છે આ જવાબ ડભોઈની જૈન વસ્તીના સાતમા આઠમા ભાગ તરફનો છે કે જેમના પક્ષમાંથી કેટલાક ભાઈઓએ આચાર્ય મહારાજશ્રી વિજયદાનસુરીજીના સંઘાડામાં દીક્ષા લીધેલી હોવાથી એકાંત રામભક્ત હોવા સંભવે છે. શ્રી. રામવિજયજીના મુખ્ય શિષ્ય શ્રી જંબુવિજયજી ગ્રહસ્થપણામાં ડભોઈના રહીશ તેમજ સાગર પક્ષના છે આ પરથી સમજાશે કે આ બધું દ્રષ્ટિરાગ કરાવે છે. સમાજ કંચન કથીરની પરિક્ષા સારી રીતે કરી શકે છે. એટલે વિશેષ લખવાની જરૂર નથી.

લી૦, વાડીલાલ મગનલાલ વૈદ્ય,
પ્રાંતિક સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
વડોદરા. તા. ૨૨–૭–૩૦

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ચાલુ લડત.

### અઠવાડીઆના બનાવો.

ગયા અઠવાડીઆમાં ચાલુ રાજકીય લડતને અંગે કેટલાએક ખાસ બનાવો બનેલા છે. બહિષ્કાર સમિતિએ જે કાર્યક્રમ અઠવાડીઆ માટે ગોઠવ્યો હતો તે સફળતાપૂર્વક પાર ઉતાર્યો છે. સરદાર વલ્લભભાઇના આપણી જૈન પ્રજાને આ લડતમાં ફાળો આપવો તે જૈન તરીકે સાચા જૈન તરીકેનું, ધર્મીજૈન તરીકેનું પ્રાથમીક કર્તવ્ય છે તે સ્પષ્ટ સમજાવેલું છે ખાદી પ્રચારને અંગે વ્યવહારૂ કાર્યની પ્રેરણા જૈન સમાજમાં થાય તેને માટે બહિષ્કાર સમિતિ તરફથી કેશવબાગમાં ખોલવામાં આવેલું રેંટીઆ પ્રદર્શન સારો ફાળો આપશે અને જૈન બેનો તેનો સારી રીતે લાભ લેશે એવી અમે આશા રાખીએ છીએ. લડતને અંગે દુઃખ ભોગવનારાઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. જેલમાં જનારાઓની સંખ્યા દરરોજ વધતી જાય છે. બીજા પ્રાંતોમાં દમનનીતિ જોરશોરથી ચાલુ છે તેવા પ્રસંગોમાં જમણવારોને ચાલુ રાખવા જૈન જેવી દયાળુ કોમ સહન કરી શકે નહિ આમાં વ્યકિતના ખાવાપીવાનો પ્રશ્ન આડે આવતો નથી ટ્રસ્ટીઓના હક્ક તથા ફરજનો સવાલ પણ આડે આવતો નથી. જમનારાઓ ન જમવાની સંમતિ દર્શાવે તોજ આ જમણવાર રોકાઇ શકે તેવી દલીલ આ જમાનામાં સ્વીકારી શકાય તેવી રહી નથી. અને જમણવારને ધાર્મિક વિશેષણ વળગાડી જે કોઇ બંધુઓ જમણવાર બંધ થાય તો ધર્મના કોઇ મહાન સિદ્ધાંતનું ખૂન થઇ જશે એવું મનાવી જમણવાર ચાલુ રાખવા ઇચ્છતા હોય તો તેને સમાજ ટેકો આપે તે બનવાજોગ નથી. યુવક સંઘ કે કોન્ફરન્સ આ ચળવળ ઉપાડે એટલે આપણે તેને તોડી પાડવી એવી ભાવના રાખી કોઇ જૈન ભલે તે નવા વર્ગનો હોય કે જુના વર્ગનો હોય. જમણવારને ચાલુ રાખવાની તરફેણમાં પોતાનો વિચાર શ્રી ગોડીજીના સંઘની મિટિંગમાં દર્શાવશે નહિ. બીજી બધી બાબતમાં ભલે તેટલો મતભેદ હોય છતાં રાષ્ટ્રિય લડતને અંગે બન્ને પક્ષ સરખાજ રસ લે છે. આવી જે ઉકિતઓ ઉચ્ચારાય છે તેને અમલમાં મુકવાનો પ્રસંગ આવ્યો છે માટે પક્ષાપક્ષીના આધારે ચર્ચવામાં આવશે નહિ. આ સવાલને ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી ગોડીજીના શ્રી સંઘની મિટિંગ આ સવાલની ચર્ચા કરવા બે ત્રણ દિવસમાં બોલાવવામાં આવનાર છે તેમાં દરેક સમજુ યુવાન સારી સંખ્યામાં ભાગ લેશે ને આવા સમયમાં જમણવારો નહિ કરવાનો ઠરાવ પાસ કરશે. આથી આપણા તપ વ્રત વગેરેને કોઇ અટકાવવાનું કહેતું નથી. પારણા હોય તોજ ઉપવાસ થઇ શકે એવી કોઇ દલીલ કરશો નહિં. આ ઠરાવો આપણે એકજ કરીએ છીએ તેમ નથી. સ્થાનકવાસી બન્ધુઓએ કલકત્તા વગેરે સ્થળે ઠરાવો કરીને આપણને દૃષ્ટાંત પુરૂં પાડયું છે. આપણા કેટલાક સાથવાળાઓએ પણ આ બાબતમાં ઠરાવ કરેલ છે. બીજા દેશાવરોમાં પ્રયાસો ચાલુ છે. શ્રી ગોડીજીના શ્રી સંઘે પોતે ઠરાવ કરી અન્ય દેશાવરોના સંઘને દાખલા રૂપ થવું જોઇએ, સમગ્ર હિન્દી પ્રજા પાસે આપણી કસોટી થતી આવી છે તે કસોટીમાં હાલની ચળવળમાં ભાગ લઇ આપણે પાર ઉતર્યા છીએ. હવે આ જમણવારના પ્રશ્નને અંગે અન્ય કોમોને આપણા ત્યાગધર્મનું દૃષ્ટાંત પુરૂં પાડીશું. જો ધર્મના સિદ્ધાંતનો ભંગ ન થતો હોય તો પછી કોઇ બંધુઓ જે પ્રમાણિકપણે આ બાબતમાં અન્યથા મત ધરાવતા હોય તેઓ પણ સમગ્ર દેશના હિતની ખાતર, આપણા જેલમાં ગયેલા સાથીઓની ખાતર, પોતાના મતનો આગ્રહ છોડી દેશે ને સર્વાનુમતે જમણવાર બંધ કરાવવાનો ઠરાવ પસાર કરાવવામાં સહાયતા કરશે.

## શ્રી સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી નિમાએલી શ્રી સ્વદેશી પ્રચાર અને બ્રીટિશ બહિષ્કાર સમિતિના આશ્રય હેઠળ ગયા અઠવાડિઆમાં પણ જુદે જુદે સ્થળે જાહેર સભાઓ મળી હતી. સ્ત્રીઓની એક સભા શ્રી આદેશ્વરજીની ધર્મશાળામાં તા૦ ૨૨-૭-૩૦ ના રોજ સૌ. મંજુલા બ્હેન અંજારીઆના પ્રમુખપણા હેઠળ મળી હતી. સ્ત્રીઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખે તથા પંડિત આણંદજીએ સ્વદેશી પ્રચાર માટે સમયોચિત અસરકારક ભાષણો કર્યાં હતા.

બીજી એક જાહેર સભા ખારેક બજારના મેદાનમાં તા૦ ૨૩-૭-૩૦ ના રોજ વિલેપારલેની સત્યાગ્રહ છાવણીના પ્રમુખ શેઠશ્રી અબદુલ્લાભાઇના પ્રમુખપણા હેઠળ મળી હતી. જૈન તેમજ જૈનેતરો મ્હોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. પ્રમુખશ્રીએ બ્રીટિશ રાજ્યની સ્થાપના કયા સંયોગો વચ્ચે અને કેવી રીતે થઇ તે સંબધે લંબાણપૂર્વક વિવેચન કર્યું હતું અને બ્રીટિશ રાજ્યની સ્થાપના પછી હિંદના હુન્નર, ઉદ્યોગ, વ્યાપાર આદિપર થએલ માઠી અસરની સમજણ આપી સ્વદેશી પ્રચાર કરવા ભલામણ કરી હતી. તે પ્રસંગે કોંગ્રેસની બહિષ્કાર સમિતિના મંત્રી શ્રી ગોરધનદાસભાઇએ પણ ખાદી અને સ્વદેશી વસ્ત્રો વાપરવા અપીલ કરી હતી. શેઠ લલ્લુભાઇ કરમચંદે પધારેલા ગૃહસ્થોનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

સ્ત્રીઓની એક જાહેર સભા તા૦ ૨૪-૭-૩૦ ના રોજ શ્રી કચ્છી દશા ઓશવાળ વાડીમાં બોલાવવામાં આવી હતી. પ્રમુખપદ શ્રીમતી લીલાવતી બેંકરને આપવામાં આવ્યું હતું. પ્રમુખે સ્વતંત્રતાનું એક માત્ર સાધન સ્વદેશી છે એના ઉપર વિવેચન કરી તકલી, સુતર અને રેંટીઓ કાંતવા અપીલ કરી હતી. ઉક્ત પ્રસંગે પંડિત આણંદજી તથા શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલે પરદેશી કાપડનો બહિષ્કાર કરવાની તથા સ્વદેશી કાપડજ વાપરવાની અરજ કરી હતી.

રેંટીઆ પ્રચારક પ્રદર્શન તા૦ ૨૫-૭-૩૦ ના રોજ કેશવબાગ પ્રિન્સેસ સ્ટ્રીટમાં જાણીતા શહેરી અને કોરપોરેટર શ્રી શેઠ વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશીના હસ્તે ખુલ્લું મુકવાની ક્રીયા કરવામાં આવી હતી. પ્રદર્શન વ્યવસ્થાનુ કાર્ય શ્રી નવજીવન સંઘે ઉપાડી લીધું છે. પ્રદર્શનમાં જુદા જુદા દશ બ્લોક કપાસ અને રૂની સમજણથી સુતર આંટેરણ ઉપર ઉતારવાની જુદી ૨ ક્રિયાઓની સમજણ આપવા, રાખવામાં આવ્યા છે. પ્રદર્શનમાં ભાગ લેનારને 'કાંતવા અને પીંજવાની માહિતી' નામક પુસ્તક પણ ભેટ આપવામાં આવે છે. જનતા સારી સંખ્યામાં ભાગ લઇ રહી છે.

સમિતિ સમક્ષ ડૉ. ભાસ્કર એમ. ડી.એ ખાદી અને રેંટીઆ પ્રચારની યોજના સમજાવી હતી.

# સરદાર વલ્લભભાઈ પટેલે સમજાવેલ અહિંસાના મર્મ.

## કૉન્ફરન્સની સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશરા નીચે મળેલી જંગી સભા.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી નિમાયેલ સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશરા નીચે રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈ પટેલનું જાહેર ભાષણ સોમવાર તા૦ ૨૧-૭-૩૦ ના રોજ કાનજીભાઈની વાડીમાં ગોઠવવામાં આવ્યું હતું.

સરદાર સાહેબને સાંભળવા લાખો માણસોની મેદની મળી હતી. લાઉડ સ્પીકરો ચારે બાજુ ગોઠવવામાં આવ્યા હતા છતાં માણસોની ભીડ ઘણી સખત હતી જુદાં જુદાં સ્વયંસેવક મંડળો કામ કરતાં નજરે પડતા હતા. જ્યારે ખાસ કરીને યંગમેન્સ સોસાયટીની હાર ગેરહાજર હતી. તેમજ જૈન આગેવાનોની હાજરી ઘણી સારી સંખ્યામાં હતી. પરંતુ રામ-ભકતોમાંના ગણ્યાગાંઠયા ગેરહાજર રહ્યા હતા. સ્ત્રી વર્ગની સંખ્યા પણ ઘણી મોટી હતી.

સરદાર સાહેબ આવ્યા પહેલાં સુંદર રાષ્ટ્રગીતો ગવરાવવામાં આવ્યાં હતાં અને લોકો તે ઉત્સાહભેર ઝીલતાં હતાં ઇન્કીલાબ-હિન્દુસ્તાન-નૌજુવાન-કૉન્ફરન્સ ઝીંદાબાદના ગગનભેદી પોકારો થયા કરતા હતા

સભા શરૂ થતાં સમિતિના માનદ્ મંત્રી શ્રીયુત્ ચીનુભાઈ લાલભાઈએ જણાવ્યું હતું કે આ સભા કૉન્ફરન્સ તરફથી નિમાયેલ સ્વદેશી પ્રચાર અને બ્રીટીશ બહિષ્કાર સમિતિ તરફથી બોલાવવામાં આવી છે. રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈએ અમારી વિનંતિ માન્ય રાખી અમોને આભારી કર્યાં છે. હવે હું તેઓશ્રીને મહાસભાનો સંદેશો સંભળાવવા વિનંતિ કરૂં છું.

સરદાર વલ્લભભાઈએ ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે આટલા બધા જૈન ભાઈઓ અને બ્હેનોને મળવાના આ પ્રસંગથી હું રાજી થયો છું. મને ઘણો ઓછો વખત મળી શકે તેમ હોવા છતાં, જૈનો તરફના પ્રેમની વાત સાંભળીને અહિંઆ દોડી આવ્યો છું. મારે જૈનો સાથે ઘણો નીકટનો સંબંધ છે, જૈનોનું મુખ્ય શહેર અમદાવાદ છે તે મારૂં ઘર છે અને જૈનો સાથેના મારા ગાઢ સંબંધને લીધે, તેમની વચ્ચે હોઉં છું ત્યારે ઘરમાં બેઠો હોઉં તેમજ લાગે છે.

દેશની આઝાદીની લડતમાં તમે જે રસ લ્યો છો તે જાણી હું રાજી થાઉં છું. પરંતુ મુંબઈ ! આજને હું સાફ વાત કહું છું. કદાચ તેમાંથી કડવું પણ લાગે છે. છતાં મારો સ્વભાવ તમે જાણો છો. વળી હું તો ખરોજ માણસ છું એટલે કડવી વસ્તુ કહેવા માટે ખોટું નહિ લગાડો. ગયા વખતે વેપારી વર્ગમાં મારા ભાષણ પરથી ગેરસમજ ફેલાવવા પ્રયત્નો થયા હતા. પરંતુ તુરત સર્વ ભાઈઓ ખરી બીના સમજી ગયા હતા.

### અહિંસાના પ્રચારક વ્યક્તિ પાસે ગરદન ઝુકયા વિના નહિ રહે.

આપણે સર્વ એકજ વસ્તુ ઇચ્છીએ છીએ અને તે ધર્મનો સિદ્ધાન્ત-અહિંસા પરમો ધર્મઃ તે જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાન્ત છે. તેનો હિન્દુસ્તાનના જગો જગોએજ નહિ પરંતુ દુનિયામાં પ્રચાર કરનાર મહાન્ વ્યક્તિ મહાત્મા ગાંધીજી છે કદાચ કોઈ ભરમાવે અથવા તો તર્કથી વાદો કરે તેથી અથવા તમારો સ્વાર્થ હોય અથવા તો કોમળતા હોય તેને લીધે આ માર્ગે ઝુકી ગયા ન હો. પરંતુ જ્યાં જૈનોના મુખ્ય સિદ્ધાન્ત અહિંસાનો આખી દુનિયામાં ફેલાવો કરનાર પાસે ઇચ્છો કે ન ઇચ્છો તો પણ ગરદન ઝુકયા વિના રહેવાની નથી. તમે હવે તો એટલા બધા જાગૃત થયા છો કે મારા જેવા સિપાઈને સાંભળવા આવ્યા છો. હું કાંઈ સાધુ નથી તેમજ સિદ્ધાન્તોનો મોટો અભ્યાસી નથી. પરંતુ જે વ્યકિત અહિંસાનો વધારેમાં વધારે પ્રચાર કરે છે તેનો સિપાઈ છું. તેથીજ મને સાંભળવા માટે તમે બધા આવ્યા છો. આનંદનો વિષય તો એ છે કે જૈન ધર્મના સિદ્ધાન્તનો આટલો પ્રચાર ગુજરાતમાંથી પેદા થયો છે. જે અહિંસા ગુજરાતની હવામાં ફેલાઈ રહી છે તે જૈન ધર્મનો પ્રભાવ છે. તે વ્યક્તિનો જન્મ પણ ગુજરાતમાં છે. અહિંસા પરમો ધર્મઃ કબૂલ કરવો સ્હેલો છે. પરંતુ મનથી, વચનથી અને કાર્યથી મુશ્કેલ છે.

### ફક્ત વાણીમાં કિમ્મત નથી, આચરણમાં કિમ્મત છે.

અહિંસા માટે વ્યાખ્યાનો ઘણાં થાય છે. તે માટે પંડીતોનો તોટો નથી. અમારા હિન્દુઓમાં કાશીના પંડીતો ઘણા છે અને જીંદગી સુધી વ્યાખ્યાનો આપે છે. એ તો પ્રોફેસરોનો ધંધો થયો. પરંતુ પાલન કરનારા કેટલા છે? ધર્મ કાંઈ થોડા સાધુ માટે કે મહાત્મા માટે નથી. ધર્મ તો તો દરેક વ્યકિત માટે છે. આખા જગતને માટે તે સિદ્ધાન્ત છે. એટલે તેવો વ્યવહાર ધર્મ હોવો જોઇએ. તેવો વ્યવહાર ન હોય તેટલો તે અપૂર્ણ છે. એક વ્યકિત તેનું પાલન કરે છે તો કરોડો માણસોપર અસર થાય છે. પરંતુ તે તેમના વ્યાખ્યાનથી થતી નથી. પરંતુ તેના પાલનથી થાય છે. કારણ કે તે સિદ્ધાન્ત તેને રગેરગમાં ઉતારેલો છે.

મહાત્માજીએ કહ્યું છે કે "હું મહાત્મા નથી. મારે કોઇ મહાત્મા ન માનશો. મારામાં ઘણી અપૂર્ણતાઓ છે." અને જો અપૂર્ણતા ન હોય તો તિર્થંકરજ કહેવાયને-તેમનામાં એટલી અપૂર્ણતા છતાં, તેમનામાં જેટલી પૂર્ણતા છે તેટલી બીજામાં નથી અને બીજા કરતાં જરૂર તેમનામાં વિશેષ પૂર્ણતા છે. પરંતુ જ્યાં અભિમાન છે ત્યાં ધર્મ નથી પણ અભિમાન છે ત્યાં પાપ છે. ગાંધીજી કહે છે કે હું અપૂર્ણ

છું અને તે સુધારવા સતત્ પ્રયત્ન કરૂં છું, તેઓ અપૂર્ણતા કબુલ કરે છે. તેની કોઇ નાની ત્રુટી તમને દેખાય તો તેને પર્વત જેવડું મોટું રૂપ આપી-કાગનો વાઘ કરવાનો દોઢ ન કરશો. તે તો કુવાનું દેડકું સાગરના મગરમચ્છ સામે પડે છે તેમ દેખાશે. તેમણે આશ્રમમાં એક વાછડો માર્યો, તેટલી કદાચ તેમની ત્રુટી ગણો. પરંતુ તેઓ મન, વચન અને કાર્યથી જે અહિંસા પાળે છે તે જોતાં તમારામાં અને તેમનામાં આસમાન જમીનનું અંતર છે.

શુદ્ધ દીલથી તેઓ જે દુનિયામાં અહિંસાનો પ્રચાર કરી રહ્યા છે તેની નીંદા કરી તમારા માલની-અહિંસાની કિમ્મત વધે તેમ કરશો કે હલકી કરશો? તે તમે વેપારી હોવાથી સારી રીતે સમજી શકશો. તેઓ અહિંસાનો જે પ્રચાર કરી રહ્યા છે તેવો કોઇથી થઇ શકશે નહિ. તેઓ જે કાર્ય કરે છે તે શુધ્ધ વિચાર અને શુધ્ધ ભાવનાથી કરે છે અને એટલી તો ખાત્રી રાખજો કે જાણી બુજીને હિંસા થતી હોય તે વખતે પોતે પહેલા પ્રાણ આપશે. આ સંબંધી તેમના માટે દુનીયામાં બે મત નથી.

**તિર્થંકર અને બીજા વચ્ચે આવી બીજી વ્યકિત નથી**

આજે તેઓ અંગ્રેજ સાથે લડે છે. પરંતુ તેઓને તેમના જેવો લડનારો હજુ સુધી મળ્યો નથી અને મળવાનો નથી. અમે ઘરબાર સળગાવ્યું. માબાપ તરીકેનું-કુટુંબનું-સર્વ સુખ છોડીને બેઠા છીએ, તે કાંઇ અમે આંધળા નથી. અમે પણ દુનિયા જોઇ છે, પરંતુ કાંઇ ખાત્રી થઇ છે તેટલા માટે તેમની પાછળ પડયા છીએ; અને માથું મુકીએ છીએ. હિન્દુસ્થાનની બહાર પણ અને અંગ્રેજોમાં સુધ્ધાંત ઘણા માણસોને તેમના માટે માન છે તેટલું બીજા કોઇ પર માન નથી. તેમણે તો હિંસાની સામે, અહિંસાથી દુનિયાની આંખ ખોલી નાંખી છે. આ જગત તો આસુરી પ્રવૃત્તિથી ભરેલું છે અને હિંસા-સંહારક શક્તિ, પર નિર્ભર છે. આવી સંહારક શક્તિ અંગ્રેજ જેટલી કોઇ પાસે નથી. આકાશ, પાતાળ અને સમુદ્રને વશ કરે તેટલી સામગ્રી ફકત એકજ વ્યકિતમાં છે. તેના મુઠી હાડકાં તો ખીસ્સામાં મુકી શકાય. તેવી વ્યકિત આજ સલ્તનતને કંપાવે છે, તેનું હથિયાર જૈનોનો મૂળ સિધ્ધાન્ત-અહિંસા છે-મને તેવી વ્યકિત બતાવો તો હું તેમને તિર્થંકર તરીકે નમવા તૈયાર છું.

આટલો ધર્મનો પ્રચાર કરનાર-આટલી તપશ્ચર્યા કરનાર તિર્થંકરની અને બીજી વ્યકિતઓની વચ્ચે બીજો કોઇ નથી. માટે આંતર દૃષ્ટિ કરો અને પછી બુધ્ધે કહો. વિલાયતની અંદર કે યુરોપના તમામ દેશોમાં વિદ્વાનો છે ત્યાં જાઓ અને તપાસો કે આજે સર્વ હિન્દુસ્તાન માટે શું માને છે, તેને આ બધું કોણે ઓળખાવ્યું? તેઓ તો સંહારક શકિતની હરીફાઇના ઉપાયો શોધતા હતા, પરંતુ હવે તેમને લાગે છે કે સાચો ઉપાય તો હિન્દુસ્તાનના અત્યારના પ્રયત્નમાંજ છે.

**"માણસનો પ્રાણ બચાવવો તે મુખ્ય ધર્મ છે."**

અહિંસા એટલે પ્રાણી માત્રનો પ્રાણ બચાવવો. ઘણા જૈન ભાઇ બ્હેનો કીડીના દર પર લોટ નાખે છે, પક્ષીને અનાજ નાખે છે, વાંદરાને રોટલા નાખે છે, વિગેરે જીવ જંતુની રક્ષા કરે છે તો હિન્દુસ્તાનમાં કરોડોના ભૂખમરાને લીધે પ્રાણ જતા હોય-આબરૂ સાચવવા પુરતાં વસ્ત્ર પણ ન હોય, અને તે ખરા જૈનની આંખ સામે ભૂખે મરે છે, ત્યારે તમારો ધર્મ શો છે? હું ખાત્રી આપું છું કે આજે લાખો માણસો ભૂખે મરે છે, હાડપીંજર થઇને રીબાઇ રીબાઇને મરે છે, રાત દીવસ પીડાઇને મરે છે. ભૂખમરાનું દુઃખ તો અનુભવીજ સમજી શકે. ભૂખ શું છે તેનો મને જેલમાં કાંઇક અનુભવ થયો. શારિરીક હાની ન થાય તેટલા માટે હું ઓછો ખોરાક લેતો. ફકત અનાજ જોઇએ તેનું ન મળવાથી ૧૫ શેર વજન ઘટયું. મારા સાથીઓ તો ૨૫-૩૦ રતલ ઘટયા છે. તેમને સર્વને અનુભવ મળ્યો છે. સ્વ૦ દાદાભાઇ વિગેરે પણ કહી ગયા કે હિન્દુસ્તાનમાં ભૂખમરો છે, તે અસહ્ય છે. દરેક વ્યકિતમાં ઇશ્વરનો અંશ છે તેને છુપાવવા જોઇએ. અંગ્રેજના રાજ્ય પહેલાં આ સ્થિતિ ન હતી. ઘી, દુધ, અનાજ વિગેરે પુષ્કળ હતાં. પરંતુ પરદેશીઓએ મુખ્ય ઉદ્યોગનો નાશ કર્યો અને તે ઉદ્યોગ જેથી વિધવાને પણ બે આના મળે-તે સુતર કાંતવાનો હતો. તેના નાશ સાથે કરોડોનો ભૂખમરો છે. માટે તેનો પુનરોદ્ધાર કરવાનો આપણો ધર્મ છે.

ગન્તુરમાં કલેકટરનો કાયદો જુઓ. ગાંધી ટોપી લઇ લે અને સળગાવી દે. લાઠી પણ મારે. તે ઉપરાંત જેલમાં મૂકે. આ બધું શા માટે? કારણ એ છે કે તેમના પૂર્વજોએ એજ કામ કર્યું છે-ઇસ્ટ ઇન્ડીઆ કું૦ અહિંઆ આવી તે વખતે તો તેના લોકો નાગા ફરતા હતા. તે આવ્યા ત્યારે રેંટીઆને લીધે હિન્દુસ્તાનમાં આબાદી હતી. તેમણે તો વિચાર કર્યો કે ૩૩ કરોડ માણસને માણસદીઠ ૧૦ રૂપીઆનું કાપડ પહેરાવે તો હિસાબે કેટલા રૂપીઆ મળે? તે ગણત્રીએ રેંટીઆનો નાશ કર્યો. તે વખતે પણ હાથમાં અંગુઠા કાપ્યા હતા. આજે તેની સાતમી પેઢીએ તે ગન્તુરમાં મેજીસ્ટ્રેટ થઇને બેઠો છે, જેથી તકલી ચલાવવા માટે પણ જેલમાં જવું પડે છે.

એક ભાઇએ મને કહ્યું કે શું પુરૂષો તે રેંટીઓ કાંતે? બાઇઓ કાંતે. મેં જવાબ આપ્યો કે ગન્તુરમાં જઇને રેંટીઓ કાંતી જુઓ એટલે તુરત ખબર પડશે. ગન્તુરમાં રેંટીઓ ચલાવવો-જેલમાં પણ રેંટીઓ ચલાવવો, તે તો શમશેર કરતાં પણ વધારે કઠીન છે તે બાઇનું કામ નથી, સતીનું કામ છે. એ ઉદ્યોગ નાશ પામ્યો ત્યારે તો મુશીજી જેઠા મારકીટ બની, અને તમે અમે આવ્યા અને ફસાયા અને રેંટીઆમાં પાપ છે તો કરોડોના ભૂખમરા કરતાં બીજું વધારે કયું પાપ છે? તમારા વેપારથી તમારી નજર આગળ કરોડો ભૂખે મરે તો તમારો ધર્મ શું? રેંટીઓ હાથમાં લ્યો અને ધર્મનો વેપાર કરો અને કામધેનુનો સાથ કરો.

અહિંસા પરમો ધર્મ કહેવો સ્હેલો છે પણ પાલન કઠણ છે. શા માટે મહાત્માજી પર તોપ નથી ચલાવતા. તેમણે તો જગતમાં કામ કરી દીધું છે. તેઓ જાણે છે કે હવે તે મરે કે ન મરે, તે સર્વ સરખું છે. તે તો અમર થઇ ગયા. એ તો હવે ભગવાન કૃષ્ણના સુદર્શન ચક્ર જેવું થઇ ગયું છે.

કરોડોના ભૂખમરા ટાળવાનો ઉપાય તેમને મળ્યો છે. મને બતાવો કે તેનો ઉપાય કરનાર કરતાં બીજો મોટો કોણ અહિંસક છે? બીજો કોઇ નથી. આપણે તો તે યુગમાં

જન્મ્યા છીએ કે જ્યારે જીવનમાંથી અહિંસા લઈ શકીએ તેવી તપશ્ચર્યા–તેવી ધર્મપરાયણતાવાળી વ્યક્તિના દર્શન થઈ શકે છે

હવે મારે જૈન બ્હેનોને ખાસ કહેવાનું છે. હું તેમના પરિચયમાં આવ્યો છું. જૈન બ્હેનોમાં અતિશય ધાર્મિકભાવ અને શ્રધ્ધાનો તો પાર નથી. સાધુને વહોરાવવાની ભાવના અને બીજી ઘણી ઉમદા ભાવના જોવામાં આવે છે. તેમજ તેમના જેવાં બારીક કપડાં પહેરનાર પણ બીજી કોઈ કોમ નથી. બારીક કપડાં પહેરવાની હરીફાઈ દેખાય છે. તમે મૂળ વસ્તુ કેમ ભૂલો છો. આ કપડાંમાંથી કરોડોનો ભૂખમરો થાય છે, તેમાં મહાપાપ છે. બારીક કપડાંથી તો સામા મળનારની ભાવના પણ ખરાબ થાય છે. તેમાં ધર્મનો પ્રચાર નથી પરંતુ તેથી તો ધર્મનો નાશ છે. કપડાં તો એવાં શોભે કે જેથી સામાને માતા–બ્હેન કે બેટીનો ભાવ ઉત્પન્ન થાય. તો આ શોખ ક્યાંથી પેઠો? હું તમને તમારા સગા ભાઈ તરીકે કહું છું કે તમે આ પાપ કરો છો. કપડું તો એવું પહેરો કે વસ્ત્ર પહેરતાંજ આપણને લાગે કે વસ્ત્ર પહેર્યું. આ તો એવાં બારીક વસ્ત્ર પહેરો છો કે તમને પણ ખબર નથી પડતી કે તમે વસ્ત્ર પહેર્યાં છે. તેવાં કપડાંમાં ધર્મને નામે અધર્મ નહિ તો બ્હેમનું સ્થાન તો જરૂર છે. પાપ કરીને સાધુ પાસે જઈને કે મંદીરમાં જઈને કે તીર્થ સ્થળે જઈને કે ગંગાસ્નાન કરીને પાપ ધોઈશું તે વાત તદન ખોટી છે. જે પાપ કરશું તે ભોગવવુંજ પડશે. આપણે તો ભોગવશું, પરંતુ તેનો વારસો આપણા બાળકોને પણ આપતા જઈશું. દેરાસર તો હવેથી ફરીથી પાપ નહિ કરીએ તે માટે છે, નહિ કે કાલનું પાપ ધોઈ નાખ્યું, માટે હવે નવેસરથી ફરીથી પાપ કરવા બેસો. તો બધું ભોગવવુંજ પડશે તે યાદ રાખજો. ચાંદલો તો બાહ્ય ચિન્હ છે. ખરો ચાંદલો હ્રદયમાં થવો જોઈએ. હ્રદયની પવિત્રતા વિના ચાંદલો નહિ શોભે. તેથી કદાચ જગતને ઠગશો. પરંતુ પરમેશ્વર તેથી નહિ ઠગાય. માટે તમારા ધનનો સદુપયોગ કરો. બાહ્યાચાર છે તે તો નાના વૃક્ષને જેમ વાડ રક્ષા માટે છે તેમ રક્ષા માટે છે. પરંતુ મોટા વૃક્ષને વાડ નથી જોઈતી એટલે તે બાળક માટે છે હવે તો તમે મોટા થયા છો. તિર્થંકર થવા ધારો કે મહાત્મા થવા ધારો તો થઈ શકો. નહિતર તો મુખમેં રામ, બગલમેં છુરી જેવું લાગે છે. તમે પાપનો બહિષ્કાર કરો અને પુન્યનો સત્કાર કરો. સુંદર કપડાં બનાવો અને ગરીબને આપો.

જૈન કોમ જેવી સાહસીક કોમ મેં જોઈ નથી, આટલું સાહસ, કુશળતા, હિન્દની મુક્તિ માટે વાપરીને ઉદ્યોગને સજીવન કરો. તમે કલ્યાણ કરી શકશો તેમાં જૈન ધર્મનું પાલન છે અને તેની વાહવાહ થવાની છે. માટે તે પ્રમાણે વર્તવું તે તમારૂં કામ છે.

૮૪ લાખ અવતાર છે. વહેલા મરીએ કે જેથી ઘટમાળનો જલદી અંત આવે. જેની મમતા છે તે દેહ તો માટીનું પુતળું છે. બારીક કપડાંથી શોભીતાં કરીએ છીએ તે રહેવાનો નથી. પછી તે રાજા હોય, રંક હોય, સાધુ હોય, ગમે તે હોય, દરેકને મરવાનું છેજ. તો પછી મરણનો ડર શા માટે? જે આપણને છોડનાર નથી તો તેનો ભય શા માટે? મરણથી ડરવાવાળો જૈનજ નથી. અંદરની વસ્તુને તો કોઈ મારનારજ નથી. તોપ પણ મારી શકે તેમ નથી તો લાઠીથી કે ગોળીથી બીહે તેને શું કહું? આજે લડાઈમાં તમે સાચા જૈન હો તો દાખલ થઈ જજો. નિર્માણ વખતે મરણ જરૂર આવશે. તેમાં કોઈ સરકાર પણ ફેરફાર કરી શકશે નહિ. રશીઆના ઝારને પણ રખડીને મરવાનું બન્યું. તો વસ્તુતઃ ધર્મ સમજી ભય કાઢી નાખવો જોઈએ. ગાંધીજી કહે છે કે સામી લાકડી પણ ન ઉપાડવી. ફક્ત અદભ વાણીને ઉભા રહો. સાથ ન આપો. તો આ રાજ્યનો ૨૪ કલાકમાં ભુક્કો થાય.

# શાસન પક્ષનો વરઘોડો.

## પાટણની કોર્ટમાં મંડાયેલી ફરીયાદ.

શ્રીમંત સરકાર ગા. વિ. પાટણ સા. કો. ન્યાયા વર્ગ ૧, ફો. મુ. નં. ૧૩૨૪/૮૬

### ફરિયાદી.

શા. ભોગીલાલ લલ્લુભાઈ જાતે જૈન ઉ. વ. ૫૦ ધંધો વેપાર, પાટણ.

### આરોપીઓ.

૧. શા. પોપટલાલ હેમચંદ. ૨. શા. લલ્લુચંદ ડાહ્યાચંદ. ૩. શા. ડાહ્યાચંદ નગીનદાસ. ૪. શા. નાનાલાલ મગનલાલ. ૫. શા. મંગળદાસ નાગરદાસ. ૬. શા. ખુમચંદ લલ્લુચંદ. ૭. શા. ગભરૂચંદ ડાહ્યાચંદ. ૮. શા. લલ્લુચંદ પાનાચંદ. ૯. શા. છગનચંદ છગનલાલ. ૧૦. શા. જેશીંગલાલ પુનમચંદ. ૧૧. શા. ભોગીલાલ નાગરદાસ. ૧૨. શા. ચુનીલાલ મગનચંદ. ૧૩. શા. બાલુભાઈ ચુનીલાલ. ૧૪. મણીઆર વાડીલાલ લલ્લુચંદ. ૧૫. અમૃતલાલ સુરજમલ. ૧૬. શા. રતનચંદ માણેકચંદ. ૧૭. શા. પ્રેમચંદ હેમચંદ. ૧૮. શા. ગભરૂચંદ વાડીલાલ. ૧૯. શા. કેશવલાલ મંગળચંદ. ૨૦. શા. ભીખાચંદ સાંકળચંદ. ૨૧. શા. ડાહ્યાચંદ પાનાચંદ. ૨૨. શા. સેહેરચંદ ચુનીલાલ કોટવાળ. ૨૩ શા. મફતલાલ ડાહ્યાચંદ આલમચંદ. ૨૪. શા. શાન્તીલાલ મુળચંદ. ૨૫. શા. ગભરૂચંદ ન્યાલચંદ ૨૬. ગોર ગોરધન ત્રીકમ.

---

આ રાજ્યે કપડાંના મોહમાં નાંખી, ભૂખમરો ઉભો કર્યો, રડુંસો અને કોલેજો ગુલામોનાં કારખાના બન્યા. અમની કેળવણી આપી નામર્દ બનાવ્યા. એટલે મારૂં ચાલે તો ઠરાવું કે કોલેજમાં ભણે તેને કન્યાજ ન આપવી. કારણ કે નામર્દને શા માટે પરણવું જોઈએ.

અમે પોલીસને સલાહ આપી કે તમે અમારા ભાઈઓ છો. અમે હિન્દુસ્તાનના કલ્યાણ માટે મહેનત કરીએ છીએ. તેમાં નૌજુવાનો કામ કરતા હોય તેને લાકડી મારવાનું કહે તો ન કરવું. છતાં તમને લાઠી મારવાનું કહે તો કહેજો કે સરકારના કાયદા પ્રમાણે પણ લાઠી મારી શકાય નહિ. બીજું લશ્કરમાં સિપાઈ છે તેને ખબર આપવી કે નિઃશસ્ત્ર પ્રજાને બંદુક મારવાનું પાપ ન કરશો. ક્ષત્રોય હથીયાર વિનાનાને કદી ગોળી ન મારે. તે કહેવા માટે પંડિત મોતીલાલ નેહરૂને જેલમાં મુક્યા. આવી સીધી વાત તો મારા પડોશમાં સિપાઈને દરરોજ કહું, પેટના સાધનમાં ખરૂં સુખ નથી. લક્ષ્મીમાં પણ નથી. ખરૂં સુખ આત્માની શાન્તિમાં છે. તે જૈનો નહિ ઓળખે તો કોણ ઓળખશે.

પારકાની નીંદા જેટલું બીજું કોઈ મોટું પાપ નથી. જૈન જન્મથી નથી ધર્મ પાળે તે ખરો જૈન. પાળે તેના બાપનો ધર્મ છે. તેનું પાલન કરનાર જગતને સાચો સિધ્ધાન્ત ઓળખાવનાર છે. હું તો કહું છું કે તમે કોઈની નીંદા ન કરશો અને પાપનો પોટલો ન બાંધશો.

છેવટમાં સરદાર સાહેબે જણાવ્યું કે મેં તમને પ્રેમથી કહ્યું છે. પોતાનો થઈને કહ્યું છે. માટે દુઃખ ન લગાડતા મારી ભાવના વિચારજો અને આચારમાં ઉતારજો. ઇશ્વર તમારૂં કલ્યાણ કરે.

શ્રીયુત મકનજીભાઈએ સરદાર વલ્લભભાઈનો ઉપકાર માનતાં જણાવ્યું કે કોઈ પણ મુનિના વ્યાખ્યાન કરતાં આજનું ભાષણ શ્રેષ્ઠ છે મહાત્મા ગાંધીજીને હું ખરા જૈન માનું છું અને તેમની દિલસુઝી જૈન દિલસુઝી છે નજદીકમાં આવતા તહેવારોમાં સ્વદેશી કપડાંજ પહેરીને સર્વ દેરાસર જશે અને વિદેશી કાપડ નહિજ ખરીદે. તે મુજબ વર્તનમાં મુકશે તોજ સરદાર સાહેબનો પરિશ્રમ યોગ્ય ગણાશે.

### આરોપ.

કો. ની. ક. ૫ ૨૫૯–૩૬૯ મુજબ.

૨) ફરીયાદી ફરીયાદ કરું છું કે–

(૧) પાટણના જૈન શ્રાવકોની વીસાની ત્રણ ન્યાતો તથા દશાની ત્રણ ન્યાતો છે. સિવાય ઇતર ન્યાતોમાં જેઓ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ધર્મ પાળે છે તેઓ અને જૈન સાધુ સાધ્વી, આચાર્ય, ઉપાધ્યાયો મળી ચતુરવીધ સંઘના નામથી ઓળખાય છે.

(૨) ચતુરવીધ સંઘની મૂળ સ્થાપના વર્તમાન શાસનના ઉપકારી તીર્થંપતિ શ્રી મહાવીર દેવે કરેલી છે. જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકાને ચતુરવીધ સંઘના અંગ જણાવેલ છે.

(૩) જૈન શાસ્ત્રોમાં પૂર્વાચાર્યોએ ચતુરવીધ સંઘનું વર્ણન ઠેકાણે ઠેકાણે કરેલું છે. તેમાં જૈન સંઘની મહત્તા સંખ્યાબળ ઉપર નક્કી નહીં કરતાં આજ્ઞા એ ધર્મ એ સૂત્ર જણાવીને જે ગૃહસ્થો તથા સાધુઓ જૈન સૂત્ર સિદ્ધાંતની આજ્ઞાનુસાર માન્યતા ધરાવતા હોય તેવાઓને ચતુરવીધ સંઘમાં ગણેલા છે. એટલે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવીકા આજ્ઞા મુજબ વર્તવાની માન્યતાવાળા હોય તો તે જુજ સંખ્યા પણ ચતુરવીધ સંઘમાં ગણાય અને તેથી વીપરીત માન્યતાવાળો વધારે સમુદાય હોય તો પણ તેઓને ચતુરવીધ સંઘમાં ગણ્યા નથી.

(૪) ચતુરવીધ સંઘના બે ભેદ છે. તેમાં સાધુ, સાધ્વીઓનો સમુદાય, તે શ્રમણ સંઘ તરીકે ઓળખાય છે; અને શ્રાવક, શ્રાવીકાનો સમુદાય તે જૈન સંઘ તરીકે ઓળખાય છે અને તે બન્ને મળીને ચતુરવીધ સંઘ તરીકે ઓળખાય છે; ચતુરવીધ સંઘમાં સાધુઓ મુખ્ય પડે છે અને તેથી જૈનોમાં ચાલતા આવેલા ધાર્મિક રીવાજોમાં અથવા જૈન શાસ્ત્રોમાં જણાવેલી કોઈ બાબતમાં છદમસ્તપણાના (અજ્ઞાનતાના) યોગે કાંઈ મતભેદ માલુમ પડે તો અથવા ત્રુટી જણાતી હોય તો તેમાં સુધારો વધારો કરવાનું કામ ચતુરવીધ સંઘ અથવા સમગ્ર શ્રમણ સંઘે શાસ્ત્રથી અવીરૂદ્ધપણે કરવાનો રીવાજ. અને ફરમાનો જૈન શાસ્ત્રોમાં છે અને શ્રાવક યાને જૈન સંઘે ફક્ત તેનો અમલ કરવાનો છે

(૫) કેટલાક વખતથી પરમપૂજ્ય સદ્‌ગત આચાર્ય આત્મારામજી મહારાજના સમુદાયમાં વલ્લભવિજય સૂરિજીનું વર્તન અને ઉપદેશ શાસ્ત્રોક્ત જૈન સાધુપણાથી વીપરીત અને જૈન શાસ્ત્રોથી વીરૂદ્ધ છે અને પોતાની તે માન્યતાની પુષ્ટી કરવા માટે જૈન યુવક સંઘ અને કેટલાક કહેવાતા સુધારકોને પોતાના પક્ષમાં લઈ પોતાની ચળવળ ચલાવી રહ્યા છે અને તેથી અહીં અને બીજા સ્થળોએ જૈન સાધુઓમાં તથા ગ્રહસ્થોમાં બે પક્ષ પડી ગયા છે.

(૬) આરોપીઓ વીગેરે વિજયવલ્લભસૂરિજીના પક્ષના છે. તેથી તે પક્ષને મજબુત બનાવવાના બહાને તેમનું ઉપરાણું લઈ આરોપીઓ વીગેરે તેમના પક્ષના માણસો તથા વિજયવલ્લભસૂરિજીના મળતીયા સાધુઓ તથા શ્રાવકો ઉપર (અમારા પક્ષ ઉપર) અનંતજ્ઞાનીના વચનોથી વિરૂદ્ધ સુધારાના બહાના હેઠળ કુધારો ગમે તે રીતે ઠોકી બેસાડવા તથા અમોને દબાવવા પ્રયત્ન કરે છે.

(૭) ગામમાં પાણી પીવાની તથા નોકારસી જમાડવાની પરવાનગી આપવી તથા જૈન ધર્મના ઉપાશ્રયો, દેરાસરો અને પેઢીના વહીવટ ઉપર દેખરેખ રાખવી. બંધ તીર્થીઓના દિવસે કંદોઈને ચુલા સળગાવવાની જરૂર પડે તો તેથી રજા આપવી તે તથા એવા પ્રકારના બીજા કામો કરવા એ સદર પાટણના શ્રાવક યાને જૈન સંઘના બંધારણનો વહેવાર છે. પરંતુ દરેકની જ્ઞાતિના બંધારણનો વહેવાર જુદો છે એટલે નાતજાતના વહેવારોમાં સદર શ્રાવક યાને જૈન સંઘ દરમ્યાનગીરી કરી શકેજ નહીં અને સમગ્ર જૈનોમાંથી કોઈ જૈનને બહિષ્કાર કરવાનો ઠરાવ કરી શકેજ નહીં.

જૈન સાધુ થવા માટે દીક્ષા લેવાનો આ઼મો જૈનોમાં પરાપૂર્વથી પ્રચાર ચાલે છે ને તે દીક્ષા જૈનશાસ્ત્રને અનુસરીને જૈનાચાર્યો અને જૈન મુનિઓ સંયમના અર્થે મનુષ્યોને આપે છે, તેમાં વચ્ચે પડી તેનું નવું બંધારણ બાંધવા કે ફેરફાર કરવા અને તેના ઉપર નિરંકુશ રાખવા શ્રાવક યાને જૈન સંઘનો હક્ક કે અધિકાર નથી. તેમ છતાં આરોપીઓની આગેવાની હેઠળ સદર સંઘમાં કેટલાક યુવાન જૈનોએ સદર દીક્ષા પાટણમાં કોઈ લેવું હોય તો પાટણ જૈન સંઘની પરવાનગી વગર લઈ શકે નહીં એવો વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર અંકુશ મુકનારો અને ગેરકાયદેસર ઠરાવ કરવા ચળવળ ઉભી કરી તોફાનો મચાવ્યાથી અને તેમાં સમગ્ર જૈનોનો એકમત ન થવાથી છેવટ સં. ૧૯૮૫ ના ભાદરવા વદી ૧૧ થી સદર સંઘના જૈનોમાં ત્રણ પક્ષો પડી ગયા છે ને ત્યારથી પાટણ જૈન સંઘ બંધ પડી એક આરોપીઓના આગવાણો યુવક પક્ષ. બીજો અમે ફરીયાદીના પક્ષવાળો શાસ્ત્રરસીક પક્ષ. બાકીના ત્રીજા પક્ષવાળા તટસ્થ એમ બોલાય છે અને જે તે ભાગવાળા પોતપોતાના માણસો ભેગા કરી કામકાજ કરે છે. આથી પાટણ સમગ્ર જૈન સંઘના નામે કેઈ ભાગવાળાને આ બાબતના અગે કોઈના વિરૂધ્ધમાં ઠરાવ સમગ્ર જૈન સંઘના નામે જાહેર કરવા હક્ક કે અધિકાર નથી.

(૮) સદરહુ તારીખે આરોપીઓએ તેમજ તે પક્ષવાળાએ પાટણ સમગ્ર જૈન સંઘની પરવાનગી વગર પાટણમાં કોઈ દિક્ષા લઈ કે આપી શકે નહીં એવો ઠરાવ કર્યાનું ખોટી રીતે પ્રસિદ્ધ કર્યાં કરવાથી તે સામે અમો ફરીયાદી પક્ષવાળાએ એ વાત ખોટી ઉભી કરી છે. એવા અર્થમાં ટીકા પ્રસીદ્ધ કરેલી તે ઉપરથી આરોપી પક્ષવાળાનો સમુદાય વધારે હોવાથી અમો ફરીયાદી પક્ષવાળાને દબાવી સદર ઠરાવ કરવા માટે તેમણે દ્વેષબુદ્ધિથી એમ જાહેર કરેલ છે કે અમુક મુદત સુધીમાં સદર ઠરાવ કબુલ રાખી નં. ૧ ના આરોપીને ત્યાં જઈ સહી કરી જવી ને જેઓ નહી કરવા જાય તેમને સંઘ બહાર કરવામાં આવશે. એ પ્રમાણે જાહેર કર્યા છતાં અમો ફરીયાદી પક્ષવાળા મુળથીજ વિરૂદ્ધ હતા તેથી અમે સહીઓ કરી નહી અને તેથી આરોપી પક્ષવાળા ન ફાવવાથી અમારો પક્ષ લગભગ ૨૭૫ ગૃહસ્થોનો હોવા છતાં તે પૈકી માત્ર ૧૫૩ જણાઓને (જેમાં અમારો સમાવેશ છે) પાટણ જૈન સંઘ બહાર મુકવા બાબતનો ખોટો બીન અધિકારનો ઠરાવ દ્વેષબુદ્ધિથી પ્રસિદ્ધ કરી અમારા પક્ષની આરોપીઓએ વગોવણી કરેલી. તે પછી ચૈત્ર સુદ ૪ ના રોજ મહોલ્લે મહોલ્લે નં. ૨૬ ના આરોપીને ફેરવી કોઈએ સદરહુ એકસો ત્રેપનનાને કન્યા આપવી નહીં. એવો ઢંઢેરો પીટાવ્યો અને નં. ૨૬ નાએ દ્વેષબુદ્ધિથી ઢંઢેરો પીટયો અને તે પછી ચૈત્ર વદી ૧૧ ના રોજ ઉપરના એકસો ત્રેપન માણસોને કોઈએ નોતરું આપવું નહીં, એવો ઢંઢેરો આરોપીઓએ દ્વેષબુદ્ધિથી પીટાવ્યો છે. અને નં. ૨૬ ના આરોપીએ પીટયો છે.

(૧૦) પાટણમાં પગામના બે જણાઓએ સંવત ૧૯૮૬ ના ચઈતર વદી ૫ ના રોજ દીક્ષા લીધી ને તેમને આચાર્ય મહારાજ શ્રીમાન લબ્ધિસુરીજીએ દીક્ષા આપી. આથી સદર આચાર્ય દેવ ઉપર ગુસ્સે થઈ તેમનું તેમજ નવદીક્ષીત સાધુનું અને તેમના સમુદાયના બીજા સાધુઓનું સખ્ત અપમાન તથા નીંદા કરી અને બહિષ્કાર કરી તેવો લેખીત ઠરાવ પાટણ સમગ્ર જૈન સંઘે કરેલો હોવાનું ખોટી રીતે અને બીનઅધીકારે જણાવી નં૦ ૧૧ આરોપીની સહીથી સદર ઠરાવ આરોપીઓએ દ્વેષબુદ્ધિ પ્રસીદ્ધ કરેલો છે ને તે ઉપરાંત ઢાણા વાવટા સાથે ગામમાં સરઘસ ફેરવી મોટેથી બોલતા જઈ સદર આચાર્ય મહારાજની તેમજ તેમની સાથેના સાધુઓની તેમજ નવદીક્ષીત સાધુની અસાધારણ નિંદા તથા વગોવણી કરી તેમની બેઆબરૂ કરી અમારી ધર્મ સંબંધી લાગણી આરોપીઓએ અનહદ દુખાવી છે નહીં, પણ પેપરોમાં આ વાત પ્રસિદ્ધ કરી એક રીતે પરોક્ષ અમારા સાધુઓનું તેમજ અમારા પર વગોવણું કર્યું છે અને લોકોની દૃષ્ટિમાં ઉતારી પાડીઅમારી ધાર્મિક લાગણી દુખાવી છે અને તેથી સુલેહનો ભંગ થવા પણ પાકો સંભવ હતો; પરંતુ વેપારીવર્ગના હોવાથીમાનગી તકરાર કરી નથી અને તેનો કાયદેસર ઇલાજ લેઈએમ નક્કી કરી શાન્તિ રાખેલી.

(૧૧) તે પછીસંવત ૧૯૮૬ ના જેઠ વદ ૯ ના રોજ પરગામના એક જૈનવહરથી પાટણમાં આવી દીક્ષા લીધી અને આચાર્ય મહા૦ શ્રીમાન લબ્ધિસુરિશ્વરજીએ તેમને દીક્ષા આપેલી તે ઉપરથી આરોપીઓએ અમારા ઉપર ચીડાઇ દ્વેષબુદ્ધિથી મારી આબરૂને નુકસાન પહોંચાડવાના ઇરાદે અને નુકશાનીથઇશે એવો સંભવ છે, એમ જાણીને ગેરકાયદે અને કાંઇપણ કારણ વગર નાં. ૨૬ ના આરોપીને મહોલ્લે મહોલ્લે ફેરે અમોને જૈન કોમથી સદંતર (સર્વ પ્રકારના વહેવારથી)દૂર કર્યા છે. માટે અમારી સાથે કોઇ જાતનો વહેવાર કરવો નહીં અને જે રાખશે તે ગુન્હેગાર છે એવો મોટેથી આરોપીઓએ પોતાનો ઠરાવ પ્રસિધ્ધ કર્યો છે. અને તે જાહેરે પણ પીટાવ્યો છે અને નાં. ૨૬ ના આરોપીએ ઢંઢેરાથી ઉપરોક્ત ઢંઢેરો પીટયો છે. ઉપર મુજબ ઠરાવ કરવાઉ અમને ખબર પણ આપી નથી તેમજ અમારી પણ હકીકત સાંભળી નથી અને ખોટી રીતે દ્વેષબુદ્ધિથીની વાત ઉભી કરી ન્યાત, જાત વીગેરેના તમામ વહેવારોમાં અમારો બહિષ્કાર કરી અમને હલકા પાડયા છે અને મારી આબરૂને હાનિ પહોંચાડી છે.

(૧૨) આરોપીઓનું સદર કૃત્ય કાયદા મુજબ ગુન્હા ભરેલું હોઇ તેવું જ બતાવ્યા પ્રમાણે ગુન્હા કર્યાં છે. માટે તે ગુન્હાઓના ઉપર ફરિયાદ કરૂં છું.

(૧૩) ૬ પુરાવો.

શા. વાડીલાલ હુકમચંદ સાંડેસરા નથુરામ ખુશાલ.
નાગર. પ્રવર્તકમુનિ કાન્તીવિજયજી
શા. બાપુલાલ મુનલાલ. મુનીશ્રી ચતુરવિજયજી.
શા. ભાઇચંદ ઉત્તમચંદ. મુનીશ્રી હંસવિજયજી.
શા. વાડીલાલ ચંદ. મુનીશ્રી પન્યાસ સંપત
શા. હીરાલાલ બેમચંદ. વિજયજી.

# મેનેજીંગ કમિટિનું કામકાજ.

મહેરબાન સાહેબ,

આપ જાણો છો કે આજે આપણા દેશમાં અંગ્રેજ સરકાર સામે કેટલાક વખતથી સ્વાતંત્ર્ય યુદ્ધ શરૂ થયું છે. અને એ યુદ્ધમાં આજે અપાર બલિદાનો અપાઇ રહ્યાં છે. છે. પ્રસ્તુત યુદ્ધના મુખ્ય સૂત્રધાર મહાત્મા ગાંધીજીને તેમજ રાષ્ટ્રપતિ શ્રી. જવાહીરલાલ નહેરૂને અને પંડિત મોતીલાલ નહેરૂને કેદ કરવામાં આવ્યા છે. આજે હજારોની સંખ્યામાં આપણાં અનેક ભાઇઓ તેમજ બહેનો જેલ ભોગવી રહ્યા છે. સરકારે ચારે તરફ દમનનીતિનો સખ્ત દોર ચલાવ્યો છે, અને સ્થળે સ્થળે સંખ્યાબંધ માણસો, એ દમનનીતિના ભોગ બની ઘાયલ થયા છે. સરકાર સામે આ યુદ્ધ ઉચતનું છે એમ આપણે માનીએ છીએ. અને તેથી તે યુદ્ધમાં બને તેટલો ભોગ આપવો એ દરેક દેશબંધુ તથા ભગિનીની ફરજ છે. આજે વ્યાપાર હાલબેહાલ થઇ ગયો છે. અને વ્યાપારીઓ ભારે સંકટ અને આફતમાંથી પસાર થઇ રહ્યા છે. આજે કેટલાય લોકોને નિર્વાહની ભારે ચિન્તા ઉભી થઇ છે. અને દિનપ્રતિદિન સ્થિતિ વધારે ને વધારે વિષમ બનતી જાય છે. આવી પરિસ્થિતિ વચ્ચે કોઇ પણ જાતના ઉત્સવો કે જમણવાર શોભે નહિ. એ આપ જરૂર કબુલ કરશો. આજે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામને કેમ સફળ કરવો તેજ માત્ર આપણું ધ્યેય હોઇ શકે. અને તે ખાતર સાધારણ સમયમાં ચાલતા ઉત્સવ સમારંભો તેમજ સામુદાયિક જમણવારોનો આપણે સર્વથા ત્યાગ કરવો જોઇએ. આપણા પર્યુષણ પર્વ નજીક આવે છે; તે પ્રસંગે સાધારણ રીતે કરવામાં આવતાં નોકારશી, સંઘ, ગચ્છ, આદિનાં જમણવારો બંધ રાખવાની વિનંતિ કરવા માટે આપને આ પત્ર લખવો અમે ઉચિત ધાર્યો છે. આ વખતે લોંકાગચ્છવાળાઓએ સ્થાનકવાસી ભાઇઓએ અને કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી મહાજને પર્યુષણ નિમિત્તે થતાં સર્વ જમણવારો બંધ કર્યા છે. એ તરફ આપનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ. અને વર્તમાન અસાધારણ પરિસ્થિતિ બરોબર ધ્યાનમાં લઇને પર્યુષણ નિમિત્તે થતાં સામુદાયિક જમણવારો બંધ રાખવા તેમજ આપની લાગવગ પહોંચી શકે ત્યાં વાપરીને અટકાવવાનો અમે આપને ફરી ફરીને આગ્રહ કરીએ છીએ. આ સંબંધમાં આપ આપની ટ્રસ્ટીઓની સભા બોલાવી સત્વર નિર્ણય કરશો અને અમને તે મુજબ તરતજ ખબર મોકલાવશો એવી આશા છે.

લી૦,

શ્રી જૈન યુવક સંઘ.

---

નંબર ૭-૧૦ ના સહિદ સાધુઓ સામા પક્ષના સાધુઓ છે. તે ના૦ કોર્ટની જાણમાં રહે. સદર સહિદોને સમન્સથી બોલાવશો.

વધુ પુરાવો ચાલતાં કામે જરૂર પડે આપીશું.

અગત્ય માગણી કે આરોપીઓએ કરેલ ગુન્હા બદલ તેમને યોગ્ય શીક્ષા ફરમાવી મારી ફરિયાદનું પ્રતિફળ અપાવશો.

સદરહુ આરોપીઓ પૈકી નં૦ ૯-૧૦-૧૯-૨૦ આ ફરિયાદ થયાનું જાણી મુંબાઇ જવાના છે. માટે તેમના ઉપર સ્પેશીયલ સમન્સ યા વૉરંટ કાઢવા મહેરબાની કરશો.

તા૦ ૧૧ જુલાઇ ૧૯૩૦.

શા. ભોગીલાલ હાલાભાઇની સહી દા. પોતે.

# આચાર્ય આનંદસાગરજીનું અધર્મી પગલું.

લખનાર : પંડિત આણુંદજી દેવસિંહ શાહ.

આચાર્ય આનંદસાગરજી એટલે એક જગડાખોર માણસ એના જીવનમાં પાખંડ, કલેષ, કજીઆ, રીતુર અને ધમાલ એ સિવાય બીજું કંઇજ નજરે પડ્યું નથી. સમ્મતિ તર્કકાર આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરજી મહારાજે લખ્યું છે અને તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ભાષામાં ઉતાર્યું છે. "જીમ જીમ બહુ શ્રુત બહુ જન સમ્મત બહુલ શિષ્ય પરીવરીયો; તીમ તીમ જીન શાસનનો વૈરી જો નિશ્ચય નવી ધરીયો."

આ આચાર્ય દિવાકરજીનું કથન આચાર્ય સાગરનંદજીના સંબંધમાં અક્ષરસહ સાચું પડ્યું છે એની કહેવાતી બહુ શ્રુતતા, મનાતી બહુજન સમ્મતતા, અને મોડકેલી બહુલ શિષ્યતા, એ બધી એની અંગત મિલ્કત હોવા છતાં અનુભવ જ્ઞાનના અભાવે તે જૈન સમાજપર ભયંકર ભારરૂપ નીવડી છે. એના એ કલેવરી આડંબરે સમાજનો ગુન્હાપાત્ર દ્રોહ કર્યો છે, ઝગડા, કલેશ, ટંટા અને તોફાનોમાં આચાર્ય સાગરાનંદે જૈન સમાજનાં લાખોનાં આંધણ મુકાવ્યા છે, અને આજે પણ કલેષની ભડભડતી હોળી સતત સળગી રહી છે. આગમોદય સમિતિની શરૂઆતમાં વાંચનાના મશેરામાંજ પતીત આનંદવિજયને આશ્રય આપી એણે મુનિ સમાજમાં છુપો કલેશ પ્રકટાવ્યો. કેટલાએ એવા બનાવો બની ગયા, કેટલાએ ધાંધલ કલેશ, તોફાનો અને ઝગડા આ ઝગડાચાર્ય સાગરાનંદે જન્માવ્યા કે લગભગ બધાએ સમજુ સમાજ એની જાળથી ચેતી ગયો અને છેવટે પાલીતાણાની વાંચના વખતે સમસ્ત શ્રી જૈન સંઘે બજાવવાની ફરજ હતી તે ગયા વરસમાં જામનગરના શ્રીસંઘે બજાવી અને કહેવાતા આચાર્ય સાગરાનંદને પદભ્રષ્ટ કરી સંઘ નામને સાર્થક કર્યું. પણ કોઇ એક જામનગરના શ્રીસંઘ એને પદભ્રષ્ટ કરે, ધરોલ, મોરબી, ભરૂચ વિગેરેના થોડા શ્રીસંઘો એનું અપમાન કરે તેટલા માત્રથી ઝગડામાંજ ઉછરેલા, જીવેલા અને જીવતા આ ઝગડાચાર્ય સાગરાનંદની શુદ્ધ કંઇ ઠેકાણે આવે ? સમાજ સાંભળીને ચોંકી ઉઠે તેવું પગલું તાજેતરમાં આચાર્ય સાગરાનંદે ભર્યું છે તે સંબંધમાં હું જૈન સમાજને પોતાની ફરજ વિચારવા જોરદાર અપીલ કરું છું. છેલ્લા સુરત સોસાયટી સમ્મેલનના પ્રમુખસ્થાનેથી શેઠ નેમચંદ નાથાભાઇના મુખે એક વાત મુકાવી હતી કે નાસ્તિક સુધારકો અને યુવાનોનું આ જોર જોતાં પછી હવે મુનિઓને વસ્ત્ર પાત્ર વિગેરે ઉપકરણ અને અન્નપાણી નજદીકના ભવિષ્યમાં મળવું મુશ્કેલ થશે. તે વખતે કોને ખબર હતી કે આ ઉદ્દગારો પાછળ લાલબાગના કોઇ વેશધારી જાદુગરની કે આચાર્ય સાગરાનંદની કળા સક્રિય રીતે કામ કરતી હશે પણ આજે એ વાત પરથી પડદો ઉંચકાઇ ગયો છે અને પોલ, ઢોલ વગાડતી પ્રગટ થઇ છે. હકીકત એવી છે કે હમણાંજ સુરત મુકામે આચાર્ય સાગરાનંદજીએ કેટલીક ધાર્મીક, ભોળી, શ્રદ્ધાળુ અને અજ્ઞાન, ધનવાન બહેનોને એમ સમજાવ્યું છે કે સાધુ સાધ્વીઓને નજદીકના ભવિષ્યમાં ધર્મોપકરણ મળવા મુશ્કેલ થશે અને તે ટાળવા માટે એક લાખ રૂપીઆના ફંડની શરૂઆત કરવી જોઇએ. સંપૂર્ણ લાખ રૂ. થાય ત્યાં સુધી રકમ ભરનારાઓએ પોતે ભરેલ રકમનું વ્યાજ માત્ર આપવું અને લાખની રકમ પુરી થઇ જતાં તે રકમ આપી દેવી. આ પ્રમાણે આચાર્ય સાગરાનંદે ઉપકરણ ફંડની સુરતથી શરૂઆત કરી દીધી છે. ખબર મળ્યા છે તે પ્રમાણે સુરતની એક બહેને રૂ. દશ હજાર ભરી આ મુનિ-ઉપકરણ ફંડના શ્રીગણેશાય નમઃ કર્યું છે અને બીજી કેટલીક બહેનોની પરચુરણ રકમો મળીસુરતમાંજ રૂ. ૩૦ હજાર થઇ ગયાના સમાચાર મળ્યા છે અને જોત જોતામાં લાખ રૂ. થઇ જશે.

રિક્ષાના નામે જબરા ફંડો થાની વાત સમાજમાં જાણીતી છે. પણ મુનિઓના ઉપકરણ ઓઠાં નિચે આવા ફંડો થાય એ અધર્મ છે. શાસન, સમાજ અને ધર્મનો નર્યો દ્રોહ છે. તેથી શાસન સમાજ અને તેને ઉગારી લેવાની શ્રીસંઘની વેળાસરની અનિવાર્ય ફરજ જૈન શાસન, સમાજ અને શાસ્ત્રોમાં મુનિ શબ્દની ભારે પ્રભા હતી. પણ છેલ્લી બે ત્રણ સદીઓ પર જ્યારે યતિઓ ના, અને એવા અનેક ઓઠાં નીચે સમાજનું લાખોનું દ્રવ્ય હડપ કરવા લાગ્યા, પચાવવા લાગ્યા અને પરિણામે શિથિલ અને પાપાચારની ગર્તામાં ગબડી પડ્યા અને મોટાઆતિષ્ઠિત પૂજનિય, વંદનીય અને શાસ્ત્ર સંમત યતિ શબ્દપ્રિય અને અણખામણો બન્યો, તેવીજ રીતે સાધુતાના ડબ્બે આજના સાગરાનંદો અને રામવિજયો જે ખેલ ખેલી રહ્યા તે જો નહિં અટકે સમાજ તેને નહિં અટકાવે તો આ રીતાઓ અને સાગર લીલાઓને લીધે મુનિ, સાધુ, શ્રમણ, વિનામથી ઓળખાતો, પૂજાતો વંદાતો, ત્યાગી સમાજ આપમળી પડશે. વિનિપાતની શરૂઆત થયા પછી તે ક્યાં કરી એ કલ્પનાજ કમકમા લાવે છે. સૂત્ર શ્રી મહાનિશિમાં એકથી વધારે મુહપત્તિ રાખનાર મુનિને અસાધુ કુસાધુ તરીકે વર્ણવ્યા છે ત્યારે ભવિષ્યમાં આવી વી કહેવાતી ભીડ નિચે મુનિના ધર્મોપકરણના બહાને લાખો રૂપીઆના ફંડ કરાવનાર સાગરાનંદો સમાજમાં ! છે. અને મુનિ સમાજના ઉંડા મૂળનું ઉન્મૂલન કરે છે સાગરાનંદના આ અધર્મિ અને ધર્મદ્રોહી પગલાં તરફ ર સામે લાલબત્તિ ધરવાની વિશુધ્ધ ફરજ છે તે મેં બજાવી, સમાજ પોતાની ફરજ વિચારે અને યોગ્ય કરે.

## : : લવાજમ :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, લાશા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવીસ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.